શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠાનો નવીન સંકલ્પ

# શૈક્ષણિક કારકિર્દી ઘડતર કાર્યક્રમ

## Educational Career Buildup Programme (ECBP)

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા છેલ્લા ૩૦ વર્ષથી સમાજના સર્વાંગી વિકાસ માટે સમયાંતરે વિવિધ કાર્યક્રમો લઈ આપની સમક્ષ આવતું રહ્યું છે જે પૈકી ચાલુ વર્ષથી સમાજના આર્થિક રીતે નબળા વર્ગના બાળકોના શૈક્ષણિક વિકાસ માટે આર્થિક રીતે સહાય પૂરી પાડવાના હેતુથી નામદાર બાવા સાહેબના શુભાશિષ અને માર્ગદર્શન મુજબ **'શૈક્ષણિક કારકિર્દી ઘડતર કાર્યક્રમ'** (ECBP)ની શરૂઆત કરવામાં આવેલ છે અને પ્રારંભિક તબક્કામાં જ સમાજના મોમિન ભાઈ-બહેનો તરફથી ઉષ્માભર્યો આવકાર સાંપડી રહેલ છે.

**ECBP શું છે ? શા માટે ?**

આપ સુવિદિત છો કે સમાજના સર્વાંગી વિકાસ માટે ઉચ્ચ શિક્ષણ અનિવાર્ય છે અને સાથે સાથે આજનું શિક્ષણ ખૂબ મોઘું પણ બન્યું છે. એ હકીકતને ધ્યાનમાં લેતાં આર્થિક રીતે નબળા વર્ગના બાળકોને ઉચ્ચ શિક્ષણ મેળવવા આર્થિક સમસ્યાઓ નડે તે સ્વાભાવિક છે. જેથી આર્થિક સધ્ધરતાના અભાવે શૈક્ષણિક કારકિર્દીના ઘડતરથી વંચિત રહી જતા બાળકોને (ECBP) દ્વારા મદદરૂપ થઈ તેમના કૌશલ્યોને વિકસાવવામાં આડે આવતાં પરિબળો દૂર કરીને તેમની કારકિર્દીનું સુંદર ઘડતર કરવું આ કાર્યક્રમનો મુખ્ય આશય છે. જેથી સમાજની આર્થિક રીતે સધ્ધર વ્યક્તિઓ (ECBP)માં જોડાઈને ભાવિ પેઢીની કારકિર્દીના ઘડવૈયા બને અને પોતાનું યોગદાન આપી સાચા અર્થમાં વાલીપણું નિભાવે તે જરૂરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે (ECBP) હેઠળ સમાજના આર્થિક રીતે નબળા વર્ગના બાળકોને શિક્ષણ માટે દત્તક લઈને અથવા શિષ્યવૃત્તિ આપીને સહાય કરવાનું નક્કી કરવામાં આવ્યું છે અને આ કાર્યક્રમ હેઠળ આપ મંડળ દ્વારા અથવા તો આપ વ્યક્તિગત રીતે પણ આર્થિક રીતે નબળા બાળકોને શિક્ષણ અર્થે દત્તક લઈ અથવા આર્થિક સહાય કરીને (ECBP)ને સફળ કરવામાં સહભાગી થઈ શકો છો.

સદર કાર્યક્રમ હેઠળ આપ મરજીયાત પણે એકથી પાંચ વર્ષ માટે અથવા તો આજીવન સભ્ય બનીને કાર્યક્રમને વેગ આપવામાં મદદરૂપ થઈ શકો છો અને આજીવન સભ્ય એટલે કે દાતા પોતે હયાત હોય ત્યાં સુધી અથવા કાર્યક્રમ અમલમાં હોય ત્યાં સુધી કે પછી દાતાની આર્થિક સક્ષમતા હોય ત્યાં સુધી દર વર્ષે પોતે દર્શાવેલ રકમ આપીને સવાબના હકદાર બને.

**વર્ષ ૨૦૧૧-૧૨ માટે ECBPમાં જોડાયેલ દાતાઓ**

રૂા.૧૦,૦૦૦/- મો.તાહેરઅલી કાસમભાઈ દેધરોટીયા (કનાઈ) તરફથી
રૂા. ૫,૦૦૦/- મો.મહેદીઅલી નસીરભાઈ ખણુશિયા (કનાઈ) તરફથી
રૂા. ૫,૦૦૦/- મો.ગુલામઅલી હાસમભાઈ મસી (કિશોરગઢ) તરફથી
રૂા. ૩,૦૦૦/- મો. મર્હુમ ખાંનજીભાઈ મીરાંજીભાઈ દાવડા (કાટવાડ) તરફથી
રૂા. ૨૫૦૦/- મો.મર્હૂમ ગુલામભાઈ ખાંનજીભાઈ મસી (કનાઈ) તરફથી

રૂા. ૨,૦૦૦/- મો.ડૉ. ગુલામભાઈ દાઉદભાઈ પટેલ (કનાઈ) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.ઈસ્માઈલભાઈ ગનીભાઈ પટેલ (કનાઈ) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.ગુલામભાઈ સુલેમાનભાઈ દેધરોટીયા (કનાઈ) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.આશમભાઈ અમદાભાઈ પટેલ (કનાઈ-વડોદરા) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો.વલીભાઈ અમદાભાઈ પટેલ (કનાઈ) તરફથી
રૂા. ૧,૫૦૦/- મો.ગુલામહુસૈન અમદાભાઈ ખણુશિયા (મસી) (કાટવાડ) તરફથી
રૂા. ૧,૧૪૩/- મો. મર્હૂમ કુલસુમબેન ગુલામઅબ્બાસ સલેમાની રૂહના સવાબ અર્થે (હરીપુરા)તરફથી
રૂા. ૧,૦૦૦/- મો. મહંમદઅલી વજીરભાઈ ખણુશિયા (સુરપુર) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.બંદએ ખુદા (કનાઈ) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો. અબ્દુલભાઈ વલીભાઈ ડોડીયા (કાટવાડ) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો. મર્હુમ શરીફભાઈ ઈબ્રાહીમભાઈ દાવડા (કાટવાડ) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.હસનભાઈ મીરાંજીભાઈ વિજાપુરા (કાટવાડ) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.મર્હુમ અમ્મારહૈદર શરીફભાઈ દાવડા (કાટવાડ) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.મર્હુમ ઈમ્તિયાઝઅલી અમ્મારહૈદર દાવડા(કાટવાડ) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.શરીફભાઈ અમદાભાઈ મસી (કાટવાડ) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો. ફકીરમહંમદ નુરભાઈ ડોડીયા (કાટવાડ) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો. ઈસ્માઈલભાઈ શરીફભાઈ દાવડા (કાટવાડ) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો. અસ્કરઅલી અબ્દુલભાઈ દાવડા (કાટવાડ) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.શબ્બીરઅલી હાસમભાઈ પટેલ (કનાઈ) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો. મર્હુમ હબીબભાઈ દાઉદભાઈ રાજપુરા (કનાઈ) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો. ઈસ્માઈભાઈ શરીફભાઈ દેધરોટીયા (કનાઈ) તરફથી
રૂા. ૧,૦૦૦/- ભરતસિંહ મોહનસિંહ ચૌહાણ (ગાંધીનગર) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો. અબ્બાસઅલી વલીભાઈ પટેલ (કનાઈ) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.કાસમભાઈ શરીફભાઈ દેધરોટીયા (કનાઈ) તરફથી
રૂા.૫૦૦/- મો.શરીફભાઈ અમદાભાઈ પટેલ (કનાઈ) તરફથી
રૂા. ૫૦૦/- મો.સખાવતઅલી અલીભાઈ ખણુશિયા (કાટવાડ) તરફથી
રૂા. ૫૦૦/- મો.તાલીબઅલી અમદાભાઈ મસી (કાટવાડ) તરફથી
રૂા. ૫૦૦/- મો.ઈમદાદઅલી અલીભાઈ ખણુશિયા તરફથી મર્હૂમ અલીભાઈ દાઉદભાઈ ખણુશિયાની રૂહના સવાબ અર્થે (કાટવાડ) તરફથી
રૂા. ૫૦૦/- મો. અબ્બાસઅલી ગુલામભાઈ જીવા મસી (કનાઈ) તરફથી

**ત્રણ વર્ષ માટે ECBPમાં જોડાયેલ દાતાઓ**

રૂા. ૨,૦૦૦/- મો.નુરઅલી શરીફભાઈ મસી (કનાઈ) તરફથી

## પાંચ વર્ષ માટે ECBPમાં જોડાયેલ દાતાઓ

રૂા. ૨,૦૦૦/- મો.શબ્બીરઅલી ઈબ્રાહિમભાઈ ખણુશીયા (કાટવાડ) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.મહંમદઅલી શરીફભાઈ ડોડીયા (કનાઈ) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.ખાદીમહુસૈન ગુલામહુસૈન કોવડીયા (કનાઈ) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.અકબરઅલી મહંમદઅલી દેધરોટીયા (કનાઈ) તરફથી

## ECBPમાં જોડાયેલ આજીવન દાતાઓ


રૂા. ૫,૦૦૦/- મો.ઈસ્માઈલભાઈ વલીભાઈ રાજપુરા (કનાઈ) તરફથી
રૂા. ૩,૦૦૦/- મો.શબ્બીરહસન યાકુબભાઈ કોવડીયા (કનાઈ) તરફથી
રૂા. ૩,૦૦૦/- મો. આબિદઅલી ગુલામઅબ્બાસ કોવડીયા (કનાઈ) તરફથી
રૂા. ૨,૪૨૯/- મો.ડૉ. સલમાનઅલી નસીરભાઈ પટેલ (કનાઈ) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો. ઈસ્માઈલભાઈ ફતેભાઈ મસી (કનાઈ) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો. દાઉદભાઈ ગનીભાઈ પટેલ (કનાઈ) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો. ડૉ. અબ્બાસઅલી વલીભાઈ રાજપુરા (કનાઈ) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો. ડૉ. કમ્મરઅલી ખાંનજીભાઈ દેધરોટીયા (કનાઈ) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો. વજીરઅલી શરીફભાઈ મસી (કનાઈ) તરફથી
રૂા. ૨,૦૦૦/- મો. યુસુફભાઈ નસીરભાઈ પટેલ (કનાઈ) તરફથી
રૂા. ૧,૫૦૦/- મો. હાફીઝઅલી દાઉદભાઈ રાજપુરા (કનાઈ) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો. ડૉ. મીકદાદઅલી નસીરભાઈ પટેલ (કનાઈ) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.નુરભાઈ અમદાભાઈ પટેલ (કનાઈ) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો. મહંમદઅલી ઈસ્માઈલભાઈ પટેલ (કનાઈ) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો. હાસમભાઈ ગનીભાઈ પટેલ (કનાઈ) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો.અબ્બાસઅલી શરીફભાઈ પટેલ (કનાઈ) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો. આબિદઅલી નુરભાઈ પટેલ (કનાઈ) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો. ગુલામમહંમદ હાસમભાઈ ખણુશીયા (કનાઈ) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો. મહંમદઅલી અમદાભાઈ મસી (કનાઈ) તરફથી
રૂા. ૧,૦૦૦/- મો. અબ્બાસઅલી વલીભાઈ ખણુશીયા (કનાઈ) તરફથી
રૂા. ૫૦૦/- મો. મતલુબઅલી અબ્દુલભાઈ દાવડા (કાટવાડ) તરફથી

**શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા દાતાઓના તથા તેમના મર્હૂમોના હકમાં દુઆ ગુજારે છે.**

**વધુ માહિતી અને ડોનેશન આપવા માટેનો સંપર્ક**

**મો.મીકદાદઅલી ઈસ્માઈલભાઈ ગોદડ ૯૪૨૬૩૮૦૬૫૩**
**મો.ગુલામમહંમદ એસ. વિજાપુરા(માસ્ટર) મો.૯૪૨૭૬૯૧૧૦૧**

**સરપરસ્ત**



પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.) અને હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)



અખિલ ગુજરાત શીઆહ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

# જાફરી આવાઝ

વર્ષ : ૩૧ ❖ અંક : ૪ ❖ ૧૦, ડિસેમ્બર-૨૦૧૧

૧૪, મોહર્રમ, હિ.સન-૧૪૩૩ ❖ સળંગ અંક : ૩૬૪

**આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા**

**માનદ તંત્રી**

કાસમભાઈ વિજાપુરા (મોબા. : ૯૪૨૬૫ ૪૧૪૭૨)

સહતંત્રી : માસૂમ મહેરપુરી
મો.૯૬૮૭૬૭૯૫૧૩

વ્યવસ્થાપક : ઈબ્રાહીમ ડી. વાઘ
✆ ૨૨૭૨૯૬ મો.૯૪૨૮૬૪૬૪૭૬

સહ વ્યવ. : અકબરઅલી એ. મસી
મો.૯૮૨૫૪૯૭૧૭૮, ૯૪૨૯૩૭૦૮૫૨
હનીફભાઈ વી. મતિયા

મશાયખ કમ્પ્યૂટર : જાફરી આવાઝ ૯૯૨૫૭૩૦૧૦૭

**સલાહ અને માર્ગદર્શન**

મોલ્વી હાસમભાઈ વલીભાઈ ગાંધી(સિધ્ધપુર)

**મુખપૃષ્ઠ સજાવટ**

શબ્બીરઅલી ગુલામમહંમદ રેવાસીયા(જેઠીપુરા)

**કાર્યાલયનું સરનામુ**

'જાફરી આવાઝ'(માસિક)
મુ.પો. ઈલોલ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન-૩૮૩ ૨૨૦. ફોન : ૦૨૭૭૨-૨૨૭૨૯૬

Website : www.jafariaawaz.com
Email : jafariaawaz@gmail.com

વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-
પંચવર્ષિય લવાજમ રૂા.૨૮૦/-
(મોહર્રમ માસથી જ ગ્રાહક થવાય છે.)

SUBJECT TO HIMATNAGAR JURISDICTION

## લેખ સૂચિ


| | |
|---|---|
| ❈ ઊઘડતે પાને | ૦૧ |
| ❈ કુરઆન શિક્ષણ | ૦૫ |
| ❈ અહાદીસ | ૦૬ |
| ❈ સુપરમેન ઈન ઈસ્લામ : હ.ઈમામ જાફર સાદિક(અ.) | ૦૯ |
| ❈ ગડમથલ | ૧૨ |
| ❈ દુઆ : એક ચમત્કાર | ૧૩ |
| ❈ સબ્ર ઔર જબ્ર | ૨૩ |
| ❈ નહજુલ ઈસરાર | ૨૫ |
| ❈ મશાયખવાણી | ૨૯ |
| ❈ કુરઆને મજીદના સૂરાઓનો પરિચય | ૩૩ |
| ❈ હઝરત મોહંમદ મુસ્તફા(સ.)ના પત્રો | ૩૫ |
| ❈ સર્વશ્રેષ્ઠ સ્મરણ | ૩૯ |
| ❈ અલ ઈર્શાદ | ૪૧ |
| ❈ શેખ સાઅદીની શાયરીનો રસાસ્વાદ | ૪૫ |
| ❈ તૌહીદ | ૪૭ |
| ❈ જ્ઞાનગોષ્ઠિ | ૫૦ |
| ❈ આપણા ઘરની વાતો | ૫૬ |
| ❈ 'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન | ૫૯ |
| ❈ શૈક્ષણિક કારકિર્દી ઘડતર કાર્યક્રમ | ૬૨ |


## ઊઘડતે પાને...

મોહર્રમનો ચાંદ.

હા, મોહર્રમનો ચાંદ.

મોહર્રમનો આ ચાંદ ઉગતાંની સાથે જ ઈસ્લામી નવું વર્ષ બદલાય છે.

મોહર્રમનો ચાંદ ઉગતાંની સાથે જ માહે અઝા શરૂ થઈ જાય છે.

દરેક પ્રજામાં નવું વર્ષ આવે છે. નવા વર્ષનો પ્રથમ દિવસ આવે છે. એ લોકો નૂતન વર્ષના પ્રથમ

**કરબલામાં એ રીતે ઉપવન ખિલાવે છે હુસૈન,**
**બંધ છે જો પાણી, તો લોહી વહાવે છે હુસૈન.**

દિવસને ખુશીના અને આનંદના દિવસ તરીકે ઉજવાતા હોય છે.

પરંતુ... હાય !

મુસલમાનો માટે, ખાસ કરીને એહલેબયતના ચાહકો માટે ઈસ્લામી નવા વર્ષનો પહેલો દિવસ શોકનો દિવસ છે.

ગમ કરવાનો દિવસ છે.

આંસુ સારવાનો દિવસ છે.

એટલા માટે કે...

આ એ જ મહિનો છે કે જેમાં અલ્લાહના પ્યારા નબીના નવાસા, ફાતહે કરબોબલા, પયગમ્બરે સબ્રો રઝા, શાહઝાદાએ ગુલગૂં કબા, શહીદોના સરદાર હઝરત ઈમામ હુસૈન(અ.) અને તેમના વફાદાર સાથીઓને કરબલાની ધગધગતી રેતી ઉપર શહીદ કરવામાં આવ્યા હતા.

પશ્ચિમના આકાશમાં મોહર્રમનો ચાંદ નજરે પડતાંની સાથે જ એહલેબયતના ચાહકોના દિલોમાં ગમ અને રંજ, દર્દ અને દુઃખનું તોફાન ઉમટી પડે છે. દરેક ઘરમાં શોકનું વાતારવણ છવાઈ જાય છે. કાળાં કપડાં પહેરાય છે. બધાના દિલોમાં શહાદતના પ્રસંગો તાજા થઈ જાય છે. હૈયાં વલોવાઈ જાય છે. **'હુસૈન, હુસૈન'**ના નાઅરાઓથી પર્યાવરણ હુસૈની બની જાય છે. ગમની મજલિસો યોજાય છે, માતમ થાય છે. નાનાથી માંડીને મોટા બધા જ લોકો દુન્યવી બાબતોને ભૂલી જઈને હુસૈની ગમમાં ડૂબી જાય છે.

એહલેબયત(અ.)ના ચાહકો મોહર્રમના ચાંદનો સત્કાર આ રીતે કરે છે કેમકે મોહર્રમનો ચાંદ દર વર્ષે એક નવો જ સંદેશો લઈને આવે છે.

અય મોહર્રમના ચાંદ ! તારી સાથે કરબલાના કર્મવીરોની કેટ કેટલી કથાઓ સંકળાયેલી છે, કરબલાના શહીદોની કેટ કેટલી યાદો વણાયેલી છે! અય મોહર્રમના ચાંદ ! તારા આગમનની સાથે જ હુસૈની સવારી આવી પહોંચે છે.

કરબલાનો પ્રસંગ બન્યે ચૌદસો વર્ષ થયાં. આ ચૌદસો વર્ષોમાં ઈતિહાસમાં ઘણા બધા પ્રસંગો બની ગયા છે અને ભૂલાઈ પણ ગયા છે. પરંતુ કરબલાનો બનાવ તો એવો છે કે તેને ભૂલવા મથો તો પણ ભૂલાય તેવો નથી કારણ કે કરબલાની કથા તો શહીદોના પવિત્ર ખૂનથી લખાયેલી છે. આ કથા એવી દર્દનાક છે કે જેના ઉપર દિવસોનાં, મહિનાઓનાં, વર્ષોનાં કે સદીઓનાં પડ બાઝી શકે તેમ નથી. અલ્લામા ઈકબાલના શબ્દોમાં કહીએ તો -

**હકીકતે અબદી હૈ મકામે શબ્બીરી.**

હઝરતે શબ્બીર(અ.)નું મકામ તો કાયમી અને દાયમી હકીકત છે. તે નાશ પામવાવાળી બાબત નથી પરંતુ કયામત સુધી રહેવાવાળી બાબત છે.

દર વર્ષે મોહર્રમના મહિનામાં શહીદે કરબલાનું ખૂન દરેક મોમિનની આંખમાંથી આંસુ બનીને ટપકે છે. દર વર્ષે મોહર્રમના મહિનામાં કરબલાનો બનાવ સજીવન થાય છે - ફરીથી જીવતો થાય છે અને ઈમામ હુસૈન(અ.)એ ઈસ્લામ ખાતર કુરબાની આપેલી હોવાથી કરબલાના બનાવની સાથે દર વર્ષે ઈસ્લામ પણ જીવતો થાય છે. તેથી જ તો એક શાયરે ખૂબ જ સુંદર શેઅર કહ્યો છે -

**કત્લે હુસૈન અસ્લમેં મર્ગે યઝીદ હૈ,**
**ઈસ્લામ ઝિંદા હોતા હૈ હર કરબલાકે બાઅદ.**

ઈમામ હુસૈન(અ.)નું કતલ થવું એ વાસ્તવમાં તો યઝીદનો મૃત્યુઘંટ છે. દર વર્ષે કરબલાની

**આ સિતમની હદ જુઓ - ઘેરે છે લશ્કર લાખનું,**
**સાથીઓ બોંતેર લઈને જ્યારે આવે છે હુસૈન.**

**મોકલે છે ભાઈને મેદાન બદલે નહેર પર,**
**એવી રીતે દુશ્મનોને પણ બચાવે છે હુસૈન.**

કથાઓનું પુનરાવર્તન થવાથી ઈસ્લામ જીવતો થાય છે.

નબીએ આખેરૂઝઝમાન(અ.)ના પરિવાર-જનો, એમના ઘરવાળાઓ એવા પાક આત્માઓ છે, એવા અલ્લાહના પસંદગીપાત્ર બંદાઓ છે કે જેમણે અલ્લાહની મરજી અને જન્નત ખરીદી લીધી છે પરંતુ ઉમ્મતે એવા બંદાઓની શું કદર કરી કે જેમણે જન્નત ખરીદી લઈને દુનિયાને તલ્લાક આપી દીધી હતી? દુનિયાને ચાહનારા લોકો આવા પવિત્ર બંદાઓને પોતાની બાદશાહી માટે ખતરો સમજી રહ્યા હતા અને તેથી જ તો માર્ગમાંથી તેમનો કાંટો દૂર કરવા માટે રાત ને દિવસ વિવિધ પ્રકારની યોજનાઓ અને કાવતરાં ઘડી રહ્યા હતા.

કેવો મહાન મરતબો હતો ઈમામ હુસૈન(અ.)નો એ તો જરા જુઓ.

મદીનામાં હુસૈન(અ.)ના ઝુલાની દોરીઓ ખુદ જિબ્રઈલે અમીન(અ.) ખેંચતા હતા. ઈમામ હુસૈન(અ.)ને આવતા જોતાની સાથે જ નબીઓના સરદાર(સ.) તેમને પોતાની ગોદમાં ઉઠાવી લેવા માટે મિમ્બર ઉપરથી નીચે આવી જતા હતા. ક્યારેક લોકો તેમને પયગમ્બર(સ.)ની પીઠ ઉપર બેઠેલા જોતા હતા તો કોઈક વાર મોહંમદ(સ.)ના ખભા ઉપર સવાર થયેલા જોતા. હઝરત રસૂલે ખુદા(સ.) ઈમામ હુસૈન(અ.) માટે વારંવાર આ મુજબ ઈર્શાદ પણ ફરમાવતા :

**હુસૈનુમ મિન્ની વ અના મેનલ હુસૈન.**

હુસૈન(અ.) મારાથી છે અને હું હુસૈન(અ.)થી છું. તેની ખુશી મારી ખુશી છે, તેની પરેશાની મારી પરેશાની છે. હુસૈન(અ.)ના માટે પોતાની માતાની મમતાભરી ગોદ હંમેશાં વાટ જોઈ રહેતી હતી અને પિતાની પ્રેમસભર નજર પણ આપનો સત્કાર કરતી હતી.

પરંતુ... આજે આવા મરતબાવાળા હુસૈન(અ.) મદીનામાં પરેશાનીની હાલતમાં નજરે પડે છે. મોહંમદ(સ.)ના ખભા ઉપર બેસવાવાળા હુસૈન(અ.)ને ચારેય બાજુએથી ધમકીઓ મળી રહી છે. હુસૈન(અ.) આખીને આખી રાતો વિલાપમાં પસાર કરી રહ્યા છે. હંમેશાં ગુલાબના ફૂલની માફક પુલકિત રહેતો હુસૈન(અ.)નો ચહેરો આજે કરમાયેલો નજરે પડે છે.

અડધી રાત પસાર થઈ ચૂકી છે.

હુસૈન(અ.) જેવા મહાન ઈબાદતગુઝાર તહજ્જુદના મુસલ્લા ઉપર બેઠેલા છે. આપ અલ્લાહની બારગાહમાં મુનાજાત કરી રહ્યા છે,

'અય મારા આકા અને મૌલા ! તારો આ ગુલામ તારી બારગાહમાં હાજર છે. બારે ઈલાહા! હું તારા પ્યારા નબી(સ.)નો નવાસો છું, તારી કનીઝે ખાસના કાળજાનો ટુકડો છું. તારા વલીએ કાએનાત(અ.)નો નૂરેનઝર છું. મારી ઈજ્જતનો રક્ષણહાર એક માત્ર તું જ છે.

અય મારા માલિક ! મારી આ દાઢી લોહીથી રંગીન બની શકે તેમ છે પરંતુ કુફ્રની અને શિર્કની બયઅત કરવી મારા માટે હરામ છે. હું ભલે જાતે નાશ પામી જઈશ પરંતુ દીને ઈસ્લામને જીવંત બનાવી દઈશ. હું તારા રસૂલ(સ.)ની શરીઅતને બદલવા નહીં દઉં. મારા ખાલિક ! આજે ઈસ્લામ નિરાધાર બની ગયો છે. તું મારી મદદ કર કેમકે આ હુસૈન પોતાનો જીવ અને માલ તારા દરબારમાં વેચી ચૂક્યો છે. મને મસ્તક કપાઈ જવાની પરવા નથી પરંતુ મારું કાળજું એ બાબતથી કપાઈ જાય છે કે જેમણે હજુ મદીનાની પૂરેપૂરી ગલીઓ પણ જોઈ નથી, જેઓ પોતાના બાપ-દાદાઓથી શરમાતી હોય

**જિંદગીને જીતવામાં છે જવાનીની જરૂર,**
**મોત માટે એમ અકબરને સજાવે છે હુસૈન.**

**એ બતાવે છે કે એને જંગમાં લડવું નથી,**
**જંગમાં બાળક અલી અસગરને લાવે છે હુસૈન.**

છે તે બીબીઓ શામના બજારોમાં કેવી રીતે જશે? શરાબીઓના દરબારમાં કેવી રીતે ઊભી રહેશે?

અય મારા ખાલિક ! તે બીબીઓ પવિત્રતા અને પાક દામનીથી સુરક્ષિત છે. તેમની માન-મર્યાદા તું પોતે જાણે છે.'

મુસલ્લા ઉપર બેઠાં બેઠાં આ રીતે મુનાજાત કરતાં કરતાં ઈમામ હુસૈન(અ.)ની દાઢી આંસુઓથી ભીંજાઈ ગઈ. આંખો બંધ છે. કાળજામાંથી આહ નીકળી રહી છે. અચાનક એક પ્રેમાળ અવાજ કાને અથડાય છે. આ એ અવાજ હતો કે જેને સાંભળીને હુસૈન(અ.)ને સદાય શાંતિ મળતી હતી, જેના ઉપર બતૂલનો ફરઝંદ હજારો જાન કુરબાન કરવા તત્પર હતો.

કોનો છે આ અવાજ ?

ઝયનબ બિન્તે અલી(અ.)નો અવાજ.

માજાયી ઝયનબનો અવાજ.

ખૂબ જ પરિચિત અવાજ સંભળાયો,

'ભૈયા હુસૈન ! મારા માજાયા હુસૈન ! મારા નાનાની આખરી નિશાની હુસૈન ! મારી માતાની યાદગાર હુસૈન ! કેટલાક દિવસોથી હું જોઈ રહી છું કે આપના આ નૂરાની ચહેરા ઉપર પરેશાનીની નિશાનીઓ દેખાય છે. અય હુસૈન ! જો આજે આપણા નાના જીવતા હોત, બાબા મોજૂદ હોત, સદાકાળ સંભાળ લેનારી માતા હાજર હોત તો તેઓ તમને પરેશાનીનું કારણ ન પૂછત ? શું તેઓ તમને આવી દુ:ખી હાલતમાં જોઈ શકત ખરાં ? ભૈયા ! આજે આ બહેનને માતાની જગ્યાએ સમજીને પોતાનું દુ:ખ બતાવી દો નહિતર મારું કાળજું ફાટી જશે.'

સૈયદા ઝયનબ(અ.)ના પ્રેમથી ભરેલા દિલાસાથી ઈમામ(અ.)ના જખમોને રાહત મળી. રોકી રાખેલું તોફાન ઉમટી પડ્યું. સબ્રના દરિયાએ પોતાની મર્યાદા ઓળંગી દીધી. ઈમામ(અ.)એ ફરમાવ્યું,

'બેન ઝયનબ ! મોઆવિયાનું મૃત્યુ થયું છે. યઝીદ તખ્ત ઉપર બેસી ગયો છે અને તારા ભાઈની પાસે બયઅતની માગણી કરે છે. જો બયઅત કરી લઉં છું તો નાનાની શરીઅત રહેતી નથી. જો બયઅતનો ઈન્કાર કરું છું તો તારી ઈજ્જત બચતી નથી. અય ઝયનબ ! મારો બયઅતનો ઈન્કાર તારા માટે શામનું બજાર છે.'

શરીકતુલ હુસૈન જનાબે ઝયનબ(અ.)ની નસોમાં પણ એ જ હૈદરી ખૂન વહી રહ્યું હતું. તેમણે જવાબ આપ્યો,

'ભૈયા હુસૈન ! તમે એ દુરાચારી અને દુષ્ટાચારી યઝીદની બયઅત કરતા નહીં. નાનાની શરીઅતનો નાશ ન થવા દેતા. જે જગ્યાએ તમે તમારું સર આપશો એ જગ્યાએ હું મારી ચાદર પણ આપી દઈશ. તમારું સર ભાલાની અણી ઉપર હશે તો હું બેકજાવા ઊંટ પર સવાર હોઈશ. અય હુસૈન ! મને કતલ અને કેદ બન્ને મંજૂર છે પરંતુ ફાસિકની બયઅત મંજૂર નથી.'

કરબલાના એ મહાન શહીદને અમારા સલામ!

કરબલાની એ મહાન ખાતૂનને અમારા સલામ!

**મકતલમેં સરકો દેકે શહીદોંને જો કિયા,**
**કુછ ઈસસે બળ્હકે કામ અસીરોંને કર દિયા.**

*



**નન્હે રોઝેદાર**

કાસમઅલી મંજુરઅલી રાબડી
માતા : નજમાબેન (બાદરપુર-આણંદ)
ઉ.વર્ષ : ૭ રોઝા : ૭

**ત્રણ દિવસની પ્યાસ છે ને તે ડગતા નથી,**
**એ રીતે સચ્ચાઈનું પાણી બતાવે છે હુસૈન.**

**જે ધરમ છે તે અમસ્થો ફૂલતો ફળતો નથી,**
**કેટલી કુરબાનીઓનાં બીજ વાવે છે હુસૈન.**

# કુરઆન શિક્ષણ

અઝ
**આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી(મદ્દે.)**

بسم الله الرحمن الرحيم

## નબીઓ અને ઈમામો વિષેની આયતો

✻ (પછી (હે રસૂલ !) અલ્લાહની રહેમતના કારણે તેં તેમની સાથે નમ્ર વર્તન ચલાવ્યું, પણ જો તું તુંડમિઝાજ અને સખત દિલનો હોત તો તેઓ તારી પાસેથી (ક્યારના ય) વિખરાઈ ગયા હોત જેથી હજી પણ તું તેમના(ઓહદની લડાઈમાંથી નાસી જવાના અપરાધ)થી દરગુજર કર અને તેમના માટે ક્ષમાની યાચના કર તથા તેમની સાથે (પહેલાંની જેમ) મામલાઓમાં સલાહ કર્યા કર અને (સલાહ કર્યા પછી) જ્યારે કોઈ વાતનો દ્રઢ નિશ્ચય તું કરી લે તો બેશક અલ્લાહ પર ભરોસો રાખીને તેમ કર; નિઃસંશય અલ્લાહ ભરોસો રાખનારાઓને દોસ્ત રાખે છે.

**(પારો-૪, સૂરએ આલે ઈમરાન, આયત-૧૫૯)**

✻ વળી અલ્લાહ એવો પણ નથી કે તમો (સર્વે)ને ગેબની વાતોથી વાકેફ કરે પણ (અલબત્ત) અલ્લાહ પોતાના રસૂલમાંથી જેને ચાહે તેને ચૂંટી કાઢે છે.

**(પારો-૪, સૂરએ આલે ઈમરાન, આયત-૧૭૮)**

✻ બેશક અમોએ ઈબ્રાહીમની ઓલાદને કિતાબ અને મહાન બુધ્ધિ અર્પણ કરી હતી તથા તેમને ઘણી મોટી સલ્તનત આપી હતી.

**(પારો-૫, સૂરએ નિસા, આયત-૫૪)**

✻ હે ઈમાન લાવનારાઓ ! અલ્લાહની આજ્ઞા માનો તથા તેના રસૂલની આજ્ઞા માનો અને તમારામાંના સત્તાધિકારીઓની પણ; પછી જો કોઈ બાબતમાં તમારી વચ્ચે કોઈ ઝઘડો પડે તો તેને અલ્લાહ તથા રસૂલની તરફ રજૂ કરો અગર તમે અલ્લાહ તથા કયામતના દિવસ પર ઈમાન ધરાવતા હો; (ન્યાય માટેની) તે બેહતર (પધ્ધતિ) છે અને પરિણામની દૃષ્ટિએ પણ ઉત્તમ છે.

**(પારો-૫, સૂરએ નિસા, આયત-૫૯)**

✻ અને જ્યારે તેમને નિર્ભયતા અગર ભયની કોઈ વાત માલમ પડી જાય છે તો તે સર્વત્ર ફેલાવી દે છે; પણ જો તેઓ તે(વાત)ને પોતાના રસૂલ અને તેઓ માંહેના સત્તાધારીઓ સામે રજૂ કરી દેત તો તેમનામાંથી જેઓ વાતના ઊંડાણમાં પહોંચી જનારાઓ છે તેઓ તે(ની વસ્તુસ્થિતિ) પારખી કાઢત, અને જો તમારા પર અલ્લાહની કૃપા તથા દયા ન હોત તો તમે ઘણા થોડાક સિવાય સઘળા જ શેતાનના અનુયાયીઓ બની ગયા હોત.

**(પારો-૫, સૂરએ નિસા, આયત-૮૩)**

**ઈસ્લામી કવીઝ નં. ૨૧૩ના જવાબો**

(૧) શો'બે અબુતાલિબ (૨) એક માછલીના પેટમાં (૩) જિસ્માની મેઅરાજ (૪) કુરબાન કરી દેશે (૫) કબીલાઓના સરદારો પોતાના પ્રશ્નોની ચર્ચા કરી શકે તે માટે

**જાફરી આવાઝનું કુરિઅર સરનામુ**

મશાયખ કમ્પ્યૂટર, જાફરી આવાઝ(માસિક)
આરઝૂ કોમ્પલેક્ષ, બીજે માળે, એલ.આઈ.સી. ઓફિસની બાજુમાં, ન્યાય મંદિર, હિંમતનગર.
મો.૯૯૨૫૭૩૦૧૦૭

**ઝાલિમોએ એમના ખેમા જે સળગાવી દીધા,**
**વિશ્વ માટે દીપ જેમાંથી જલાવે છે હુસૈન.**

**રાખવું છે એને તો અલ્લાહના ઘરને સભર,**
**એટલે નિજના ભર્યા ઘરને લૂંટાવે છે હુસૈન.**



# અહાદીસ

અનુવાદક : જનાબ સૈયદ ઓવેસઅેહમદ ઝેડ. જાફરી

કિતાબ
**ઈર્શાદાતે રસૂલ(સ.)**

## 3 અલ્લાહની યાદ અને તેનો ઝિકર

**‘આથી તમે મારી યાદ કરતા રહો તો હું પણ તમારો ઝિકર કરતો રહીશ.’**

(સૂરએ બકરહ, આયત-૧૫૧)

(૩૦) ‘એવું દરેક મહત્વનું કાર્ય કે જેને શરૂ કરતી વખતે અલ્લાહનું નામ લેવામાં ન આવ્યું હોય તે કાર્ય અપૂર્ણ અને ખામીવાળુ રહી જાય છે.

*(વસાએલુશ શીઆહ, કિતાબુલ સલ્વા)*

(૩૧) ‘જ્યારે લોકોનો કોઈ સમૂહ ભેગો થાય પરંતુ તેઓ તેમના આ મેળાવડામાં અલ્લાહનું નામ ન લે અને રસૂલ(સ.) ઉપર દુરૂદ ન મોકલે તો આ મજલિસ તેમના માટે નિરાશાજનક અને સંકટમય બની જશે.’

*(ઉસૂલે કાફી, જિલ્દ-૬)*

(૩૨) ‘અલ્લાહ તઆલા ફરમાવે છે : હે આદમની ઓલાદ ! સુબ્હ પછી કોઈ ચોક્કસ સમયે અને અસ્ર પછી કોઈ ચોક્કસ સમયે તું મને યાદ કર કે જેથી હું તારી જરૂરિયાતો પૂરી કરું.’

*(અમાલી સદૂક, મજલિસ-૫૨, હદીસ-૭)*

(૩૩) મૂસા ઈબ્ને ઈમરાને પોતાના હાથ ઊંચા કરીને અલ્લાહ આગળ દુઆ માગી, ‘અય મારા પાલનહાર ! શું તું મારાથી (એટલો બધો) દૂર છે કે હું તને મોટા સાદે પોકારું? અથવા તું નજીક છે કે જેથી હું તને ધીમા સાથે પોકારું ?’

અલ્લાહ તઆલા તરફથી વહી આવી, ‘હે મૂસા ! હું હંમેશાં મને યાદ કરનારની નજીક જ હોઉં છું.’

*(સહીફતુ રિઁઝા, હદીસ-૩૧)*

(૩૪) ‘અલ્લાહની દૃષ્ટિમાં તમારામાંથી સૌથી વધારે પ્રિય વ્યક્તિ એ છે કે જે તેનો વધારે પ્રમાણમાં ઝિકર કરે છે.’

*(બિહારૂલ અન્વાર, જિલ્દ-૭૭, સફા-૮૬)*

(૩૫) ‘જે કોઈને અલ્લાહનો ઝિકર કરનારી જીભ આપવામાં આવી હોય તેને દુનિયા અને આખેરતની ભલાઈ આપવામાં આવી છે.’

*(ઉસૂલે કાફી, જિલ્દ-૬, બાબ ઝિકુલ્લાહ)*

(૩૬) ‘જે વ્યક્તિ અલ્લાહનો ઝિકર વધારે પ્રમાણમાં કરે છે તેને અલ્લાહ દોસ્ત રાખે છે અને તેના માટે બે મુક્તિપત્રો લખવામાં આવે છે; એક તો આગના અઝાબથી મુક્ત હોવાનો પરવાનો અને બીજો નિફાક (દ્વેષભાવ)થી મુક્તિનો પરવાનો...’

*(ઉસૂલે કાફી, જિલ્દ-૬, બાબ ઝિકુલ્લાહ)*

(૩૭) ‘જન્નતના બાગો તરફ જવા ઝડપ કરો.
પૂછવામાં આવ્યું,
આ જન્નતના બાગ શું છે ?
જવાબમાં ફરમાવ્યું,
અલ્લાહનો ઝિકર અને ઝિકરની મજલિસો.’

*(અમાલી સદૂક, મજલિસ-૫૮, હદીસ-૨)*

**જંગમાં ‘બેફામ’ એ સૌનાં હૃદય જીતી ગયાં,
આંસુ આવી જાય છે જ્યાં યાદ આવે છે હુસૈન.**

**ધ્યાન રાખે છે હજી પણ શાહનું રોઝા મહીં,
આ પરાકાષ્ટા તો અબ્બાસી વફાની જોઈ લો.**

(૩૮) ‘જન્નતવાળા કદી પણ જહન્નમમાં તેમના દુન્યવી કોઈ કામ પર અફસોસ નહીં કરે સિવાય એ ક્ષણોના કે જેમાં તેમણે અલ્લાહનો ઝિકર ન કર્યો હોય.’

*(ઈર્શાદુલ કુલૂબ દયલમી, સફા-૭૮)*

(૩૯) ‘બેદરકાર(ગાફેલ) લોકોની વચ્ચે અલ્લાહનો ઝિકર કરનારો જંગનું મેદાન છોડીને નાસી જનારો લોકો વચ્ચે મક્કમતાપૂર્વક જંગ કરનારા જેવો છે.’

*(બિહારૂલ અન્વાર, જિલ્દ-૭૭, સફા-૮૬)*

(૪૦) ‘મારી ઉમ્મતના લોકો ત્રણ સમૂહોમાં વહેંચાયેલા છે. (૧) જે નબીઓ જેવા છે (૨) જે ફરિશ્તાઓ જેવા છે (૩) જે પશુઓ જેવા છે. નબીઓ જેવા એ લોકો છે કે જે સાહસ કરીને નમાઝ પઢે છે, રોઝા રાખે છે અને ઝકાત આપે છે. અને જે ફરિશ્તા જેવા છે તે લોકો સાહસ કરીને તસ્બીહ અને તકબીર ઉપર ધ્યાન આપે છે અને પશુ જેવા તે લોકો છે કે જેમની કોશિશો અને સાહસ માત્ર ખાવા-પીવા અને સૂવામાં જ ખર્ચાય છે.’

*(જામેઅ અલ અખ્બાર, સફા-૧૧૮)*

(૪૧) ‘તમારા ઉપર અલ્લાહનો ઝિકર કરવો આવશ્યક છે કે જે તમારા માટે શિફા (રોગ મુક્તિ) છે. ખબરદાર! લોકોની ચર્ચા કરવાનું છોડી દો કારણ કે તે તમારા માટે મંદવાડ (બીમારી) છે.’

*(મજમૂઆ વરામ, જિલ્દ-૧, સફા-૮)*

(૪૨) ‘જે વ્યક્તિ પોતાના ઘેરથી નીકળતાં **‘બિસ્મિલ્લાહ’** પઢશે તો બન્ને ફરિશ્તાઓ કહેશે, તારી હિદાયતની વ્યવસ્થા થઈ ચૂકી છે. જો તે વ્યક્તિ સાથે સાથે **‘લાહૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહ’** પણ કહે તો ફરિશ્તાઓ કહેશે, તને રક્ષણ મળ્યું. જો તે વ્યક્તિ તેની સાથે સાથે **‘તવક્કલ્તો અલલ્લાહ’** કહે તો બન્ને ફરિશ્તાઓ કહેશે, તારા માટે બરકત થઈ. આ જોઈને શેતાન કહે છે, હવે હું આવા બંદાનું શું બગાડી શકું કે જેને હિદાયત, રક્ષણ અને બરકત મળી હોય? (શેતાન નિરાશ થઈને લાચાર થઈ જાય છે.’)

*(અમાલી સદૂક, મજલિસ-૮૫, હદીસ-૧૭)*

(૪૩) ‘એવી દુઆ કદી રદ થતી નથી કે જેની શરૂઆતમાં **‘બિસ્મિલ્લાહ’** પઢવામાં આવે.’

*(મજમૂઆ વરામ, જિલ્દ-૧, સફા-૩૨)*

(૪૪) ‘જાણી લો કે તમારા હકીકી બાદશાહ (અલ્લાહ)ની નજરમાં તમારા શ્રેષ્ઠતમ, સૌથી પવિત્ર દરજ્જાની દૃષ્ટિએ ઉચ્ચતમ આ’માલ અને એ દરેક ચીજથી બેહતર કે જેના ઉપર સૂર્ય ઉગી જાય, તે અલ્લાહનો ઝિકર બજાવી લાવવો તે છે. એ ઝાતે પાકે પોતાના વિષે એવી ખબર આપી છે કે તેણે ફરમાવ્યું, હું એનો મોહસિન છું કે જે મારો ઝિકર બજાવી લાવે છે.’’

*(તરાએફુલ હકમ, જિલ્દ-૨, સફા-૮૧)*

(૪૫) ‘જ્યારે લોકોનું કોઈ જૂથ એક સાથે બેસીને અલ્લાહનો ઝિકર કરે છે તો આકાશમાંથી એક અવાજ આવે છે, ઊભા થઈ જાઓ, તમારા ગુનાઓને નેકીઓમાં બદલી નાખવામાં આવ્યા છે અને તમારા બધાની મગ્ફેરત કરવામાં આવી છે અને જ્યારે

**જગતને જ્યારે કરબલાના મુસાફર યાદ આવે છે,**
**તો એને ઘેરતું લાખોનું લશ્કર યાદ આવે છે.**

**કપાયા હાથ તો પણ હાથ ભાઈનો નથી છોડ્યો,**
**વફાને પણ એ અબ્બાસે દિલાવર યાદ આવે છે.**

લોકોનું જૂથ અલ્લાહના ઝિકર માટે બેસે છે તો તેમની સાથે ફરિશ્તાઓનું એક જૂથ પણ બેસી જાય છે.'

*(રૌઝતુલ વાએઝીન, સફા-૩૯૧)*

(૪૬) 'જે વ્યક્તિ **'સુબ્હાનલ્લાહ'** કહે છે તો અલ્લાહ તેના માટે જન્નતમાં એક વૃક્ષ વાવે છે અને જે **'અલ્હમ્દોલિલ્લાહ'** કહે છે તો તેના માટે પણ એક વૃક્ષ વાવે છે. જે **'લાઈલાહા ઈલ્લલ્લાહ'** કહે છે તો તેના માટે જન્નતમાં એક વૃક્ષ વાવે છે અને જે **'અલ્લાહુ અકબર'** કહે છે તો તેના માટે પણ જન્નતમાં એક વૃક્ષ વાવે છે. આ સાંભળીને કુરૈશમાંથી એક વ્યક્તિ ઊભી થઈ અને કહેવા લાગી, યા રસૂલિલ્લાહ ! આ પ્રમાણે તો જન્નતમાં અમારાં વૃક્ષો ઘણાં બધાં હશે. (અર્થાત અમે આ શબ્દો તો વધારે પ્રમાણમાં બોલીએ છીએ.) આ સાંભળીને રસૂલ(સ.)એ ફરમાવ્યું, હા, એવું જ છે પણ ખબરદાર! એવું ન થાય કે તમે તેમને બાળવા માટે આગ મોકલો કે જેથી તેમને બાળીને ભસ્મ કરી નાખે. આનો અર્થ અલ્લાહની આ આયત મુજબ છે :

**'હે ઈમાનવાળાઓ ! તમે અલ્લાહ અને તેના રસૂલ(સ.)ની ઈતાઅત કરો અને તમારા આ'માલને નષ્ટ ન કરી દો.'**

*(અમાલી સદૂક, મજલિસ-૮૮, હદીસ-૧૪)*

(૪૭) 'પુષ્કળ પ્રમાણમાં સજદા કરો કારણ કે સજદો ગુનાઓને એવી રીતે ખંખેરી નાખે છે જેવી રીતે પવન વૃક્ષનાં પાંદડાંને ખંખેરી નાખે છે.'

*(અમાલી સદૂક, મજલિસ-૭૫, હદીસ-૧૧)*

**હતાં જે ફૂલ સહેરાનાં થયાં એ ફૂલ તુરબતનાં,**
**વર્યા છે મોતને ફરઝંદે શબ્બર યાદ આવે છે.**

*તમારું દીની જ્ઞાન ચકાસો.*

## ? ઈસ્લામી કવીઝ નં. ૨૧૩

**(૧) કુરૈશના લોકોએ જ્યારે બની હાશિમનો બહિષ્કાર કર્યો તો હઝરત અબુતાલિબ(અ.) બધાને લઈને જે ખીણમાં રહેવા માટે ગયા તે ખીણને કયા નામથી ઓળખવામાં આવે છે ?**

(A) શો'બે અબુતાલિબ
(B) વાદીઉસ્સલામ (C) વાદીઉલ મુસ્તફા

**(૨) હઝરત યુનૂસ પયગમ્બર(અ.)ને અમુક સમય સુધી અલ્લાહે શામાં કેદ રાખ્યા હતા?**

(A) એક અંધારી કોટડીમાં
(B) એક માછલીના પેટમાં
(C) એક અંધારી ગુફામાં

**(૩) હઝરત રસૂલે ખુદા(સ.)ને અલ્લાહે અર્શ પર મેઅરાજ માટે બોલાવ્યા હતા. આ મેઅરાજ નીચેનામાંથી કયા પ્રકારની હતી?**

(A) રૂહાની મેઅરાજ (B) જિસ્માની મેઅરાજ
(C) ખ્વાબી મેઅરાજ

**(૪) અબ્દુલ મુત્તલિબે એવી નઝર માની હતી કે જો તેમને દસ પુત્રો પેદા થશે તો એક પુત્રને**

(A) કુરબાન કરી દેશે.
(B) કા'બામાં ખાદિમ બનાવી દેશે.
(C) વેપાર કરવા મોકલશે.

**(૫) હઝરત રસૂલે ખુદા(સ.)ના ચોથા પૂર્વજ કુસયે કા'બાની નજીક 'દારૂન્નદવા' નામનું મકાન શા માટે બનાવ્યું હતું ?**

(A) કબીલાઓના સરદારો પોતાના પ્રશ્નોની ચર્ચા કરી શકે તે માટે
(B) કબીલાઓના સરદારો હાજીઓની સગવડોની ચર્ચા કરી શકે તે માટે
(C) કબીલાઓના સરદારો લડાઈ અંગેની ચર્ચા કરી શકે તે માટે

**ઝુલાની બહાર નીકળીને ઝુલામાં આવવા બદલે,**
**સૂતા છે જે કબરમાં જઈ એ અસગર યાદ આવે છે.**

# Superman In Islam
# સુપરમેન ઈન ઈસ્લામ
## ❋ હઝરત ઈમામ જાફર સાદિક(અ.) ❋

**અનુવાદક : હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)**

### ઈમામ જાફર સાદિક(અ.)ની નજરમાં શક અને યકીન

(ગતાંકનું ચાલુ)

આ ફિલોસૉફીના આધારે સાયન્સ ફિક્શન લખનારા લેખકો પ્રતિપદાર્થ વિશે જે કંઈ લખે છે તે ખરેખર અસ્તિત્વ ધરાવે છે અને જો પ્રતિપદાર્થ આ દુનિયામાં ન પણ હોય તો કોઈ અન્ય જગ્યાએ હશે. ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્રના નિયમોના આ દૃષ્ટિકોણના આધારે પ્રતિપદાર્થની દુનિયા સાયન્સ ફિક્શનમાં વર્ણવવામાં આવે છે. જો પ્રતિપદાર્થની દુનિયા આપણી દુનિયામાં ન પણ હોય અને કોઈ અન્ય જગ્યાએ હોય તો જે કંઈ અમે સમજીએ છીએ તે એ છે કે તે દુનિયા એના કરતાં ઘણી મોટી છે કે જે અનુમાન ટેલિસ્કોપના આવિષ્કાર પહેલાં એટલે કે ત્રીસ વર્ષ પહેલાં લગાવવામાં આવતું હતું. એ વાતને સમર્થન આપવું પડશે કે હઝરત ઈમામ જાફર સાદિક(અ.)નું આ ફરમાન કે દુનિયામાં અવિચળ નિયમો લાગુ પડે છે, તે સાચું છે અને બે વિજ્ઞાનો એટલે કે ભૌતિકશાસ્ત્ર અને ખગોળશાસ્ત્ર બીજાં વિજ્ઞાનો કરતાં વધારે સારી રીતે આ વાતનું સમર્થન આપે છે.

બુધ્ધિ કહે છે કે જો દુનિયામાં અવિચળ નિયમો ન હોત અને તેના નિયમો ક્ષણે ક્ષણે બદલાતા રહેતા હોત તો દુનિયાનું અસ્તિત્વ ટકી જ ન શકત. વીસમી સદીના પહેલા દાયકાના ભૌતિકશાસ્ત્રીઓમાં એક ફ્રેન્ચ રાજકુમાર દુબ્રુઈ (Maurice de broglie) પણ છે. તેણે ભૌતિકશાસ્ત્રના ક્ષેત્રમાં એવાં મહાન કાર્યો કર્યાં છે કે વિજ્ઞાનિકો માટે તેનું નામ અજાણ્યું નથી.

તે એવો પહેલો માણસ છે કે જેણે આ વાત સાબિત કરી છે કે ઈલેક્ટ્રોન કિરણનો ભાગ છે અને ભૌતિકશાસ્ત્રમાં તેને ઈ.સ. ૧૯૨૯માં નોબેલ પુરસ્કાર મળ્યો હતો. રાજકુમાર દુબ્રુઈ ફિલોસૉફર ન હતો કે જે પોતાની કલ્પનાના આધારે કોઈ વાત કહી શકત. તે એક ભૌતિકશાસ્ત્રી હતો અને આવા માણસો જ્યાં સુધી કોઈ વાતને સાબિત ન કરી શકે ત્યાં સુધી તેના વિશે વાતચીત કરતા નથી. તેણે કહ્યું હતું કે બ્રહ્માંડમાં કોઈ પણ વસ્તુમાં પરિવર્તન આવતું નથી અને આ એક નિયમ છે. તેનો અર્થ એ હતો કે ન કેવળ આ પૃથ્વી ઉપર અને ન કેવળ આખા સૂર્યમંડળમાં બલ્કે આખા બ્રહ્માંડમાં કુદરતના નિયમોમાં કોઈ ફેરફાર થઈ શકતો નથી. તેના કહેવા પ્રમાણે જો એક દિવસ એવો આવે કે માનવજાતિ એક એવા રેડિયો ટેલિવિઝન સ્કોપનો આવિષ્કાર કરે કે જેના વડે પૃથ્વી કરતાં એકસો અરબ પ્રકાશવર્ષના અંતર પર આવેલા આકાશી પદાર્થને જોઈ શકાય તો ત્યાં પણ કુદરતના આ જ નિયમો ચાલતા હશે.

એ વાતને બધા માને છે કે જે વસ્તુનું અસ્તિત્વ નથી તેને બુધ્ધિ માની શકતી નથી અને જે વસ્તુને

**ઝૂક્યું છે સર જે સજદામાં, સિતમગરને નથી ઝૂક્યું,**
**એ ગરદન યાદ આવે છે, એ ખંજર યાદ આવે છે.**

**બધી કુરબાનીઓની લાજ રાખી છે લૂંટાઈને,**
**અલીની લાડલી ઝયનબની ચાદર યાદ આવે છે.**

બુધ્ધિ સ્વીકારી લે છે તે એ વાતની દલીલ છે કે આવી વસ્તુનું અસ્તિત્વ છે. રાજકુમાર દુબ્રુઈ એમ કહેતો નથી કે ફલાણા નિયમમાં ફેરફાર થયો નથી પરંતુ તેના કહેવા પ્રમાણે નિયમ સિવાય બ્રહ્માંડમાં દરેક વસ્તુમાં ફેરફાર થાય છે.

અહીં એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે જો આ બ્રહ્માંડ નાશ પામે તો શું તેના નિયમો બાકી રહેશે ખરા ? પરંતુ અહીં આ પ્રશ્નનો પાયો મજબૂત નથી કારણ કે ભૌતિકશાસ્ત્ર કહે છે કે કોઈ પણ વસ્તુ નાશ નથી પામતી બલ્કે તેમાં ફક્ત પરિવર્તન આવે છે માટે દુનિયા ક્યારેય નાશ નહીં પામે તો પછી તેના ઉપર લાગુ થતા નિયમો કેવી રીતે નાશ પામી શકે છે ? શક્ય છે કે બ્રહ્માંડમાં પરિવર્તન આવે અને એ પરિવર્તન પણ બ્રહ્માંડના અવિચળ નિયમો ઉપર આધારિત હોય. આવી રીતે આ જમાનાનો એક અન્ય મહાન નોબેલ પુરસ્કાર વિજેતા ભૌતિક શાસ્ત્રી હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ના એ ફરમાનને સમર્થન આપે છે કે દુનિયાના નિયમો અવિચળ છે.

## માણસ પોતે પોતાનું આયુષ્ય ઘટાડે છે.

હઝરત ઈમામ જાફર સાદિક(અ.)ના આકર્ષક દ્દષ્ટિકોણમાંથી એક દ્દષ્ટિકોણ માણસના આયુષ્યની લંબાઈ વિષેનો છે. આપે ફરમાવ્યું છે કે માણસને એટલા માટે પેદા કરવામાં આવ્યો છે કે તે લાંબું જીવે અને માણસ પોતે પોતાના આયુષ્યને ઘટાડે છે. જો માણસ ઈસ્લામના નિયમો પ્રમાણે અમલ કરે અને પ્રતિબંધિત વસ્તુઓથી દૂર રહે અને ખાવા પીવામાં કુરઆનના હુકમ પ્રમાણે અમલ કરે તો તે લાંબું આયુષ્ય પામશે. માણસના આયુષ્યની લંબાઈનો મામલો બે વસ્તુઓ સાથે સંબંધ ધરાવે છે. એક સ્વાસ્થ્ય જાળવવું અને બીજું પેટ ભરીને ન જમવું.

**સકીનાની યતીમી પર વહે છે લોહીનાં આંસુ, તમાચા યાદ આવે છે એ ગૌહર યાદ આવે છે.**

ઈસવી સનની પહેલી સદીમાં રૂમની બાદશાહતના પાટનગર રોમ શહેરમાં લોકોનું સરેરાશ આયુષ્ય ૨૨ વર્ષ હતું કારણ કે રૂમી બાદશાહતમાં લોકો સ્વાસ્થ્યના નિયમો જાળવતા ન હતા અને રોમના ધનાઢ્ય લોકો એટલું બધું ભોજન જમતા હતા કે ઊલટી કરવા લાગતા અને ગરીબ લોકો પણ જ્યાં પણ મોકો મળતો ધનાઢ્ય લોકોની આવી ખાવા પીવાની ટેવની પયરવી કરવામાં કોઈ કસર બાકી ન રાખતા. રોમના ધનાઢ્ય લોકોના મહેલોમાં ડાઈનીંગ હોલની સાથે સાથે એક અન્ય કમરો રાખવામાં આવતો હતો કે જેને વૉમિટોરીયમ એટલે કે તેને ઊલટી કરવાની જગ્યા કહેવામાં આવતો હતો. જો ભોજન જમ્યા પછી કુદરતી રીતે ઊલટી ન થાય તો તેઓ ઊલટી કરવાની દવા લઈ લેતા હતા કે જેથી એમને ઊલટી થઈ જાય કારણ કે એમને ભય હતો કે ઊલટી ન થવાથી કદાચ તેઓ મરી જશે.

ઈસવી સનની વીસમી સદીની શરૂઆતમાં ઈંગ્લેન્ડ અને ફ્રાન્સ જેવા દેશોમાં જે બાળક જન્મતું હતું તેનું આયુષ્ય સરેરાશ ૫૦ વર્ષ હતું કારણ કે આ બન્ને દેશોમાં સ્વાસ્થ્યની પરિસ્થિતિ પ્રાચીન રૂમી બાદશાહતના કરતાં વધારે સારી હતી અને લોકો રોમના નાગરિકોની જેમ ભોજન લેવામાં અતિરેક કરતા ન હતા.

આજે યુરોપના દેશોમાં સ્વાસ્થ્ય સુધરવાને કારણે દરેક બાળકનું સરેરાશ આયુષ્ય ૬૮ વર્ષ છે અને દરેક બાળકી સરેરાશ ૭૮ વર્ષ જીવે છે. આવી રીતે સ્ત્રીઓનું સરેરાશ આયુષ્ય પુરૂષો કરતાં વધારે છે. જો કેન્સરની બીમારીનો ઈલાજ શોધાઈ જાય અને દિલ અથવા મગજના હુમલા અથવા લોહીની બીમારીઓ ઉપર કાબૂ મેળવી લેવામાં આવે તો શું માણસનું સરેરાશ આયુષ્ય ઘણું વધી જશે ?

ઈતિહાસમાં જે આંકડા નોંધાયેલા છે તે આ

**બીમારી, કેદની હાલત અને દરદર ભટકવાનું, કદમની બેડીઓ, રસ્તાના પથ્થર યાદ આવે છે.**

સવાલનો નકારાત્મક જવાબ આપે છે. જ્યારે કેન્સરની બીમારીનો ઈલાજ શોધાઈ જશે અને દિલ અને મગજની જીવલેણ બીમારીઓ ઉપર કાબૂ મેળવી લેવામાં આવશે ત્યારે પણ માણસના સરેરાશ આયુષ્યમાં ફક્ત બે વર્ષનો વધારો થશે કારણ કે જે વસ્તુ સરેરાશ આયુષ્યને વધારે છે તે એક અથવા થોડી ઘણી બીમારીઓનો ઈલાજ નથી પરંતુ ખાવા અને પીવાની બધી વસ્તુઓ સહિત સ્વાસ્થ્યના નિયમોનું ધ્યાન રાખવું તે છે. જે દિવસે માનવજાત બધી બીમારીઓનો ઈલાજ શોધી લેશે તો પણ વૃધ્ધાવસ્થાના કારણે મરી જશે.

આજના જમાનામાં કેન્સર, દિલ અથવા મગજના હુમલા અથવા એઈડ્ઝ જેવી બીમારીઓ જીવલેણ બીમારીઓ કહેવાય છે. તેમના સિવાય કોઈ પણ અન્ય બીમારી જીવલેણ કહેવાતી નથી તેમ છતાંય લોકો ચેપી તાવ જેવી બીમારીઓથી પણ મરી જાય છે કારણ કે વૃધ્ધાવસ્થા તેમના મોતનું કારણ બની જાય છે. જ્યારે વૃધ્ધાવસ્થાના કારણે માણસના શરીરના અવયવો શિથિલ થઈ જાય છે તો એવી બીમારીઓ કે જે જીવલેણ નથી તે પણ મોતનું કારણ બની જાય છે સિવાય કે વૃધ્ધાવસ્થાનો જ ઈલાજ કરવામાં આવે કે જેને કેટલાક જીવશાસ્ત્રીઓ એક બીમારી માને છે.

આ જમાનામાં ઉપસ્થિત થનારા પ્રશ્નોમાંથી એક પ્રશ્ન પર્યાવરણના પ્રદૂષણનો છે કે જે હઝરત ઈમામ જાફર સાદિક(અ.)ના દૃષ્ટિકોણનું સમર્થન કરે છે. આ પ્રદૂષણ કેટલીક જગ્યાએ ઓછું અને કેટલીક જગ્યાએ વધારે હોય છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘની સ્વાસ્થ્ય સંસ્થાએ અમેરિકા અને મેક્સિકોના કેટલાક શહેરોમાં સંશોધન કર્યા પછી એવો રિપોર્ટ પ્રસ્તુત કર્યો છે કે ત્યાંનું વાતાવરણ એટલું બધું પ્રદૂષિત છે કે તે શહેરોમાં જીવન વ્યતીત કરવાવાળા પુરૂષો, સ્ત્રીઓ અને બાળકો એવી રીતે જીવન વ્યતીત કરી રહ્યા છે કે જાણે દર ચોવીસ કલાકે વીસ નંગ સિગરેટવાળા બે પૅકેટ પી જતા હોય. સંયુક્ત રાષ્ટ્ર સંઘની ઉપરોક્ત સંસ્થાના રિપોર્ટ પ્રમાણે રાતને દિવસ ચાલીસ સિગરેટ પીવાવાળાઓના ફેફસાં અને બીજા અવયવો ઉપર જે ખોટી અસર થાય છે તેવી જ અસર આ શહેરોના રહેવાસીઓ ઉપર પણ થાય છે માટે અમેરિકાના અને મેક્સિકોના શહેરોનું વાતાવરણ એટલી હદે પ્રદૂષિત છે કે ત્યાંના લોકો અન્ય બીમારીઓની સાથે સાથે ફેફસાંના કેન્સરથી પણ પીડાય છે અને તેમના કેન્સરની બીમારીમાં સપડાઈ જવાની સંભાવના એટલી બધી વધારે છે કે જેટલી સિગરેટ પીવાવાળા માણસની હોઈ શકે છે કે જે એક હજારમાંથી સાડા સાત કે આઠ સુધીની છે. (ક્રમશઃ)

**જગતભરમાં ખુદાનું ઘર ભરેલું રાખવા 'બેફામ',**
**હુસૈને જે લૂંટાવ્યું એ ભર્યું ઘર યાદ આવે છે.**


**અકબરભાઈ મોમિન** **મો. ૯૫૭૪૦૩૫૮૭૪**
(કિશોરગઢવાળા)
**સબ્બીરભાઈ મોમિન** **મો. ૯૮૯૮૭૬૨૬૩૭**
(ચંડીસરવાળા)

**નવજીવન**
**પ્લાયવુડ એન્ડ હાર્ડવેર**
પ્લાયવુડ, સનમાઈકા, ફ્લશડોર, બ્લોકબોર્ડ, કાચ, વુડન આર્ટીકલ તેમજ ફર્નિચરને લગતી તમામ આઈટમ મળશે.

**આબિદહુસૈન મોમિન** **મો. ૮૩૪૭૪૫૭૫૦૬**
**અકબરભાઈ મોમિન** **મો. ૯૫૭૪૦૩૫૮૭૪**
(કિશોરગઢવાળા)

**નવજીવન**
**વુડ ફર્નિચર વર્ક્સ**
દરવાજા, બારસાખ, બાસ્કેટ, ઘરનું તમામ પ્રકારનું ફર્નિચર તેમજ રાઉટર મશીનથી માડલીંગ બનાવી આપવામાં આવશે તેમજ સાઈઝોને રંધો લગાવી આપવામાં આવશે.

**મોમિન હોસ્પિટલ સામે, મલાવ રોડ, ધોળકા**


**છવાઈ જાય દુનિયા પર જો ગુરબત હો તો એવી હો,**
**કરે સૌના હૃદયમાં વાસ, રૂખસત હો તો એવી હો.**

# ગ ડ મ થ લ ૨૩૨

:::: સંપાદક::::
મો.મોલ્વી યાકુબઅલી ગુલામભાઈ ખણુશીયા (કનાઈ-વાઘરોલ)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ■ | ૩ | | ૪ | |
| | ■ | | ■ | ૫ | | ■ | ■ | | ■ |
| | ■ | ૬ | | | ■ | ૭ | ■ | ૮ | ૯ |
| ૧૦ | | | ■ | ૧૧ | | | | ■ | |
| ■ | ■ | ■ | ૧૨ | | ■ | | ■ | ૧૩ | |
| ૧૪ | | ■ | ■ | ■ | ૧૫ | | ■ | | ■ |
| | ■ | ૧૬ | ૧૭ | | | ■ | ૧૮ | ■ | ૧૯ |
| ૨૦ | ૨૧ | ■ | | ■ | | ■ | ૨૨ | | |
| ■ | | ■ | ૨૩ | | | ■ | | ■ | |
| ૨૪ | | | | ■ | ■ | ૨૫ | | | |

## :::: આડી ચાવીઓ ::::

(૧) પીર, ધર્મગુરૂ (૪)
(૩) અઝાદારી કરવા માટેનું સ્થાન (૪)
(૫) પ્રેમનો સર્વોચ્ચ પ્રકાર (૨)
(૬) બની ઉમૈયાનો એક જાલિમ શાસક કે જેણે કરબલામાં હત્યાકાંડ સર્જ્યો હતો. (૩)
(૮) સ્પર્શ, અડવું તે, રૂચિ (૨)
(૧૦) છુટકારો, મુક્તિ (૩)
(૧૧) રસૂલના કાર્યને ........... કહેવાય (૪)
(૧૨) કુરઆનના એક નાનકડા સૂરાનું નામ (૨)
(૧૩) શરબત-શરાબનો પ્યાલો (૨)
(૧૪) બીજો, બીબી ઝયનબ(અ.)ને .......એ ઝેહરા કહેવાય છે. (૨)
(૧૬) ખૂબ જ ઉત્તમ, ખૂબ સારું (૪)
(૨૦) મોત, ઈન્સાફ, છૂટી ગયેલી ઈબાદત (૨)
(૨૨) જહન્નમ, દોઝખનું એક નામ (૩)
(૨૩) સાંકળ, શૃંખલા (૩)
(૨૪) ઈસ્લામ સ્વીકાર પછી ફરી જનાર વ્યક્તિ (૪)
(૨૫) હુકમનું ઉલ્લંઘન, અવજ્ઞા, સરકશી (૪)

## :::: ઊભી ચાવીઓ ::::

(૧) પાકિસ્તાનના એ શહેરમાં પીર સૈયદ શમ્સુદ્દીન (રહે.)નો રોઝો આવેલો છે. (૪)
(૨) ફરિયાદ, દાદ (૪)
(૪) ખિદમત કરનાર, સેવક (૩)
(૫) એક પયગમ્બરનું નામ કે જે આકાશમાં હયાત છે.(૪)
(૭) હઝરત મૂસા(અ.)ની બહેનનું નામ (૪)
(૯) બે મુસલમાનો મળે તો એકબીજાને ......... કરવી જોઈએ. (૩)
(૧૩) જીવ, જિન્નાતોમાં પ્રથમ પુરૂષ (૨)
(૧૪) સાચો, સત્યવક્તા, છઠ્ઠા ઈમામનો લકબ(૩)
(૧૫) ઉદાર, દિલવાળો (૪)
(૧૭) પુત્ર, દીકરો, સંતાન (૪)
(૧૮) નાનો, કરબલાના સૌથી નાના શહીદ (૪)
(૧૯) જનાબતના ગુસલનો એક પ્રકાર (૪)
(૨૧) ઝિયારત કરનાર પુરૂષ (૩)

## ગડમથલ નં.૨૩૧નો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઈ | દુ | લ | ૨ ફિ | ત્ર | ■ | ૩ ત | ૪ બી | અ | ૫ ત |
| સ્મ | ■ | ■ | ૬ ત | બા | ૭ હ | ■ | મા | ■ | હૂ |
| ૮ ત | ૯ ક | રા | ર | ■ | ર | ■ | રી | ■ | ર |
| ■ | દી | ■ | ૧૦ સ | દા | ક | ૧૧ ત | ■ | ૧૨ બા | ■ |
| ૧૩ સ | મ | ૧૪ ઝ | ■ | ■ | ૧૫ ત | લ | બ | ગા | ર |
| મી | ■ | ૧૬ બ | દ | ૧૭ ન | ■ | વા | ■ | ત | ■ |
| ૧૮ અ | ૧૯ જ | ર | ■ | જિ | ■ | ૨૦ ર | ૨૧ વા | ■ | ૨૨ અ |
| ■ | વા | ■ | ૨૩ ક | સ | ૨૪ ર | ■ | રિ | ■ | કી |
| ■ | ૨૫ હિ | ર્સ | ■ | ■ | ઝઝા | ■ | ૨૬ સ | ૨૭ મ | દ |
| ૨૮ દ | ર | ખ્ત | ■ | ૨૯ બ | ક | ર | ■ | ૩૦ લ | ત |

**શીઓ, મારી તરસને યાદ કરજો જ્યાં પીઓ પાણી,**
**અગર કૌસરના સાકીની વસીય્યત હો તો એવી હો.**

# Dua : A Miracle

---

**Written by : Janab Nadeemahmad D. Jafri (Ahmedabad)**

---

*I still remember it was my first workshop on sales training which I attended while working with a travel agency.* ***A qualified sales trainer*** *was hired for this purpose and all the sales executives were asked to gather in a conference hall of the hotel where the workshop was to be conducted. The aim was* ***to enhance our sales skills*** *and make us efficient in this department.*

*The training was divided into two parts. The first part comprised* ***theoretical question-answer session on the information of various travel packages*** *offered by the company to test* ***our product knowledge.*** *And the second part was the* ***practical sales training*** *to test* ***our negotiation and sales skills by way of mock sales calls. Here,*** *the trainer acted as our prospective customer and we were required to sell him a travel package. After the practical session the trainer gave us* ***individual feedback on our performances*** *and* ***tips to enhance our sales skills.***

*Sales need* ***lots of persuasion*** *and* ***continuous follow up*** *with the* ***prospective customer*** *to convince him and hence in order to* ***achieve miraculous success****, our trainer advised us to be:*

- ***Patient*** *in conduct*
- ***Earnest*** *in* ***intentions***
- ***Persuasive*** *in* ***efforts***
- ***Committed*** *in* ***approach***

*Years later, I practically experienced this when the need arose to replace my R.O System; I looked for the salesman who had approached me in the past for purchasing it.* ***His earnestness and persuasion convinced me to give him the business.***

➔ *True –* ***Patience; Earnestness; Persuasiveness; Commitment*** *– are keys to succeed in the field of sales. These virtues help us present ourselves well in front of the prospective customer and create a bond with him.*

If we wish to create a bond with Almighty Allah we need the help of supplications. Through supplications we can connect with Allah – The Most High. Hence let us try to understand the importance of Supplication *(Dua)* in the light of Quran.

As Allah (SWT) says in the following ayahs:

- *"Aur tumhare Parvardigar ne farmaya ke tum **mujhse dua maango** (**Main jo tumhare nafa'a ki hogi wo) zaroor qubool kar liya karoonga**. Yaqeenan wo log jo Meri ibadat karne se akadte hai wo anqareeb zaleel ho kar Jahannum main daakhil honge." – (Surah-e-Ghafir, ayah 60)*

  *"(And your Lord says: "**Call on Me; I will answer your (Prayer):** but those who are too arrogant to serve Me will surely find themselves in Hell - in humiliation!")"*

In the above ayah Allah (SWT) clearly instructs us to call Him by way of supplication. He also promises to fulfill all our desires which are beneficial to us.

- *"(Ae Rasool (SAW)) jab **Mere bande Mera haal tumse poochein to** (kehdo ki) **Main unke paas hi hoon** aur jab **Mujh se koi dua maangta hai to Main har dua karne waalon ki dua (sunn leta hoon aur jo munasib ho to) qubool karta hoon** pas unhain chahiye ke **Mera kehna maanein aur Mujh per imaan laayein** taake woh hidayat paajaeein." - (Surah-e-Baqra, ayah 186)*

  *"(And when **My servants ask you concerning Me, then surely I am very near; I answer the prayer of the suppliant when he calls on Me**, so **they should answer My call and believe in Me** that they may walk in the right way)"*

➔ Allah (SWT) is Omnipresent but unseen through our eyes. *Dua* gives us **vision to feel Him** and **it is through *Dua* that we can reach Him.** Thus *Dua* definitely **creates a bond with Him**.

In management parlance it is said that positive thinking gives positive results. A person who is always hopeful remains happy and healthy.

And Quran says in the following ayah:

- *"Insaan **bhalayee ki duaein maangne se** to **kabhi uuktata nahin** aur agar ussko koi **takleef pahonch jaaye** to (fauran) **na-ummeed aur be-aas ho jaata hai."-** (Surah-e-Haam Mim Sajda, ayah 49)*

  *"(Man does not **weary of asking for good (things),** but if **ill touches him**, he **gives up all hope (and)** is **lost in despair**.)"*

Even if ill touches us we need not lose hope and faith in Him. Thus if we wish to seek His nearness by supplications **we need to remain hopeful and be positive.** There are times when we don't get what we expect and pray for; and that is the test of our faith in Him.

As the following ayah from Surah-e-Baqra further confirms our above claim:

- *"Aur Hum* ***tumhain kuch khauf aur bhook se aur maalon aur jaanon se aur phalon ki kami se zaroor aazmaaenge****. Aur (Ae Rasool (SAW) aise* ***sabr karne walon ko khushkhabri dedo"*** *– (Surah-e-Baqra, ayah 155)*

  *"(And We will* ***most certainly try you*** *with somewhat of* ***fear and hunger and loss of property and lives and fruits; and give good news to the patient****.)"*

When we claim that we are true believers, we will be tried in various ways. During this testing time if **we remain patient we are bound to achieve whatever we seek from Him**. Thus **<u>Patience</u>** is **the important key** for our supplications **to be heard by Almighty Allah**.

Let us now see the following ayahs from Surah-e-Aale Imran:

- *"Aur Khuda apne unn bandon ko khoob dekh raha hai Jo* ***yeh duaein maanga karte*** *hein* ***"Ae hamare Palnewale humto be-tamul imaan laye hain pus Tu bhi hamare gunahon ko bakhsh de*** *aur humko dozakh ke azaab se bacha". Yehi log hain* ***sabr karne wale aur sach bolne wale*** *aur* ***Khuda ke farmabardar aur Khuda ki raah main kharch karne wale*** *aur peechli raton main Khuda se tauba isteghfar karne wale." – (Surah-e-Aale Imran, ayah 16-17)*

  *"(Who say: "O Lord, we believe; forgive our trespasses and save us the torment of Hell." They are the patient,* ***the sincere and devout, full of charity****,* ***who pray for forgiveness in the hours of dawn.****)"*

From the above two ayahs Quran has cited the example of those **chosen believers of Allah** whose **supplications are appreciated and liked by Him**. They are **patient in their conduct** and **committed to the cause of Almighty Allah**. They have **set the example** which **needs to be followed.**

➔Thus it can be inferred that **<u>Commitment</u> and sincerity to the cause of Allah (SWT)** is **as important as Patience** for our **supplications to be heard by Him**.

**Earnestness and humility** always help us in **winning an argument** or even **proving a point.** Would this help in making successful supplications? Let us see the following two ayahs for this:

- *"**Aur (azaab ke) khauf se aur (rehmat ki) aas laga ke Khuda se duaein maango** (kyunke) neki karne walon se **Khuda ki rehmat yaqeenan qareeb hai**." – (Surah-e-Airaf, ayah 56)*

  *"(**Call on Him with fear and longing (in your hearts):** for the **Mercy of Allah is (always) near to those who do good.**)"*

- *"(Logo) apne **Parvardigar se gid gida ke aur chupke chupke dua karo**, Wo had se tajawuz karne walon ko hargiz dost nahin rakhta" – (Surah-e-Airaf, ayah 55)*

  *"(**Call on your Lord with humility and in private**: for Allah loveth not those who trespass beyond bounds.)"*

Thus the above two ayahs clearly confirm that if **we supplicate with fear and humility in our hearts** we will be blessed by His Mercy soon. He definitely responds to our earnest calls. <u>**Earnestness**</u> **is again an important virtue** for **supplications** to be **heard by Allah (SWT).**
Mandatory *namaz* is the highest form of prayer offered 5 times a day. **It is invalid if not offered at its prescribed time** and cannot be offered more than 5 times. Keeping this in mind let us see what Allah (SWT) has to say about supplication? What is the time **fixed** for it? And **how many times** should He be called through supplications in a day?

In the following ayah Allah has answered our above questions:

- *"Aur apne **Parvardigar ko ji hee ji main gid gida ke** aur **dar (dar) ke** aur bahot cheekh ke nahin (dheemi) awaaz se <u>**subah wa sham yaad kiya karo**</u> aur (Uss ki yaad se) ghafil bilkul na ho jaao." - (Surah-e-Airaf, ayah 205)*

  *"(And **remember your Lord within yourself humbly and fearing** and in a voice not loud <u>**in the morning and the evening**</u> and be not of the heedless ones.)"*

➔ Whenever we wish and wherever we are, we can always call Him through supplications. It is not time-bound and hence there is no fixed time**. Allah (SWT) can be persuaded in mornings and evenings** till the time our ***Dua*** **is not fulfilled.** He likes to be <u>**Pursued continuously**</u> by supplications.

The ayahs which we referred uptill now helped us in understanding the importance of *Dua.* We also got to know what Allah (SWT) has instructed in this regard. Allah (SWT) fulfills our desires through supplications and hence it is a miracle. Let us look into Quran and try to **find out the miracles of *Dua* in it.**

We will see the following ayah from Surah-e-Aale Imran:

- *"To usske Parvardigar ne (uunki nazar) Mariam ko khushi se qubool farmaya aur usski nasho wa nuuma (parwarish) achhi tarah ki* ***aur Zakariya ko uunka kafeel banaya, jab kisi waqt Zakariya uunke paas (uunke) ibadat ke hujre main jaate to Marium ke paas kuch na kuch khane ko mawjood paate*** *to poochte ke* ***ae Marium ye (khana) tumhare paas kahan se aaya hai*** *to* ***Marium yeh keh deti theen ke yeh Khuda ke yahan se (aaya) hai*** *beshak Khuda jis ko chahta hai be-hisaab rozi deta hai." – (Surah-e-Aale Imran, ayah 37)*

  *"(Right graciously did her Lord accept her: He made her grow in purity and beauty: To the care of Zakariya was she assigned. Every time that he entered (Her) chamber to see her,* ***He found her supplied with sustenance. He said: "O Mary! Whence (comes) this to you?"*** *She said:* ***"From Allah:*** *for Allah Provides sustenance to whom He pleases without measure.)"*

Allah (SWT) had assigned the task of protecting and taking care of Bibi Mariam (A.S) to Zakariya (A.S). She used to stay in her chamber alone, where she prayed and lived. Nobody could enter the chamber except Zakariya (A.S). And whenever he entered he would find various kinds of fruits for sustenance kept in front of her. Surprised, he would inquire about the fruits and Bibi Mariam (A.S) would reply saying Allah (SWT) has supplied her with this sustenance. Inspired by this Zakariya (A.S) supplicates and puts forward his desire in the following manner:

- *"(Yeh majra dekhte hi) ussi waqt Zakariya ne apne Parvardigar se dua ki aur arz ki* ***"Ae mere Palnewale Tu mujhko (bhi) Apni bargaah se pakizah aulad ataa farma*** *beshak Tu hi dua ka sunne wala hai." – (Surah-e-Aale Imran ayah 38)*

  *"(There did Zakariya pray to his Lord, saying:* ***"O my Lord! Grant unto me from Thee a progeny that is pure****: for Thou art He that heareth prayer!)"*

Now let us see what happens?:

- *"Abhi Zakariya hujre mein khade (yeh) dua kar hi rahe the ke* ***farishton ne uunko awaaz di ke Khuda tum ko Yahya (ke paida hone) ki khushkhabri deta hai*** *jo Kelamatullah (Isa) ki tasdiq karega aur logon ka sardar hoga aur auraton ki taraf raghbat na karega aur nekokar nabi hoga." – (Surah-e-Aale Imran, ayah 39)*

  *"(While he was standing in prayer in the chamber,* ***the angels called unto him: "Indeed Allah gives you glad tidings of Yahya (John),*** *who will confirm a Word (or sign) from Allah, – a leader, always refraining from women, a Prophet from one of Our devoted ones.)"*

Before he could finish his supplication angels called him to confirm that his call was heard and he would soon be a father to Yahya (A.S). This miracle surprised him:

- *"Zakariya ne arz ki* ***mujhe ladka kyunker ho sakta hai halaanke mera budhapa aa pahoncha aur (uss per) meri biwi baanjh hai*** *(Khuda ne) farmaya* ***issi tarah Khuda jo chahta hai karta hai."*** *– (Surah-e-Aale Imran, ayah 40)*

  *"(He said:* ***"O my Lord! How shall I have son, seeing I am very old, and my wife is barren?"*** *"Thus," was the answer, "****Doth Allah accomplish what He willeth.)****" – (Surah-e-Aale Imran, ayah 40)*

Allah accomplishes whatever He Wills. **Old age of Zakariya (A.S) and barrenness of his wife did not stop him to be the father of a son like Yahya (A.S).** Yes, his earnest supplication did create a miracle in the form of birth of Yahya (A.S).

Thus supplications create miracles. If we seek anything from **<u>Allah (SWT) very earnestly & appropriately He fulfills our desire.</u>**

Let us see the following ayah from Surah-e-Yusuf now:

- *"Aur Yaqub (A.S) ne un logon ki taraf se mooh pher liya aur* ***rokar kehne lage haai afsos Yusuf (A.S) per aur isqadr roye ke aankhein un ki sadme se safed ho gayee*** *wo to bade ranj ke zaabit the." – (Surah-e-Yusuf, ayah 84)*

  *"(He turned away from* ***them and cried: "Alas for Yusuf!" And his eyes turned white*** *with grief which he bore in silence.)"*

When children of Yaqub (A.S), after returning from *Misr* (Egypt), narrated the story of their brother Benjamin getting detained by the King on the charges of robbery since the lost bowl was recovered from his belongings to Yaqub (A.S), he uttered the above words. This shows that he always missed his lost son – Yusuf (A.S), who got separated from him when he was a child. And he cried so much that he lost his eye-sight. So why did Allah (SWT) take so long to fulfill his wish. Can we claim that for these years his *Dua* was unheard?

When we look at the sequence of events which happened in the life of Yusuf (A.S) we can see that - As a child he was **thrown i**n the well – Then **sold** in the market of *Misr* – Then he was **imprisoned**. Yaqub (A.S) during this time remembered his son and prayed for his well being. The news of the atrocities in the life of Yusuf (A.S) would have further devastated Yaqub (A.S) and hence during this time Allah (SWT) ensured that no such news ever reaches him and thus saved him from further pain. And when finally Yusuf (A.S) became king of *Misr* he was re-united with his father Yaqub (A.S). **This way his supplications were heard and happiness was doubled.**

Thus there are times when our supplications are unheard for many years and **that is the time to have faith that whatever Allah (SWT) provides**, whenever He provides, <u>**shall be more than what we have asked for.**</u>

And let us see one more example from Surah-e-Aale Imran:

- *"(Ae Rasool (SAW) woh waqt yaad karo) jab Imran ki biwi ne (Khuda se) arz ki ke **Ae mere Palnewale mere pait main jo bachha hai (ussko main duniya ke kaam se) azaad karke Teri nazar karti hoon** Tu meri taraf se (yeh nazar) **qubool farma** Tu bada sunnewala aur Jannewala hai. Phir jab **wo ladki jani** to (hairat se) kehne lagi **Ae mere Parwardigar (main kya karoon) main to yeh ladki jani hoon.")** – (Surah-e-Aale Imran, ayah 34-35)*

  *"(Behold! a woman of 'Imran said: **"O my Lord! I do dedicate unto Thee what is in my womb for Thy special service**: So accept this of me: For Thou hearest and knowest all things." When she was delivered, she said: "**O my Lord! Behold! I am delivered of a female child!"-)"***

The above ayah has indicated the incidence when wife of Hazrat Imran dedicated her - to be born child, for the service of Allah (SWT) thinking it would be a male child. But when she delivered a female child she wondered what she would do. Allah (SWT) accepts her dedication and the child just born is named – Mariam (A.S). Allah (SWT) then appoints Hazrat Zakariya (A.S) as her care taker and protector.

➔Thus at times we might pray to Allah (SWT) with our own understanding and what we feel is right but since He is All Knowing and All Understanding **<u>He might not accept our supplication as it is and instead fulfill it the way He feels is right.</u>**

After reading the above incidences some of us might feel that we have discussed about chosen ones of Allah (SWT) and hence their supplications were heard easily. Would it be the same for ordinary people like us?

Let us see the following two ayahs now:

- *"Ae Rasool (SAW) tum un ke maal ki zakaat lo aur uss ki badaulat un ko gunahon se paak saaf kardo aur **unke waaste dua-e-khair karo kyunke tumhari dua un logon ke haq main itminaan ka baaes hai** aur Khuda to sab kuch sunta aur jaanta hai." – (Surah-e-Tauba, ayah 103)*

  *"(Take alms out of their property, you would cleanse them and purify them thereby, and **pray for them; surely your prayer is a relief to them**; and Allah is Hearing, Knowing)"*

- *"Aur (Rasool (SAW)) jab unn **logon ne (nafarmani karke) apni jaanon per zulm kiya** tha agar **tumhare paas chale aate aur Khuda se maafi maangte** aur **Rasool (SAW) (tum) bhi unnki maghferat chahte** to beshak **wo log Khuda ko badaa tauba qubool karne wala Meharbaan paate.**" – (Surah-e-Nisa, ayah 64)*

  *"(If they **had come to you** after wronging themselves and asked forgiveness of God, and **you had also asked forgiveness for them**, they would surely have found **God forgiving and merciful.)"***

*Duas* of Rasool (SAW) are a **great relief for us.** The above ayah says that even if someone after wronging himself go to the holy Prophet (pbuh) **and ask his intercession** for Allah's mercy, **Allah (SWT) promises to forgive him.**

➔It means that during the time of the holy Prophet (pbuh) the call of *Dua* would have been easily answered. One could have approached the holy Prophet (pbuh) with his desires and through his supplication and intercession Allah (SWT) would have fulfilled his desires. **But today, how should one supplicate so that it is heard?**

In the starting of this article we saw two ayahs from Surah-e-Aale Imran (ayah nos. 16 & 17) referring to few chosen people whose supplications and conduct is appreciated by Allah (SWT). And we have known now the supplications of holy Prophet (pbuh) are a great relief for us. We can thus infer that these chosen people should be closely associated to the holy Prophet (pbuh) and hence **let us try to find them and take guidance of supplication from them:**

- *"Wo Qandeel un gharon main roshan hai **jinki nisbat Khuda ne hukm diya hai ke unki taa'zim kijaae** aur **unmain Uska naam liya jaae** jin main subah wa sham wo **log Uski tasbih kiya karte hai."** – (Surah-e-Noor, ayah 36)*

  *"((The Light is lit) **in houses which Allah has permitted to be exalted** and that **His name may be remembered in them**; there **glorify Him** therein in the **mornings and the evenings**)"*

The above ayah mentions certain divinely enlightened houses which are exalted by Allah (SWT) Himself. The people of these houses glorify Him mornings and evenings. And how is their glorification that Allah has appreciated so much:

- *"**Aise log** jin ko **Khuda ke zikr aur namaz padhne aur zakaat ada karne** se **na to tijaarat hi ghaafil kar sakti hai** na kharid-o-farokht ka ma'amla kyonke wo log us din se darte hai jis main khauf ke mare dil aur aankhein ulat jaeengi **Uski ibadat isliye karte hai taake Khuda unhain unke aa'maal ka behtar se behtar badlaa ataa farmaye** aur apne fazal-o-karam se kuch aur zyada bhi de aur Khuda to jise chahta hai be-hisaab rozi deta hai." - (Surah-e-Noor, ayah 37-38)*

  *"(By men whom **neither traffic nor merchandise can divert from the Remembrance of Allah**, nor **from regular Prayer**, nor **from the practice of regular Charity**: Their (only) **fear is for the Day when hearts and eyes will be transformed** (in a world wholly new),- (37) That **Allah may reward them according to the best of their deeds**, and add even more for them out of His Grace: for Allah doth provide for those whom He will, without measure.)"*

Their dedication and sincerity in remembering Him and their commitment for His cause is appreciated by Allah (SWT) and thus **He has chosen them and has promised to reward them suitably.**

Sala'bi has quoted Anas Ibn-e-Malik and Buraida that when Rasool (SAW) recited this verse, Hazrat Abu Bakr stood up and asked pointing towards the house of Ali (A.S) and Fatema (A.S),

whether that house was included in the houses which are exalted by Allah (SWT) as referred in the ayah? Rasool (SAW) replied saying **<u>"Yes, and it is better than other houses to which this refers."</u>** (Ref: Durr-e-Mansur, Vol 5, P 50)

➔Thus the **house of Mawla Ali (A.S) and Fatema (A.S)** is **the exalted by Allah (SWT),** they have prayed the way Allah (SWT) wants and hence **if we follow their way of supplications we would be rewarded.**

We have seen the miracles of supplications cited in Quran, now let us see a miracle of the supplication given by Mawla Ali (A.S) to one of his follower. It is called '***Dua e Mashlool'.*** Manzil Ibn Lahiq, a paralytic was healed by this '*Dua'.*

Fed up with his continuous misbehavior and disobedience, Manzil's father cursed him that he may be inflicted by paralysis. After a lot of repentance and request, his father agreed to pray for his cure and they started for Mecca but unfortunately on his way his father died and he remained uncured of paralysis. While he was lamenting in front of Ka'aba his cries fell on the ears of Mawla Ali (A.S) and Imam Husain (A.S), who were inside the Harem. When he narrated his tragic tale to Mawla Ali (A.S), he was given this *Dua.* By the effect of this *Dua* he was cured miraculously. Imam Hussain (A.S) has said that ***'Dua e Mashool'*** contains ***'Ism e Azam'.***

Another *Dua* which Mawla Ali (A.S) gave to his companion Kumayl is famously called as ***'Dua e Kumayl'.*** Imam Ali (A.S) instructed Kumayl to recite this Dua on the eve of every Friday, if not then once a month and if not then atleast once a year so that he would be protected from the evils of enemies and plots contrived by imposters.

***'Sahifa e Kamila'*** is the compilation of supplications by Imam Zainul Abedin (A.S). In the introductory section of the English translation of this book, William Chittick mentions:

- It has been reported that the holy Prophet (pbuh) has said that Allah (SWT) says: "O My servants, all of you are misguided except him whom I guide, so ask Me for guidance, and I will guide you. All of you are poor except whom I enrich, so ask Me for riches, and I will provide for you. All of you are sinners except him whom I release, so ask Me to forgive you, and I will forgive you."

- The prophet (S.A.W.) and his progeny said: "Supplication is the weapon of the man of faith, the centre-pole (essence) of the religion, and the light of the heavens and the earth."

And Allama Iqbal has these wonderful words for '***Dua':***

***"Dil se jo baat nikalti hai, asar rakhti hai, par nahin, taaqat-e-parwaaz magar rakhti hai."***

(The word springing from the heart surely carries weight, Though not endowed with wings, it yet can fly in space.)

***"Qudsi-ul-asal hai, rif-at pe nazar rakhti hai, khaak se uthti hai, gardoon pe guzar rakhti hai."***

(Pure and spiritual in its essence, it pegs its gaze on high, Rising from the lowly dust, grazes past the skies.)

➔ Indeed *'Dua'* is a miracle and it is through these earnest supplications we get our desires fulfilled. So let us supplicate and be grateful to the Almighty Allah for whatever He has given us and whatever He has not given us through the excerpt from the wonderful *'Dua'* of **Imam Zainul Abedin (A.S) in *'Sahifa e Kamila'*:**

*"O My Lord! Bless Mohammed (SAW) and his holy Household, delight my soul through Thy decree, expand my breast through the instances of Thy decision, give to me a trust through which I may admit that Thy decree runs only to the best and let my gratitude to Thee for what Thou hast taken away from me be more abundant than my gratitude to Thee for what Thou hast conferred upon me! Aamin."*

# દુઆ : એક ચમત્કાર

લેખન : જનાબ સૈયદ નદીમએહમદ ડી. જાફરી (અમદાવાદ)

બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

હજુ ય મને યાદ છે કે સેલ્સ ટ્રેઈનિંગ અંગેની તે મારી પ્રથમ વર્કશૉપ હતી કે જેમાં મેં એક ટ્રાવેલ એજન્સી સાથે કામ કરતી વખતે હાજરી આપી હતી. **લાયકાત ધરાવતા એક સેલ્સ ટ્રેઈનરને** આ હેતુ માટે રોકવામાં આવ્યો હતો અને બધા જ સેલ્સ એક્સિક્યૂટીઝને હોટલના કોન્ફરન્સ હૉલમાં ભેગા થવાનું કહેવામાં આવ્યું હતું કે જ્યાં વર્કશૉપનું સંચાલન થવાનું હતું. એની પાછળનો હેતુ હતો **અમારાં વેચાણ કૌશલ્યોને વધારવાનો** અને આ ક્ષેત્રમાં અમને કાર્યક્ષમ બનાવવાનો.

તાલીમ બે વિભાગોમાં વહેંચાયેલી હતી. પહેલા ભાગમાં **વિવિધ ટ્રાવેલ પૅકેજીઝની માહિતી ઉપર આધારિત સૈધ્ધાન્તિક પ્રશ્નોત્તરીના** સેશનનો સમાવેશ થતો હતો જે કંપની દ્વારા **અમારું પ્રોડક્ટ અંગેનું જ્ઞાન** ચકાસવા માટેની હતી અને બીજો ભાગ **પ્રેક્ટિકલ સેલ્સ ટ્રેઈનીંગ**નો હતો કે જેનાથી **અમારી ધંધાદારી વાટાઘાટો અને વેચાણ અંગેના બનાવટી કોલ્સ દ્વારા અમારી વેચાણ કૌશલ્યો**ની કસોટી કરવાનો હતો. અહીં તાલીમ આપનારો પ્રશિક્ષક અમારા અપેક્ષિત ગ્રાહક તરીકેનો ભાગ ભજવતો હતો અને તેને ટ્રાવેલ પૅકેજ વેચવાની અમને આજ્ઞા અપાઈ હતી. પ્રેક્ટિલ સેશન પૂર્ણ થઈ ગયા પછી પ્રશિક્ષકે અમને અમારી કામગીરી જોઈને **ટિપ્સ આપી જેથી વેચાણનાં અમારાં કૌશલ્યોમાં વધારો થાય.**

> છવાઈ જાય દુનિયા પર જો ગુરબત હો તો એવી હો,
> કરે સૌના હૃદયમાં વાસ, રૂખસત હો તો એવી હો.

વેચાણમાં **ખૂબ જ સમજાવટની** અને **અપેક્ષિત ગ્રાહકની** સાથે **સતત સુધારકાર્યની** જરૂર હોય છે જેથી તેના મગજમાં ઉતારી શકાય અને આ રીતે **ચમત્કારિક સફળતા પ્રાપ્ત કરવાના** હેતુથી અમારા પ્રશિક્ષકે અમને નીચેના ગુણો ધરાવવાની સલાહ આપી.

- ✶ **વ્યવહારમાં સબર**
- ✶ **ઈરાદાઓમાં નિખાલસતા**
- ✶ **પ્રયત્નોમાં સમજાવટની કલા**
- ✶ **અભિગમમાં વચનબધ્ધતા**

વર્ષો પછી મેં આ બાબતનો વ્યવહારિકરીતે અનુભવ ત્યારે કર્યો કે જ્યારે મારે R.O. Systemની ફેરબદલી કરવાની જરૂર ઊભી થઈ તો મેં એવા સેલ્સમૅનની શોધ કરી કે જે ભૂતકાળમાં તેને વેચવા માટે મારી પાસે આવ્યો હતો. **તેની નિષ્ઠાએ અને સમજાવવાની કલાએ તેને બિઝનેસ આપવાનો નિર્ધાર કરી દીધો.**

→ **સબર, નિખાલસતા, સમજાવવાની કલા, વચનબધ્ધતા,** આ બધી સેલ્સના ક્ષેત્રમાં સફળ થવા માટેની સાચી ચાવીઓ છે. આ બધા સદ્‌ગુણો અપેક્ષિત ગ્રાહકની સામે આપણી જાતને પ્રસ્તુત કરવામાં મદદરૂપ થાય છે અને તેની સાથે એક પ્રકારનું બંધન પેદા કરે છે.

જો આપણે સર્વશક્તિમાન અલ્લાહ સાથે બંધન પેદા કરવું હોય તો આપણે દુઆઓની મદદ લેવાની જરૂર છે. દુઆઓ દ્વારા આપણે અલ્લાહ તઆલા સાથે જોડાઈ શકીએ છીએ. તેથી ચાલો

> મરીને ખુદ તો જીવે છે, બીજાને પણ જીવાડે છે,
> શહીદોની ખુદા ખાતર શહાદત હો તો એવી હો.

આપણે દુઆના મહત્વને કુરાનની રોશનીમાં સમજવાનો પ્રયત્ન કરીએ.

નીચેની આયતોમાં અલ્લાહ(સુ.વ.ત.) ફરમાવે છે :

- 'અને તમારા પરવરદિગારે ફરમાવ્યું કે તમે **મારી પાસે દુઆ માગો (હું તમારા લાભની હશે તે) જરૂર કબૂલ કરતો રહીશ.** ચોક્કસપણે એ લોકો કે જેઓ મારી ઈબાદત કરવાથી ઘમંડમાં રહે છે તેઓને ટૂંક સમયમાં જ ઝલીલ(અપમાનિત) થઈને જહન્નમમાં નાખવામાં આવશે.'

(સૂરએ ગાફિર, આયત-૬૦)

ઉપરની આયતમાં અલ્લાહ(સુ.વ.ત.) આપણને દુઆના માર્ગ દ્વારા તેને પોકારવાની સ્પષ્ટપણે સૂચના આપે છે. વળી તે આપણને આપણી ઈચ્છાઓને પરિપૂર્ણ કરવાનું વચન આપે છે કે જે આપણા માટે ફાયદાકારક છે.

- '(અય રસૂલ (સ.)!) જ્યારે **મારા બંદાઓ તમને મારી હાલત વિષે પૂછે તો** (કહી દો કે) **હું તેમની નજીક જ છું** અને જ્યારે **મારી પાસે કોઈ દુઆ માગે છે તો હું દરેક દુઆ કરવાવાળાની દુઆ (સાંભળી લઉં છું અને જો યોગ્ય હોય તો) કબૂલ કરું છું.** તેથી તેમણે જોઈએ કે **મારું કહેવું માને અને મારા ઉપર ઈમાન લાવે** જેથી તેઓ હિદાયત પ્રાપ્ત કરી લે.'

(સૂરએ બકરહ, આયત-૧૮૬)

અલ્લાહ(સુ.વ.ત.) સર્વ સ્થળે હાજર છે પરંતુ આપણી આંખોથી ઓઝલ છે. દુઆ તેને સમજવાની આપણને દૃષ્ટિ આપે છે અને **દુઆ દ્વારા જ આપણે તેની પાસે પહોંચી શકીએ છીએ.** આ રીતે દુઆ ચોક્કસપણે તેની સાથેનું બંધન પેદા કરે છે.

**કલમ થઈ જાય માથું, પણ કલામે પાક ના અટકે,**
**રહે નેઝા ઉપર જારી, તિલાવત હો તો એવી હો.**

મેનેજમેન્ટની પરિભાષામાં એવું કહેવાય છે કે હકારાત્મક વિચારસરણી હકારાત્મક પરિણામો નિપજાવે છે. એ માણસ કે જે હંમેશાં આશાવાદી હોય છે તે સુખી અને તંદુરસ્ત રહે છે.

અને કુરાન નીચેની આયતમાં ફરમાવે છે :

- 'માણસ **ભલાઈની દુઆઓ માગવાથી કદી કંટાળતો નથી** અને જો કદાચ તેને કોઈ **તકલીફ પહોંચી જાય** તો (તરત જ) **નાઉમેદ અને નિરાશ થઈ જતો હોય છે.'**

(સૂરએ હામીમ સજદા, આયત-૪૯)

ભલેને બૂરાઈ આપણને સ્પર્શી જાય તો પણ આપણે તેનામાં રહેલી આશા અને વિશ્વાસ ગુમાવવો જોઈએ નહીં. આમ જો આપણને દુઆ દ્વારા તેની નજદીકી પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય તો **આપણે આશાવાદી રહેવાની અને હકારાત્મક બનવાની જરૂર છે.** એવા પણ સમય આવતા હોય છે કે જ્યારે આપણે જેની આશા રાખતા હોઈએ છીએ અને જેની માગણી કરતા હોઈએ છીએ તે મેળવતા નથી હોતા અને આ જ બાબત તેનામાં રહેલા આપણા ઈ માનની કસોટી છે.

આપણા ઉપરોક્ત દાવાનું સૂરએ બકરહમાંની નીચેની આયત સમર્થન આપે છે :

- 'અને અમે **તમને થોડાક ડર અને ભૂખથી અને માલ અને પ્રાણોના અને ફળોના નુકસાનથી જરૂર અજમાવીશું.** અને (અય રસૂલ(સ.) !) એવા **સબર કરવાવાળાઓને ખુશખબરી આપી દો.'**

(સૂરએ બકરહ, આયત-૧૧૫)

જ્યારે આપણે એવો દાવો કરીએ કે આપણે સાચા ઈમાનદારો (મોમિનો) છીએ તો આપણી જુદી

**ખુદાનું ઘર બચા'વા કાજ ખુદનું ઘર લૂંટાવી દે,**
**મુહાફિઝ હો તો એવા હો, હિફાઝત હો તો એવી હો.**

જુદી રીતે કસોટી કરવામાં આવશે. અજમાયશના આ સમયે **જો આપણે સબર ધારણ કરતા રહીશું તો આપણે ચોક્કસપણે એ વસ્તુઓ મેળવવાના કે જેમની આપણે તેની સમક્ષ માગણી કરીએ.** આથી **સર્વશક્તિમાન અલ્લાહ આપણી દુઆઓ સાંભળે** તે માટેની **અગત્યની ચાવી ધીરજ (સબર)** છે.

ચાલો, હવે આપણે સૂરએ આલે ઈમરાનમાંથી નીચે આયતો જોઈએ :

- 'અને ખુદા પોતાના એ બંદાઓને ખૂબ સારી રીતે જોઈ રહ્યો છે કે જેઓ **આવી દુઆઓ માગ્યા કરે છે : 'અય અમારા પરવરદિગાર ! અમે તો નિઃશંકપણે ઈમાન લાવ્યા છીએ તેથી તું પણ અમારા ગુનાઓને માફ કરી દે** અને અમને દોઝખના અઝાબથી બચાવી લે,' આ એ જ લોકો છે **સબર કરવાવાળા અને સાચું બોલનારા અને ખુદાના ફરમાબરદાર અને ખુદાના માર્ગમાં ખર્ચ કરવાવાળા** અને પાછલી રાતોમાં ખુદાથી તૌબા-ઈસ્તિગ્ફાર કરવાવાળા.'

(સૂરએ આલે ઈમરાન, આયત-૧૬-૧૭)

ઉપરની બન્ને આયતોમાં કુરાને અલ્લાહ દ્વારા પસંદ થયેલા એવા **મોમિનોનાં** દૃષ્ટાંતો ટાંક્યાં છે કે **જેમની દુઆઓના તેણે વખાણ કર્યા છે અને તે દુઆઓ તેને ગમી છે.** તેઓ પોતાના **વર્તનમાં સબરવાળા** અને **સર્વશક્તિમાન અલ્લાહના ઉદ્દેશ્યમાં સમર્પિત થયેલા છે.** તેમણે એવું ઉદાહરણ **પૂરું પાડ્યું છે** કે જેને **અનુસરવાની જરૂર છે.**

આથી એવું અનુમાન થઈ શકે કે **અલ્લાહ આપણી દુઆઓ સાંભળે** તે માટે **જેટલી અગત્યની બાબત ધીરજ (સબર) છે એટલી જ અગત્યની બાબત અલ્લાહના ઉદ્દેશ્ય તરફથી આપણી વચનબધ્ધતાની ભાવના અને ઈમાનદારી પણ છે.**

**નિખાલસતા અને વિનમ્રતા** હંમેશાં આપણને કોઈ **દલીલને જીતી લેવામાં** અથવા તો કોઈ **મુદ્દો સાબિત કરવામાં** મદદ કરે છે. સફળતાપૂર્વક દુઆઓ કરવામાં શું આ બાબત મદદ કરશે ખરી ? તો ચાલો એના માટે આપણે નીચેની બે આયતો જોઈએ :

- **'અને (અઝાબના) ભયથી અને (રહેમતની) આશા રાખીને ખુદા પાસે દુઆઓ માગો** (કેમકે) નેકી કરનારાઓની પાસે **ખુદાની રહેમત બેશક નજીક છે.'**

(સૂરએ અઅરાફ, આયત-૫૬)

- '(અય લોકો !) તમે તમારા **પરવરદિગાર પાસે ગળગળા થઈને તથા છાનામાના દુઆ માગ્યા કરો,** બેશક તે હદ કૂદાવી જનારાઓને દોસ્ત નથી રાખતો.'

(સૂરએ અઅરાફ, આયત-૫૫)

આમ ઉપરોક્ત બન્ને આયતો સ્પષ્ટપણે સમર્થન આપે છે કે જો **આપણે દિલમાં ડર રાખીને અને નમ્રતા રાખીને દુઆ માગીએ** તો ટૂંક સમયમાં જ તેની રહેમતની આપણા ઉપર નવાજિશ થશે. તે આપણા નિષ્ઠાપૂર્વકના પોકારો તરફ ચોક્કસપણે ધ્યાન આપે છે. વળી **અલ્લાહ (સુ.વ.ત.) દ્વારા આપણી દુઆઓ સાંભળવામાં આવે તે માટેનો એક અગત્યનો સદ્‌ગુણ ધર્મનિષ્ઠા છે.**

દિવસમાં પાંચ વખત અદા કરવામાં આવતી વાજિબ નમાઝ ઈબાદતનું સર્વોચ્ચ સ્વરૂપ છે. **જો તેને તેના સૂચવેલા સમયે ન પઢવામાં આવે**

**બધા બેઆસરા એના જ ઘરનો આસરો લે છે,**
**ઉજડતા, જલતા ખયમાની વસાહત હો તો એવી હો.**

**લૂંટાઈ જાય જો ચાદર તો રાખે લાજ મઝહબની,**
**બને ઈસ્લામની ઈઝ્ઝત જો ઈસ્મત હો તો એવી હો.**

**તો તે હરામ છે** અને પાંચ ટાઈમ કરતાં વધારે વખત પઢી શકાય નહીં. આ બાબતને ધ્યાનમાં લઈને ચાલો આપણે એ જોઈએ કે અલ્લાહને દુઆ વિષે શું કહેવું છે ? તેના માટે **નક્કી કરેલો** સમય કયો છે ? અને દિવસમાં તેને **કેટલી વખત** દુઆ દ્વારા પોકારવો જોઈએ ?

નીચેની આયતમાં અલ્લાહ તઆલાએ ઉપરના પ્રશ્નોના જવાબો આપ્યા છે :

● 'અને તારા **પરવરદિગારને તારા મનમાં, ઊંચા સાદે નહીં** પણ (ધીમા અવાજે) **કરગરીને** તથા ડરતાં-ડરતાં <u>**સવાર-સાંજ યાદ કરતો રહે**</u>, અને (તેની યાદથી) મુદ્દલ ગાફિલ ન રહે.' (સૂરએ અઅરાફ, આયત-૨૦૫)

જ્યારે જ્યારે આપણને ઈચ્છા થાય અને જ્યાં જ્યાં આપણે હોઈએ, આપણે તેને હર હંમેશ દુઆ દ્વારા પોકારી શકીએ છીએ. તેમાં સમયનું કોઈ બંધન નથી અને તેથી જ તો તેનો કોઈ નિર્ધારિત સમય નથી. **અલ્લાહ(સુ.વ.ત.)ને સવારે ને સાંજે વિનવી શકાય** એ સમય સુધી કે જ્યાં સુધી આપણી **દુઆ પરિપૂર્ણ ન થઈ જાય.** આપણે તેને દુઆ દ્વારા <u>**સતત વિનવતા રહીએ**</u> તે બાબત તેને ગમે છે.

એ આયતો કે જેમનો આપણે અત્યાર સુધી સંદર્ભ આપ્યો તે આયતોએ આપણને દુઆના મહત્વને સમજાવવામાં આપણી મદદ કરી છે. આપણે એ પણ જાણી લીધું કે આ સંદર્ભમાં અલ્લાહ(સુ.વ.ત.)એ આપણને કઈ આજ્ઞાઓ આપેલી છે. અલ્લાહ(સુ.વ.ત.) દુઆઓ દ્વારા આપણી ઈચ્છાઓને પરિપૂર્ણ કરે છે અને તેથી જ તો તે એક ચમત્કાર છે. ચાલો આપણે કુરાનમાં તપાસ કરીએ અને **તેમાંથી દુઆના ચમત્કારોને શોધી કાઢવાનો પ્રયત્ન કરીએ.**

**કદમની ઝંજીરો રોકી શકી નહીં સત્યનો રસ્તો,**
**અસીરોની અગર આઝાદ ફિતરત હો તો એવી હો.**

આપણે સૂરએ આલે ઈમરાનમાંથી નીચેની આયતો જોઈશું :

● 'તો તેમના પરવરદિગારે (તેમની નઝર) મરિયમને ખુશીથી કબૂલ ફરમાવી અને તેણીનો ઉછેર સારી રીતે કર્યો અને **ઝકરીયાને તેણીના વાલી બનાવ્યા, જ્યારે જ્યારે ઝકરીયા તેણીની પાસે (તેણીના) ઈબાદતના ઓરડામાં જતા તો મરિયમની પાસે કંઈને કંઈ ખાવાની વસ્તુ (હાજર) જોતા** તો પૂછતા કે **અય મરિયમ ! આ (ખાવાની) વસ્તુઓ તમારી પાસે ક્યાંથી (આવી) ? તે કહેતી કે તે અલ્લાહ પાસેથી છે,** બેશક અલ્લાહ ચાહે છે તેને બેહિસાબ રોજી અર્પણ કરે છે.'

(સૂરએ આલે ઈમરાન, આયત-૩૭)

અલ્લાહ(સુ.વ.ત.)એ ઝકરીયાને બીબી મરિયમ(અ.)નું રક્ષણ કરવાનું અને તેમની તકેદારી રાખવાનું કાર્ય સોંપ્યું હતું. તે પોતાના ઓરડામાં એકલાં રહેતાં હતાં કે જ્યાં તેઓ ઈબાદત કરતાં હતાં અને રહેતાં હતાં. ઝકરીયા(અ.) સિવાય બીજું કોઈ પણ તેમના ઓરડામાં પ્રવેશતું ન હતું અને જ્યારે જ્યારે તેઓ ઓરડામાં પ્રવેશતાં તો તેમને તેણીની સામે વિવિધ પ્રકારનાં ફળો મૂકેલાં જોતા. નવાઈ પામીને તેઓ ફળો વિષે પૂછતા અને બીબી મરિયમ એવું કહીને જવાબ આપતાં કે આ રોઝી તેણીને અલ્લાહ પૂરી પાડે છે. આનાથી પ્રેરણા મેળવીને ઝકરીયા(અ.) દુઆ માગે છે અને પોતાની ઈચ્છા આ રીતે વ્યક્ત કરે છે :

● '(આ બાબત જોઈને) ઝકરીયા(અ.)એ ત્યાં જ પોતાના પરવરદિગાર પાસે દુઆ કરી અને અરજ કરી કે **હે મારા પરવરદિગાર ! મને**

**યઝીદી કુફ્રના મહેલો ઉખેડી નાખ્યા શબ્બીરે,**
**બતાવીને કે ઈમાંની ઈમારત હો તો એવી હો.**

**પણ તારી પાસેથી નેક વંશજ(પુત્ર) અર્પણ** કર, નિઃસંશય તું દુઆનો મહાન સાંભળનાર છે.'

(સૂરએ આલે ઈમરાન, આયત-૩૮)

તો ચાલો હવે એ જોઈએ કે શું થયું ?

- 'હજુ તો ઝકરીયા ઓરડામાં ઊભા રહીને (આ) દુઆ કરી રહ્યા હતા તેવામાં **ફરિશ્તાએ તેમને અવાજ આપ્યો કે ખુદા તમને યહ્યા(ના પેદા થવા)ની ખુશખબરી આપે છે** જે અલ્લાહના કલ્મા(અર્થાત ઈસા)ને સત્ય ઠરાવનાર તથા (લોકોનો) સરદાર તથા વાસનાઓથી પાક અને સદાચારી નબીઓ માંહેનો (એક નબી) થશે.'

(સૂરએ આલે ઈમરાન, આયત-૩૯)

હજુ તો પોતાની દુઆને પૂરી કરે તે પહેલાં જ ફરિશ્તાઓએ તેમને એ બાબતનું સમર્થન આપતાં કહ્યું કે તેમના પોકારને સાંભળવામાં આવ્યો છે અને નજીકના સમયમાં જ તમે યહ્યા(અ.)ના પિતા બનશો. આ ચમત્કારે તેમને નવાઈ પમાડી દીધા.

- '(ઝકરીયાએ) અરજ કરી (હે મારા પરવરદિગાર !) **મારે પુત્ર કેવી રીતે થશે જ્યારે કે હું વૃધ્ધાવસ્થાએ પહોંચી ગયો છું અને મારી પત્ની વાંઝણી છે ?'** ફરમાવ્યું કે **અલ્લાહ એવી સ્થિતિમાં (પણ) જે ઈચ્છે છે, કરી દે છે.'** (સૂરએ આલે ઈમરાન, આયત-૪૦)

અલ્લાહ જે કંઈ ઈચ્છે છે તે સિધ્ધ કરીને જ રહે છે. **ઝકરીયા(અ.)ની વૃધ્ધાવસ્થા અને તેમનાં બીબીનું વાંઝિયાપણું તેમને યહ્યા(અ.) જેવા પુત્રના પિતા બનવાથી રોકી શક્યું નહીં.** હા, તેમની ખાલિસ દુઆએ જ યહ્યા(અ.)ના જન્મના સ્વરૂપમાં ચમત્કારનું સર્જન કર્યું.

આ રીતે દુઆઓ ચમત્કાર સર્જે છે. **જો આપણે અલ્લાહ(સુ.વ.ત.) પાસે ખૂબ જ નિખાલસપૂર્વક અને યોગ્ય રીતે માગણી કરીએ તો તે આપણી ઈચ્છાને પૂરી કરે છે.**

ચાલો હવે આપણે સૂરએ યુસૂફમાંથી નીચેની આયત જોઈએ :

- 'અને યાકૂબ(અ.)એ એ લોકો તરફથી મોઢું ફેરવી લીધું અને **રડીને કહેવા લાગ્યા, હાય અફસોસ ! યુસૂફ પર, અને એટલું બધું રડ્યા કે તેના સદમાથી તેમની આંખો સફેદ થઈ ગઈ** અને તે ગમને સહન કરનારો હતો.'

(સૂરએ યુસૂફ, આયત-૮૪)

મિસરથી પરત આવ્યા પછી જ્યારે યાકૂબ(અ.)નાં બાળકોએ તેમના ભાઈ બેનજામિનની વાતનું વર્ણન યાકૂબ(અ.)ને કર્યું કે તેના ઉપર તો બાદશાહે લૂંટનો આરોપ મૂકીને અટકાયતમાં રાખ્યો છે કેમકે ખોવાઈ ગયેલું (અનાજ માપવાનું) માપિયું તેની પાસેની ચીજ વસ્તુઓમાંથી મળી આવ્યું તો આપ ઉપર મુજબના શબ્દો બોલ્યા હતા. આ બાબત બતાવે છે કે તેઓ હંમેશાં તેમના ખોવાઈ ગયેલા પુત્ર યુસૂફ(અ.)ને યાદ કરતા રહેતા હતા અથવા તો તેમના ખોવાઈ ગયેલા પુત્રની કમી સાલતી હતી કે જે તેમનાથી છૂટા ત્યારે પડ્યા હતા જ્યારે કે તે બાળક હતા અને તેઓ એટલું બધું રડ્યા કે તેમણે પોતાની આંખોની રોશની ગુમાવી દીધી. તો અલ્લાહે તેમની ઈચ્છાને પૂરી કરવા માટે આટલો બધો સમય શા માટે લીધો ? શું આપણે એવો દાવો કરી શકીએ ખરા કે આટલાં બધાં વર્ષો સુધી (યાકૂબ(અ.)ની) દુઆ સાંભળ્યા વગરની રહી હતી ?

જ્યારે આપણે એ પ્રસંગોની ઘટમાળ તરફ નજર કરીએ છીએ કે જે યુસૂફ(અ.)ના જીવનમાં

**જુઓ મુખ્તાર ગાઝીને કે કેવું વેર વાળે છે,**
**હુસૈની બાદશાહતની જો રૈયત હો તો એવી હો.**

**ખુદા, શબ્બીરનાં દુઃખની અસર દેખાય દુનિયાને,**
**જે અટકી ગઈ'તી કરબલમાં, કયામત હો તો એવી હો.**

બન્યા હતા તો આપણે જોઈ શકીએ છીએ કે બાળક તરીકે તેમને કૂવાની અંદર **ફેંકી દેવામાં આવ્યા** હતા - ત્યાર પછી મિસરના બજારમાં **વેચી દેવાયા** - ત્યાર પછી તેમને **કેદ કરવામાં આવ્યા.** આ સમય દરમિયાન યાકૂબ(અ.) પોતાના પુત્રને યાદ કરતા હતા અને તેમની ભલાઈ માટે દુઆ માગતા હતા. યુસૂફ(અ.)ના જીવનની યાતનાઓના સમાચારોએ યાકૂબ(અ.)ને વધારે ઉજાડી દીધા હોત અને આથી આ સમય દરમિયાન અલ્લાહ (સુ.વ.ત.)એ કાળજી રાખી કે આવા કોઈ સમાચાર કદી તેમના સુધી પહોંચે નહીં અને આ રીતે તેમને વધારે વેદનાથી બચાવી લીધા. અને જ્યારે છેવટે યુસૂફ(અ.) મિસરના બાદશાહ બન્યા તો તેઓ પોતાના પિતા યાકૂબ(અ.)ની સાથે ફરીથી જોડાઈ ગયા. **આ રીતે તેમની દુઆઓને કબૂલ કરીને તેમના આનંદને બેવડો કરી દીધો.**

આમ અમુક સમય એવા આવતા હોય છે કે આપણી દુઆઓ ઘણાં વર્ષો સુધી સંભળાયા વગરની રહે છે અને **આ જ સમય ઈમાન (સલામત) રાખવાનો છે કે જે કંઈ અલ્લાહ(સુ.વ.ત.) આપણને પૂરું પાડશે,** જ્યારે જ્યારે પૂરું પાડશે ત્યારે ત્યારે <u>આપણે જે કંઈ માગ્યું હશે તેનાથી તે અધિક જ હશે.</u>

અને ચાલો આપણે સૂરએ આલે ઈમરાનમાંથી એક વધારે ઉદાહરણ જોઈએ :

- '(અય રસૂલ(સ.) ! એ સમયને યાદ કરો કે) જ્યારે ઈમરાનની બીબીએ (ખુદાથી) અરજ કરી કે **અય મારા પાલનહાર ! મારા પેટમાં જે બાળક છે (તેને હું દુનિયાના કામથી) આઝાદ કરીને તારી નઝર કરું છું.** તું મારા તરફથી (આ નઝરને) **કબૂલ ફરમાવ.** તું મહાન સાંભળવાવાળો અને જાણવાવાળો છે. પછી જ્યારે **તે છોકરીને જણી** તો(આશ્ચર્યથી) કહેવા લાગી, **અય મારા પરવરદિગાર ! (હું શું કરું) મેં તો આ છોકરીને જન્મ આપ્યો છે.'**

(સૂરએ આલે ઈમરાન, આયત-૩૪ થી ૩૫)

ઉપરોક્ત આયતે એ પ્રસંગને દર્શાવ્યો છે કે જ્યારે હઝરત ઈમરાનની બીબીએ જન્મનાર બાળકને અલ્લાહ(સુ.વ.ત.)ની સેવા માટે સમર્પિત કરી દીધું એવું વિચારીને કે તે નર સંતાન હશે. પરંતુ જ્યારે તેણીએ પુત્રીને જન્મ આપ્યો તો તેણી મુઝવણમાં પડી ગઈ કે હવે તેણીએ શું કરવું. અલ્લાહ (સુ.વ.ત.) તેણીના સમર્પણનો સ્વીકાર કરી લે છે અને નવજાત શિશુનું નામ મરિયમ(અ.) પાડ્યું. પછી અલ્લાહ(સુ.વ.ત.) તેણીની કાળજી લેનાર અને રક્ષક તરીકે હઝરત ઝકરીયા(અ.)ની નિમણૂક કરે છે.

બસ આવી જ રીતે આપણે પણ વખતો વખત અલ્લાહ(સુ.વ.ત.)ની પાસે આપણી સમજશક્તિ મુજબ અને આપણને જે સાચુ લાગે તે પ્રમાણે દુઆ કરીએ છીએ પરંતુ તે (અલ્લાહ) સઘળું જાણનારો અને સઘળું સમજનારો છે. તે કારણે <u>તે આપણે જેવી દુઆ માગી હોય એવીને એવી કદાચ ન પણ સ્વીકારે અને તેના બદલે તે આપણી દુઆને તેને યોગ્ય લાગે તે રીતે પરિપૂર્ણ કરે છે.</u>

ઉપરોક્ત પ્રસંગોને વાંચ્યા પછી આપણામાંના કેટલાકને કદાચ એવું લાગે કે આપણે અત્યાર સુધી અલ્લાહ(સુ.વ.ત.)ના પસંદ કરેલા બંદાઓ વિષે જ ચર્ચા કરી છે અને આથી તેમની દુઆઓને સરળતાથી સાંભળવામાં આવી. શું આપણા જેવા સામાન્ય માણસો માટે પણ આવું બને ખરું ?

**નિહાળું રડતી આંખે રૂબરૂ હું મારા મૌલાને,
અગર 'બેફામ' મારે માટે જન્નત હો તો એવી હો.**

**દુનિયાના દુઃખમાં એનો સહારો હુસૈન છે,
કે અશ્રુ સાથ જેની પુકારો હુસૈન છે.**

માટે ચાલો હવે આપણે નીચેની બે આયતો જોઈએ :

- 'અય રસૂલ(સ.) ! તું તેમના માલની ઝકાત લેતો રહે કે તે વડે તું તેમને પાક અને પવિત્ર બનાવે અને **તેમના માટે (રહેમતની) દુઆ કર; બેશક તારી દુઆ તેમના માટે સંતોષનું કારણ બને છે;** અને અલ્લાહ મોટો સાંભળનાર (અને) જાણનાર છે.'

(સૂરએ તૌબા, આયત-૧૦૩)

- 'અને (રસૂલ(સ.) !) જ્યારે તે **લોકોએ (નાફરમાની કરીને) પોતાના પ્રાણો પર જુલ્મ કર્યો** હતો જો **તમારી પાસે ચાલ્યા આવત અને ખુદાથી માફી માગત અને રસૂલ(સ.) (તમે) પણ તેમની મગ્ફેરતની ઈચ્છા કરત** તો બેશક **તે લોકો ખુદાને મોટો તૌબા કબૂલ કરનાર (અને) દયાળુ પામત.'**

(સૂરએ નિસા, આયત-૬૪)

રસૂલ(સ.)ની દુઆઓ આપણા માટે **એક મહાન રાહત છે.** ઉપરની આયત ફરમાવે છે કે જો કોઈ માણસ પોતાની જાતને ગુનેગાર બનાવીને પણ રસૂલે પાક(સ.)ની પાસે જાય અને અલ્લાહની રહેમત માટે **આપને શફાઅત કરવાનું કહે** તો **અલ્લાહ(સુ.વ.ત.) તેની મગ્ફેરત કરવાનું વચન આપે છે.**

એનો અર્થ એ થયો કે રસૂલે પાક(સ.)ના જમાના દરમિયાન દુઆના પોકારનો સહેલાઈથી જવાબ મળતો હશે. કોઈ માણસ રસૂલિલ્લાહ (સ.)ની પાસે પોતાની ઈચ્છાઓ સાથે પહોંચી જઈ શકત અને આપની દુઆ અને સિફારિશ દ્વારા અલ્લાહ(સુ.વ.ત.)એ તેની ઈચ્છાઓને પૂર્ણ કરી દીધી હોત. **પરંતુ આજે કોઈ (માણસ) કેવી રીતે દુઆ માગે કે જેથી તેની દુઆ સાંભળવામાં આવે ?**

આ લેખની શરૂઆતમાં આપણે સૂરએ આલે ઈમરાનમાંથી (આયત નં. ૧૬ અને ૧૭) જોઈ કે જે એવા પસંદ થયેલા બંદાઓના સંદર્ભમાં હતી કે જેમની દુઆઓની અને વર્તણુંકની અલ્લાહ (સુ.વ.ત.)એ પ્રશંસા કરી છે અને આપણે એ પણ જાણી ગયા કે રસૂલિલ્લાહ(સ.)ની દુઆઓ આપણા માટે મહાન રાહત છે. તેથી આપણે એવું અનુમાન કરી શકીએ કે આ પસંદ થયેલા બંદાઓ ગાઢ રીતે રસૂલિલ્લાહ(સ.)ની સાથે સંકળાયેલા હોવા જોઈએ અને તેથી જ તો **ચાલો આપણે તેમને શોધી કાઢીએ અને દુઆ માટેનું માર્ગદર્શન તેમની પાસેથી મેળવીએ.**

- 'એ કંદીલ એ ઘરોમાં રોશન છે કે **જેમના સંબંધમાં ખુદાએ હુકમ કર્યો છે કે તેમની તા'ઝિમ કરો** અને **તેમાં એનું નામ લેવામાં આવે** જેમાં સવારે અને સાંજે તે **લોકો તેમની તસ્બીહ કર્યા કરે છે.'**

(સૂરએ નૂર, આયત-૩૬)

ઉપરની આયતમાં ઈલાહી નૂરથી રોશન થયેલા અમુક ઘરોનો ઉલ્લેખ કરવામાં આવેલો છે કે જેમને ખુદ અલ્લાહ(સુ.વ.ત.)એ પ્રતિષ્ઠિત (ગૌરવવંતા) બનાવેલાં છે. આ ઘરોમાં રહેનારાઓ સવાર-સાંજ તેની તસ્બીહ કર્યા કરે છે અને તેમણે અલ્લાહનો જે મહિમા ગાયો છે તેની પ્રશંસા અલ્લાહે કેટલી બધી કરી છે :

- **'એવા લોકો** કે જેમને **ખુદાના ઝિક્રથી અને નમાઝ પઢવાથી અને ઝકાત અદા કરવાથી ન તો વેપાર ગાફેલ કરી શકે છે** કે ન તો લે-વેચનો કોઈ મામલો, કેમકે તે લોકો એ

**એનાં કદમને કેમ ન વળગી પડે તુફાન ?**
**સૌ જાણતાં હતાં કે કિનારો હુસૈન છે.**

**હો કરબલાનું રણ કે હો ફિરદોસનું ચમન,**
**છે સૌ જગાએ એવી બહારો હુસૈન છે.**

દિવસથી ડરતા રહે છે કે જેમાં ડરનાં માર્યાં દિલો અને આંખો ઉલટી થઈ જશે **એની ઈબાદત એટલા માટે કરે છે કે જેથી ખુદા તેમને તેમના આ'માલનો સર્વશ્રેષ્ઠમાં સર્વશ્રેષ્ઠ બદલો અર્પણ કરે** અને પોતાના ફઝલો કરમથી કંઈ વધારે પણ આપે અને ખુદા તો જેને ચાહે છે બેહિસાબ રોઝી આપે છે.' (સૂરએ નૂર, આયત-૩૭ થી ૩૮)

તેને (અલ્લાહને) યાદ કરવામાં તે લોકોની સમર્પણની અને નિખાલસતાની ભાવના, અને તેના હેતુ માટેની તેમની જવાબદારીનાં અલ્લાહ (સુ.વ.ત.)એ વખાણ કર્યા છે અને આ રીતે **તેણે તેમને પસંદ કરેલા છે અને યોગ્ય બદલો આપવાનું તેમને વચન આપ્યું છે.**

સલા'બીએ અનસ ઈબ્ને માલિક અને બુરૈદાનું અવતરણ ટાંક્યું છે કે જ્યારે રસૂલ(સ.)એ આ આયતની તિલાવત ફરમાવી તો હઝરત અબુબક્ર ઊભા થઈ ગયા અને અલી(અ.) અને ફાતેમા (અ.)ના ઘર તરફ નિર્દેશ કરીને પૂછ્યું, આ આયતમાં સંદર્ભ આપવામાં આવ્યો છે તે મુજબ જે ઘરોને પ્રતિષ્ઠિત બનાવ્યાં છે તેમાં શું આ ઘરનો સમાવેશ થાય છે ખરો ? તો રસૂલ(સ.)એ આવું ફરમાવીને જવાબ આપ્યો, **'હા, અને તે ઘર આ આયત જેમનો સંદર્ભ આપે છે તેવાં બીજાં ઘરોના કરતાં વધારે સારૂં છે.'**

(દુર્રે મન્સૂર, જિલ્દ-૫, પેજ-૫૦)

→ આમ **મૌલા અલી(અ.) અને ફાતેમા (અ.)ના ઘરને અલ્લાહ દ્વારા પ્રતિષ્ઠિત (ગૌરવવંતુ) બનાવેલ છે,** તેમણે એવી રીતે ઈબાદતો કરી છે કે જેવી રીતે અલ્લાહ(સુ.વ.ત.) ઈચ્છે છે અને તેથી જ તો **જો આપણે પણ તેમની દુઆ કરવાની રીત ઉપર અમલ કરીએ તો આપણને પણ સવાબ મળશે જ.**

આપણે બધાએ કુરાનમાં ટાંકવામાં આવેલા દુઆના ચમત્કારોને જોઈ લીધા છે તો ચાલો હવે આપણે દુઆનો એક એવો ચમત્કાર જોઈએ કે જેને મૌલા અલી(અ.)એ પોતાના ચાહનારાઓમાંથી એક જણને આપ્યો છે. તેને **'દુઆ-એ-મશ્લૂલ'** કહેવાય છે. આ દુઆથી તો મંઝિલ ઈબ્ને લાહિક નામના એક લકવાગ્રસ્ત માણસને શિફા મળી હતી.

તેના સતત ગેરવર્તન અને નાફરમાનીથી કંટાળીને મંઝિલના પિતાએ એવી બદદુઆ કરી હતી કે તે લકવાની બીમારીમાં સપડાશે. પુષ્કળ તૌબા અને વિનંતી કર્યા પછી તેના પિતા તે સાજો થાય તે માટે દુઆ કરવા સહમત થયા. અને તે બન્ને જણ મક્કા જવા નીકળ્યા પરંતુ કમનસીબે રસ્તામાં જ તેના પિતાનો ઈન્તેકાલ થઈ ગયો અને તે લકવાની બીમારીથી શિફા પામ્યા વગરનો રહ્યો. જ્યારે તે કા'બાની સામે ઊભો રહીને રડી રહ્યો હતો ત્યારે તેની ચીસોનો અવાજ મૌલા અલી(અ.) અને ઈમામ હુસૈન(અ.)ના કાને અથડાયો કે જેઓ હરમની અંદર હતા. જ્યારે તેણે મૌલા અલી(અ.)ની આગળ પોતાની કરૂણ કથનીનું વર્ણન કર્યું તો આપ(અ.)એ તેને આ દુઆ આપી. આ દુઆની અસરથી તે ચમત્કારિક રીતે સાજો થઈ ગયો. ઈમામ હુસૈન(અ.)એ ફરમાવ્યું છે કે **'દુઆએ મશ્લૂલ'**માં ઈસ્મે આઝમ છે.

બીજી એક દુઆ કે જે મૌલા અલી(અ.)એ પોતાના સહાબી કુમૈલને આપી હતી. તે દુઆ **દુઆ-એ-કુમૈલ** તરીકે પ્રખ્યાત છે. ઈમામ અલી(અ.)એ કુમૈલને આ દુઆ જુમેરાતે પઢવાની સૂચના આપી હતી, જો એવું ન બની શકે તો મહિનામાં એક વાર

**આશુરાના આફતાબે કહી દીધું રાતને,**
**જગની હવે તમામ સવારો હુસૈન છે.**

**તસ્વીર રંગી ખૂનથી ને જાન દઈ દીધી,**
**દીને ખુદા કેવો સિતારો હુસૈન છે.**

અને જો તે પણ ન બની શકે તો વર્ષમાં એક વખત પઢવી જેથી તેઓ દુશ્મનોના અનિષ્ટોથી અને કપટી લોકોનાં કાવતરાંથી બચી જશે.

**'સહીફએ કામેલા'** ઈમામ ઝયનુલ આબેદીન(અ.)ની દુઆઓનો સંગ્રહ છે. આ કિતાબના અંગ્રેજી ભાષાંતરવાળી કિતાબની પ્રસ્તાવનાના વિભાગમાં વિલિયમ ચિટ્ટિક (William chittick) નીચે મુજબ જણાવે છે :

'એવો હેવાલ આપવામાં આવ્યો છે કે રસૂલે ખુદા(સ.)એ એવું ફરમાવ્યું છે કે અલ્લાહ (સુ.વ.ત.) ફરમાવે છે : 'અય મારા બંદાઓ ! તમે બધા ગેરમાર્ગે દોરાયેલા છો સિવાય કે જેની હું હિદાયત કરું તેથી મારી પાસે હિદાયતની માગણી કરો અને હું તમારી હિદાયત કરીશ. તમે બધાય ગરીબ છો સિવાય કે જેને હું ધનવાન બનાવું તેથી મારી આગળ ધનસંપત્તિની માગણી કરો અને હું તમને તે પૂરી પાડીશ. તમે બધાય ગુનેગારો છો સિવાય એના કે જેમને હું આઝાદ કરું તેથી મારી આગળ માફી માગો અને હું તમને માફ કરીશ.'

રસૂલિલ્લાહ(સ.) અને તેમની આલે અત્હરે ફરમાવ્યું છે, 'દુઆ ઈમાનદાર માણસ(મોમિન)નું હથિયાર છે, દીનનો મુખ્ય સ્થંભ છે અને આકાશો તેમજ પૃથ્વીનું નૂર છે.'

અને અલ્લામા ઈકબાલે **'દુઆ'** માટે આવા અદ્‌ભુત શબ્દો કહ્યા છે :

**દિલસે જો બાત નીકલતી હૈ અસર રખતી હૈ,**
**પર નહીં, તાકતે પરવાઝ મગર રખતી હૈ.**

(દિલના ઊંડાણમાંથી જે શબ્દો નીકળતા હોય છે તે ચોક્કસપણે વજન ધરાવતા હોય છે. જો કે તેમને પાંખો નથી હોતી તેમ છતાંય તે અવકાશમાં ઉડવાની ક્ષમતા ધરાવતા હોય છે.)


**એના થકી બલંદ છે ઈન્સાનિયતનું નામ,**
**ઈન્સાનિયતનો ભાગ્ય સિતારો હુસૈન છે.**

**કુદ્‌સી-ઉલ-અસલ હૈ, રિફઅત પે નઝર રખતી હૈ**
**ખાકસે ઊઠ્ઠી હૈ, ગર્દૂં પે ગુઝર રખતી હૈ.**

((દુઆ) નિખાલસ અને આધ્યાત્મિક ગુણધર્મ ધરાવતી હોવાથી તે પોતાની નજરને ઊંચાઈની હદ સુધી પહોંચાડે છે. તુચ્છ માટીમાંથી ઊંચે ચઢીને તે છેક આકાશોમાં થઈને પસાર થઈ જાય છે.)

ખરેખર દુઆ એક ચમત્કાર જ છે અને આવી નિખાલસ દુઆઓ દ્વારા જ આપણે આપણી તમન્નાઓને પરિપૂર્ણ કરીએ છીએ. તેથી ચાલો આપણે **ઈમામ ઝયનુલ આબેદીન(અ.)ની કિતાબ સહીફએ કામેલા**ની અદ્‌ભુત દુઆમાંના અંશો દ્વારા દુઆ માગીએ અને સર્વશક્તિમાન એવા અલ્લાહે આપણને જે કંઈ આપ્યું છે, અને જે કંઈ આપણને તેણે નથી આપ્યું, તે માટે તેના શુક્રગુઝાર બનીએ.

'યા અલ્લાહ ! રહેમત વરસાવજે મોહંમદ(સ.) અને તેમના પવિત્ર વંશજો પર, તારા ચુકાદા દ્વારા મારી રૂહને ખુશ કરી દે, તારા નિર્ણયોના પ્રસંગો દ્વારા મારી છાતીને વિસ્તૃત કરી દે. મારામાં એવો વિશ્વાસ પેદા કર કે જેના દ્વારા હું એ વાતનો સ્વીકાર કરું કે તારો ચુકાદો હંમેશાં સર્વોત્તમ બાબતો તરફ જ ગતિ કરતો હોય છે અને જે કંઈ મારી પાસેથી લઈ લીધું છે તે માટેની મારી શુક્રગુઝારીને, તેં જે અર્પણ કર્યું છે તે માટેની મારી શુક્રગુઝારી કરતાં વધારે વિપુલ બનાવી દેજે, આમીન.' *



**નન્હે રોઝેદાર**

**બસારતફાતેમા મંજુરઅલી રાબડી**
**માતા : નજમાબેન (બાદરપુર-આણંદ)**
**ઉ.વર્ષ : ૧૧ રોઝા : ૨૯**

**આવ્યો છે માનવીના જગતમાં એ પ્યાર લઈ,**
**સૌ માનવીનો એટલે પ્યારો હુસૈન છે.**

# صبر و جبر — સબ્ર ઔર જબ્ર

'ઝફર' ગોરખપુરી

| | |
|---|---|
| یہ زمینِ کربلا، یہ مسکنِ برق و شرار | યે ઝમીને કરબલા મસ્કને બર્કો શરાર, |
| حق و باطل کا تصادم، آدمیت کی پکار | હક વ બાતિલકા તસાદુમ આદમિયતકી પુકાર. |
| یہ لچکتی برچھیوں کے پھل قطار اندر قطار | યે લચકતી બરછીયાંકે ફલ કતાર અંદર કતાર, |
| نوجواں سینوں کی جانب دوڑتے نیزوں کے وار | નવજવાં સીનોંકી જાનિબ દૌડતે નેઝોં કે વાર. |
| اک طرف آلِ محمدؐ، اک طرف بائیس ہزار | એક તરફ આલે મોહંમદ એક તરફ બાઈસ હઝાર, |
| آگ کے دریا میں کیا پانی کے قطروں کا شمار | આગકે દર્યા મેં ક્યા પાનીકે કતરોં કા શુમાર. |
| آج یہ قطرے مگر کس شان سے بیدار ہیں | આજ યે કતરે મગર કિસ શાનસે બેદાર હૈ |
| آگ کو زمزم بنا دینے پہ جو تیار ہیں | આગ કો ઝમઝમ બના દેનેપે જો તૈયાર હૈ, |
| جبر بولا میں مصیبت ہوں، قضا ہوں، کال ہوں | જબ્ર બોલા મૈં મુસીબત હૂં, કઝા હૂં, કાલ હૂં. |
| صبر بولا میں علیؑ شیرِ خدا کا لال ہوں | સબ્ર બોલા મૈં અલી શેરે ખુદાકા લાલ હૂં. |
| جبر بولا برق ہوں، آندھی ہوں، انگارہ ہوں میں | જબ્ર બોલા બર્ક હૂં, આંધી હૂં, અંગારા હૂં મૈં, |
| صبر بولا فاطمہؑ کی آنکھ کا تارا ہوں میں | સબ્ર બોલા ફાતેમાકી આંખકા તારા હૂં મૈં. |
| جبر بولا تیر ہوں، تلوار ہوں، بھالا ہوں میں | જબ્ર બોલા તીર હૂં, તલ્વાર હૂં ભાલા હૂં મૈં, |
| صبر بولا مصطفےٰ کی گود کا پالا ہوں میں | સબ્ર બોલા મૂસ્તફાકી ગોદકા પાલા હું મૈં. |
| جبر بولا سینکڑوں جرار میرے پاس ہیں | જબ્ર બોલા સૈંકડોં જર્રાર મેરે પાસ હૈ, |
| صبر بولا ساتھ میرے قاسم و عباس ہیں | સબ્ર બોલા સાથ મેરે કાસિમો અબ્બાસ હૈ. |
| جبر بولا گھول دوں گا بس نہرے رنگ میں | જબ્ર બોલા ગોલ દુંગા બસ નહેરે આગમેં, |
| صبر بولا گل کھلا دوں گا دہکتی آگ میں | સબ્ર બોલા ગુલ ખિલા દુંગા દહકતી આગમેં. |

વારી ગયું છે મોત પણ જેની કળા ઉપર,
એવા અમર જીવનનો ચિતારો હુસૈન છે.

અલ્લાહ જાણે કોણ છે એમાં હુસૈનના?
'બેફામ' સૌ કહે છે અમારો હુસૈન છે.

| | |
|---|---|
| جبر بولا ہر طرف پانی پہ ہے پہرہ مرا | જબ્ર બોલા હર તરફ પાનીપે હૈ પહેરા મેરા, |
| صبر بولا ربط ہے تسنیم سے گہرا مرا | સબ્ર બોલા રબ્ત હૈ તસ્નીમસે ગહેરા મેરા. |
| جبر بولا جنگ جو ہوں، نام ہے میرا یزید | જબ્ર બોલા જંગજૂ હૂં નામ હૈ મેરા યઝીદ, |
| صبر بولا ہوں حسینؑ ابن علیؑ، مرنا ہے عید | સબ્ર બોલા હૂં હુસૈન ઈબ્ને અલી, મરના હૈ ઈદ. |
| جبر بولا کرلے بیعت، زندگی مجبور ہے | જબ્ર બોલા કરલે બયઅત ઝિંદગી મજબૂર હૈ, |
| صبر بولا مار دے گردن مجھے منظور ہے | સબ્ર બોલા માર દે ગરદન મુઝે મંઝૂર હૈ. |
| دھمکیاں بے سود ہیں اب تیغ خوں آشام کی | દહકીયાં બેસૂદ હૈ અબ તેગ ખૂં આશામ કી, |
| مرگ اہل بیت ہے، زندگی اسلام کی | મર્ગે એહલેબયતસે હે ઝિંદગી ઈસ્લામકી. |
| دل کو استقلال دے شوق شہادت بخش دے | દિલકો ઈસ્તેકલાલ દે શૌકે શહાદત બક્ષ દે, |
| مالک دنیا مرے نانا کی امت بخش دے | માલિકે દુન્યા, મેરે નાનાકી ઉમ્મત બક્ષ દે. |
| السلام اے پیکر حسن صداقت السلام | અસ્સલામ અય પયકરે હુસ્ને સદાકત અસ્સલામ, |
| السلام اے غنچۂ باغ رسالت السلام | અસ્સલામ અય ગુંચ એ બાગે રિસાલત અસ્સલામ. |
| السلام اے انجم عرش نبوت السلام | અસ્સલામ અય અંજમે અર્શે નબુવ્વત અસ્સલામ, |
| السلام اے چارہ ساز درد امت السلام | અસ્સલામ અય ચારાસાઝે દર્દે ઉમ્મત અસ્સલામ. |
| السلام اے رہرو راہ شہادت السلام | અસ્સલામ અય રહરવે રાહે શહાદત અસ્સલામ, |
| السلام اے رہنمائے آدمیت السلام | અસ્સલામ અય રહેનુમાએ આદમિયત અસ્સલામ. |
| السلام اے تشنہ لب اے پیاس کے مارے حسینؑ | અસ્સલામ અય તશ્નાલબ અય પ્યાસકે મારે હુસૈન, |
| السلام اے کملی والے کے جگر پارے حسینؑ | અસ્સલામ અય કમલીવાલેકે જિગર પારે હુસેન. |
| ہو رہا ہے دہر میں خون صداقت آج بھی | હો રહા હૈ દહ્રમેં ખૂને સદાકત આજ ભી, |
| آپ کے عزم و عمل کی ہے ضرورت آج بھی | આપકે ગર્મો અમલ કી હૈ ઝરૂરત આજ ભી. |

**શબ્દાર્થ** મસ્કન : રહેવાનું ઘર બર્કોશરાર : વિજળી અને અંગારા તસાદુમ : ટક્કર, આદમિયત : માનવતા બેદાર : જાગૃત, જીવંત, કઝા : મોત બર્ક : વીજળી જર્રાર : બહાદુર રબ્ત : સંબંધ તસ્નીમ : જન્નતની એક નહેરનું નામ જંગજૂ : લડવૈયો ઈદ: ખુશી દહ્કીયાં : પરેશાનીઓ બેસૂદ : નિરર્થક ખૂંઆશામ : લોહી પીનારી મર્ગ : મોત ઈસ્તેકલાલ : મજબૂતી અંજમે : સિતારાઓ ચારાસાઝ : તબીબ રહરવ : પથિક તશ્નાલબ : સૂકા હોઠવાળા દહ્ર : જમાનો

**જોઈ લો આ આખી દુનિયાની કહાની જોઈ લો,**
**જોડ નહીં મળશે ઝમીને કરબલાની જોઈ લો.**

**આંખનાં આંસુઓ સારી, આંસુઓની આંખથી,**
**મજલિસોમાં હાજરી મા ફાતેમાની જોઈ લો.**

# નહજુલ ઈસરાર

હઝરત અલી(અ.)ના ખુત્બાઓ, બોધવચનો, પત્રો, જવાબપત્રો, આદેશો, હુજ્જતો, દુઆઓ અને વસિયતોનો સંગ્રહ

:::: સંપાદક ::::
મોલ્વી સૈયદ ગુલામહુસૈન રઝા
:::: અનુવાદ ::::
મો.કાસમભાઈ વિજાપુરા

## નૂરે મોહંમદી(સ.)ની ખિલ્કત (ઉત્પત્તિ) અને હિજાબત (પડદા)

હઝરત ઈમામ જાફર સાદિક(અ.)થી રિવાયત છે કે હઝરત અલી(અ.)એ ઈર્શાદ ફરમાવ્યો :

નિઃશંકપણે ખુદાએ બુઝુર્ગ અને બરતરે નૂરે મોહંમદી(સ.)ને આસમાનો અને જમીન, અર્શ અને કુર્સી, લોહ અને કલમ તથા જન્નત અને જહન્નમની ઉત્પત્તિના પહેલાં અને આદમ(અ.), અને નૂહ(અ.), ઈબ્રાહીમ(અ.) અને ઈસ્માઈલ(અ.) તેમજ યાકૂબ(અ.)ના સર્જન પહેલાં, અલ્લાહ તઆલાના ઈર્શાદ મુજબ અમે તેમને સિરાતે મુસ્તકીમની તરફ હિદાયત કરી અને બધા અંબિયાની પેદાઈશથી ચાર લાખ ચોવીસ હજાર વર્ષ પહેલાં પેદા કર્યું અને તે નૂરની સાથે સાથે ખુદાવંદે તઆલાએ બાર હિજાબો(પડદા) અર્થાત હિજાબે કુદ્રત, હિજાબે અઝમત, હિજાબે મન્નત, હિજાબે રહેમત, હિજાબે સઆદત, હિજાબે કરામત, હિજાબે મંઝિલત, હિજાબે હિદાયત, હિજાબે નબુવ્વત, હિજાબે રિફ્અત, હિજાબે હૈબત અને હિજાબે શફાઅતનું સર્જન કર્યું

ત્યાર પછી નૂરે મોહંમદ સ્વલલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમને હિજાબે કુદ્રતમાં બાર હજાર વર્ષ સુધી રાખ્યું જ્યાં તે **સુબ્હાનલ્લાહ રબ્બિલ આ'લા** કહેતું રહ્યું અને હિજાબે અઝમતમાં અગિયાર હજાર વર્ષ સુધી રહ્યું જ્યાં તે **સુબ્હાન આલેમુલ સર** કહેતું રહ્યું અને હિજાબે મિન્નતમાં દસ હજાર વર્ષ સુધી રહ્યું જ્યાં તે **સુબ્હાન મનહો કાએમ લા યલ્હૂ** કહેતું રહ્યું અને હિજાબે રહેમતમાં નવ હજાર વર્ષ સુધી **સુબ્હાન અર્રફીઉલ આ'લા** કહેતું રહ્યું અને હિજાબે સઆદતમાં આઠ હજાર વર્ષ સુધી **સુબ્હાન મન હુદાતુમુલ ઐસહુ** કહેતું રહ્યું અને હિજાબે કરામતમાં સાત હજાર વર્ષ સુધી રહ્યું જ્યાં તે **સુબ્હાન મનહો ગની લા યફતકર** કહેતું રહ્યું અને હિજાબે મંઝિલતમાં છ હજાર વર્ષ સુધી **સુબ્હાન રબ્બિલ આ'લા અલ કરીમ** કહેતું રહ્યું અને હિજાબે હિદાયતમાં પાંચ હજાર વર્ષ રહ્યું જ્યાં તે **સુબ્હાન ઝિલ અર્શિલ અઝીમ** કહેતું રહ્યું અને હિજાબે નબુવ્વતમાં ચાર હજાર વર્ષ સુધી **સુબ્હાન રબ્બિલ ઈઝઝત અમ્મા યા સ્વાફૂન** અને હિજાબે રિફઅતમાં ત્રણ હજાર વર્ષ સુધી **સુબ્હાનઝિલ મલક વલ્મલ્કૂત** કહેતું રહ્યું અને હિજાબે હૈબતમાં બે હજાર વર્ષ સુધી **સુબ્હાનલ્લાહ વબેહમ્દેહ** કહેતું રહ્યું અને હિજાબે શફાઅતમાં એક હજાર વર્ષ સુધી રહ્યું જ્યાં તે **સુબ્હાન રબ્બિયલ અઝીમ વબેહમ્દેહ** કહેતું રહ્યું.

ત્યાર પછી ખુદાએ ઈઝઝોજલે તેમનાં નામોને લૌહ ઉપર જાહેર કર્યાં અને તે સાત અર્શ પર સાત હજાર વર્ષ સુધી સ્થિર રહ્યાં એટલે સુધી કે ખુદાએ તેને આદમ(અ.)ની સુલ્બ(પીઠનાં હાડકાં)માં સ્થિરતા આપી.

(બહર અલ મુઆરિફ, સફા-૨૭૩)

**મોત પણ બરછી બનીને કાળજે વળગી પડી,**
**કેવી ઝિન્દાદિલ છે અકબરની જવાની જોઈ લો.**

**જીભ હોઠો પર ફરે છે ને કહી દે છે બધું,**
**બેઝુબાનીમાં અસગરની ઝુબાની જોઈ લો.**

નોંધ : આ ઈર્શાદમાં જે વર્ષોનું વર્ણન છે તેની સ્પષ્ટતા (કરવામાં આવી) નથી કે દર વર્ષની લંબાઈ કેટલી હતી કેમકે આ એ વખતનું વર્ણન છે કે જ્યારે ન તો આકાશો અને જમીન હતાં કે ન તો સૂર્ય અને ચંદ્ર તેથી ન તો તે સૂર્ય આધારિત વર્ષ હતું કે ન ચંદ્ર અધારિત વર્ષ પરંતુ તે પ્રકાશવર્ષ કે જેની લંબાઈનો જાણનાર ખુદાવંદે આલમ અને અઈમ્મએ તાહેરીન(અ.) જ હતા.

**હિજાબ અને વધારાના હિજાબ**

ઝૈદ ઈબ્ને વહબથી રિવાયત છે કે હઝરત અમીરુલ મોમિનીન અલી(અ.)ને હિજાબો (પડદાઓ) વિષે સવાલ કરવામાં આવ્યો તો આપે ફરમાવ્યું :

હિજાબ સાત છે કે જે ખૂબ જ વિસ્તૃત છે તેમાંથી પહેલો હિજાબ પાંચસો વર્ષના રસ્તાની બરોબર છે. બીજો હિજાબ સિત્તેર હિજાબો ઉપર આધારિત છે જેના દરેક બે હિજાબોની વચ્ચે પાંચસો વર્ષનું અંતર છે તેમાંથી દરેક હિજાબમાં સિત્તેર હજાર ફરિશ્તાઓ છે અને દરેક ફરિશ્તાની શક્તિ સકલૈન (મનુષ્યો અને જિન્નાતો)ની શક્તિ બરાબર છે. આ હિજાબ અંધકાર, નૂર, નાર(આગ), ધૂમાડો, વાદળ, વીજળી, મેઘગર્જના, રેતી, પહાડ, ધૂળ, પાણી અને નહેરોના છે. આ પડદા એકબીજાથી અલગ અને ઘટ્ટ છે. દરેક પડદાની ઘટ્ટતા સિત્તેર હજાર વર્ષના અંતરની, પછી ખૂબ જ રહસ્યમય જલાલના (પડદા) છે જે સંખ્યામાં સાઈઠ છે. દરેક પડદામાં સિત્તેર હજાર ફરિશ્તાઓ છે અને એક પડદાથી બીજા પડદા સુધી પાંચસો વર્ષનો રસ્તો છે. પછી સદર્કિ ઈજ્જત છે. પછી સદર્કિ કિબ્રિયા, પછી સદર્કિ કુદ્સ, પછી સદર્કિ જબરુત, પછી સદર્કિ ફખ્ર પછી સદર્કિ નૌર સફેદ પછી સદર્કિ વહેદાનિયત છે, જેની ઘટ્ટતા સિત્તેર હજાર વર્ષના અંતરની છે ત્યાર પછી હિઝાબે આ'લા છે. (બિહાર અલ મઆરિફ, સફા-૨૭૨)

ત્યાર પછી હઝરતે શાંતિ ધારણ કરી. એ વખતે હઝરત ઉમર પણ ત્યાં મોજૂદ હતા, તે કહેવા લાગ્યા કે અય અબુલ હસન ! હું એ દિવસે જીવતો ન રહું કે આપને ન જોઉં.

**દીન એના નામથી 'બેફામ' જીવે છે હવે,**
**મોત એની થઈ ગઈ છે ઝિન્દગાની જોઈ લો.**

**મોહંમદ(સ.) વ આલે મોહંમદ(સ.)ની પેદાઈશ અને અંબિયાનો મીસાક(અહદ)**

અબુ હમ્ઝા સિમાલીથી રિવાયત છે કે હઝરત અલી(અ.)એ ફરમાવ્યું : નિઃશંકપણે અલ્લાહ તઆલા અહદ અને વાહિદ છે. તે વહદાનિયતમાં એક અને એકલો છે. પછી તેણે એક કલ્મા દ્વારા વાણી ઉચ્ચારી કે જે બધું નૂર અને નૂર જ હતું પછી તેણે તે નૂરમાંથી મોહંમદ(સ.)ને, મને અને મારી ઓલાદને પેદા કરી. પછી એક કલ્મામાં વાણી ઉચ્ચારી કે જે બધી રૂહ જ રૂહ હતી. પછી અલ્લાહે તે રૂહને અમારા શરીરોમાં સ્થિર કરી, તેથી અમે રૂહે ખુદા અને તેના કલ્માઓ છીએ અને અમારા જ કારણે અમને મખ્લૂકથી છૂપા રાખ્યા અને અમે હંમેશાં (તેની રહેમતના) લીલા છાંયડામાં રહ્યા. એ વખતે ન તો સૂર્ય હતો કે ન ચંદ્ર, ન રાત હતી કે ન દિવસ, ન કોઈ આંખ હતી કે જે (અમને) જોઈ શકે. અમે એ વખતે તેની બંદગી અને તસ્બીહ અને તક્દીસ બજાવી લાવતા અને તેની બુઝુર્ગીનો એકરાર કરતા હતા. આ એ વખતે હતું કે જ્યારે કોઈ મખ્લૂક પેદા થઈ ન હતી. તેણે અંબિયાનો એ બાબત ઉપર મીસાક(વચન/અહદ) લીધો કે અમારા ઉપર ઈમાન લાવે અને અમારી નુસરત કરે તેથી તો બારી તઆલાનો ઈર્શાદ છે કે જે વખતે ખુદાએ નબીઓ પાસેથી અહદ લીધો હતો કે જ્યારે તમને

**પયામે એહલે પયમ્બર બની ગયાં ઝયનબ,**
**સદાએ અલ્લાહો અકબર બની ગયાં ઝયનબ.**

કિતાબ અને હિકમત અતા કરવામાં આવશે અને એક રસૂલ તમારી પાસેની વસ્તુઓનું સમર્થન કરતો કરતો આવશે તો તમે ચોક્કસપણે તેના ઉપર ઈમાન લાવજો અને તેની મદદ કરજો.

### હઝરત અલી(અ.)નો અફઝલ દરજ્જો

સલીમ ઈબ્ને કૈસથી રિવાયત છે કે હઝરત અમીરુલ મોમિનીનની ખિદમતમાં એક વખત એક માણસ હાજર થયો અને અમે આ વાર્તાલાપ સાંભળ્યો :

**સાઈલ :** યા અમીરુલ મોમિનીન ! આપની સૌથી અફઝલ મન્કબત (અલ્લાહવાળા લોકોની ગુણગાથા) બયાન ફરમાવો.

**અમીરુલ મોમિનીન :** (અમારી ગુણગાથા) એ જ છે કે જે ખુદાએ પોતાની કિતાબમાં નાઝિલ ફરમાવી છે.

પ્રો.અબ્બાસઅલી ઈસ્માઈલભાઈ સુણસરા
મોબાઈલ : ૯૮૨૫૪૫૯૮૨૫
ફેશન
રેડીમેડ
જીન્સ, શર્ટ, ટી-શર્ટ,
સ્લીમ શર્ટ, ટ્રાઉઝર્સ, નાઈટી અને
ચિલ્ડ્રનવેર મળશે.
છાપી તાજ હોટલની બાજુમાં,
ડાયમંડ કોમ્પલેક્ષ, ગાલા નં. ૧૮-એ, છાપી.

**સાઈલ :** એમાં શું નાઝિલ ફરમાવ્યું છે ?

**અમીરુલ મોમિનીન :** ખુદાવંદે તઆલાનો ઈર્શાદ છે કે 'શું જે માણસ પોતાના રબ તરફથી રોશન દલીલ પર હોય અને તેની પાછળ પાછળ જ એમાંનો એક ગવાહ આવ્યો હોય. હું રસૂલે ખુદા(સ.)નો ગવાહ છું અને ખુદાનો એ કોલ કે જેની પાસે ઈલ્મે કિતાબ હોય (તે) ખાસ કરીને મારા વિષે છે અને ખુદાએ આ આયતમાં મારા સિવાય બીજા કોઈનો ય ઝિક્ર કર્યો નથી.

**સાઈલ :** રસૂલિલ્લાહ(સ.) દ્વારા આપની સાથેનો જે અફઝલ દરજ્જો હોય તો બયાન ફરમાવો.

**અમીરુલ મોમિનીન :** રસૂલે ખુદા(સ.)એ ખુમે ગદીરના દિવસે મને જ વિલાયતે અલ્લાહથી ખુદાએ ઈઝઝોજલના હુકમથી કાયમ (પ્રસ્થાપિત) કર્યો હતો અને તેમનો કોલ છે કે તમે મારી સાથે એવા દરજ્જા પર છો કે જે હારૂનને મૂસા(અ.) સાથે હતો. વળી રસૂલિલ્લાહ(સ.)ની સાથે મેં રિસાલતના કાર્યને અંજામ આપ્યો છે, આ એ વખતની વાત છે કે જ્યારે સ્ત્રીઓ માટે પડદાનો હુકમ નાઝિલ થયો નહોતો ત્યારે મેં રસૂલિલ્લાહ(સ.)ની સૌથી પહેલાં એ વખતે ખિદમત કરી હતી કે જ્યારે કોઈ ખિદમત કરવાવાળું નહોતું.

રસૂલિલ્લાહ(સ.)ના માટે એક મોટી રજાઈ હતી કે તેના સિવાય બીજી કોઈ રજાઈ ન હતી. તેના ઉપર રસૂલિલ્લાહ(સ.) મારા અને આઈશાની વચ્ચે સૂઈ રહેતા હતા. તેના સિવાય અમારી પાસે કોઈ પથારી ન હતી. રસૂલિલ્લાહ(સ.) નમાઝ માટે ઊઠ્યા કરતા હતા.

**મુનાફિકોના ઉખેડ્યા છે એમ દરવાજા,**
**કે જાણે ફાતહે ખયબર બની ગયાં ઝયનબ.**

**લૂંટાવા દીધી નહીં એણે લાજ મઝહબની,**
**કંઈ એમ ઝેહરાની ચાદર બની ગયાં ઝયનબ.**

એક વખત મને તાવ આવી ગયો જેના કારણે હું જાગતો રહ્યો અને મારા કારણે રસૂલિલ્લાહ(સ.) પણ જાગતા રહ્યા. એક રાત્રે મને ખબર મળી કે મારા અને મુસલ્લાની વચ્ચે કોઈ નમાઝ પઢી રહ્યું છે કે જેની મને માહિતી આપવામાં આવી ન હતી. પછી તે મારી પાસે આવ્યો અને મને સવાલ કર્યો અને મારી તરફ જોતો રહ્યો અને ત્યાંથી ખસ્યો નહીં. આવું તે સમય સુધી થતું રહ્યું કે સવાર પડી ગઈ. ત્યાર પછી આપ(સ.)એ પોતાના અસ્હાબો સાથે નમાઝ અદા ફરમાવી.

પછી ફરમાવ્યું કે ખુદાવંદા ! અલીને શિફા અતા ફરમાવ. અને તેને સુરક્ષિત રાખ કેમકે તેણે દર્દને કારણે મને રાત્રે જાગતો રાખ્યો. આથી જાણે કે તેણે મને બંધનમાંથી છોડી દીધો. આ બાબત મારી સાથે અનાયાસે જ થઈ ગઈ હતી.

પછી રસૂલિલ્લાહ (સ.)એ ફરમાવ્યું કે અય ભાઈ ! તમને બશારત થાય, તમને આ વાતની.

હઝરત(સ.)ના અસ્હાબો સાંભળી રહ્યા હતા. મેં અરજ કરી કે યા રસૂલિલ્લાહ ! ખુદા આપને ખુશ રાખે અને મને આપના ઉપર ફિદા કરી દો. હઝરત(સ.)એ ફરમાવ્યું કે મેં કોઈ પણ વસ્તુ માટે સવાલ નહોતો કર્યો પરંતુ એ કે તે મને અર્પણ થઈ ગઈ અને મેં મારી જાતના માટે કોઈ સવાલ ન કર્યો પરંતુ એટલો જ કે આના જેવો જ તમારા માટે પણ સવાલ કર્યો અને મેં ખુદાથી દુઆ કરી કે મારી અને તમારી વચ્ચે ભાઈચારો પેદા કરે. આથી ખુદાએ એવું જ કર્યું અને મેં સવાલ કર્યો કે તમને મારા પછી સઘળા મોમિનોના વલી ગણે. *

(બહરૂલ મઆરિફ, સફા-૪૯૨)

## ક્ષમા યાચના


રૂશેદઅલી | નરજીસબેન | આબિદઅલી | આબેદાબેન | ઝોહરાબાનુ

અલ્લાહ તઆલાના ફઝલો કરમથી અને કા'બા વ કિબ્લા આલી જનાબ હાજરપીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન બાવા સાહેબ(મદ્દે.)ની ભલી દુઆઓથી અમો વસો નિવાસી હાલમાં (લેસ્ટર-લંડન) **મો.હાજી રૂશેદઅલી હાજી ગુલામઅલી ચોતરાવાળા** તથા મારાં મહોરદાર **મો.હાજીયાણી નરજીસબેન હાજી રૂશેદઅલી ચોતરાવાળા** તથા **મો.આબિદઅલી ગુલામનબી (રોયલવાળા)** તથા મારાં મહોરદાર **મો.આબેદાબેન આબિદઅલી (રોયલવાળા)** તથા **મો.નુરમોહંમદ ગુલામહુસૈન (અલીજી)** તથા મારાં મહોરદાર **મો.ઝોહરાબાનુ નુરમોહંમદ (અલીજી)**ને નવેમ્બર-૨૦૧૧માં ઝિયારત કરવા જવાનું નસીબ પ્રાપ્ત થયેલ છે. અમારું આપ સૌને નિવેદન છે કે અમારા દ્વારા સગા-સંબંધીઓ, મિત્રો, પાડોશીઓ, સહપંથીઓ અને સર્વે મોમિન ભાઈ-બહેનોથી જાણ્યે અજાણ્યે કોઈ ભૂલચૂક થઈ હોય તો ક્ષમ્ય ગણીને માફ કરશો. અને અમે દુઆ ગુઝારીએ છીએ કે પરવરદિગારે આલમ મોહંમદ વ આલે મોહંમદની ભલી દુઆઓથી દરેક મોમિન ભાઈ-બહેનને હજ-ઝિયારત નસીબ કરે, આમીન.

લિ.

**મો.હાજી રૂશેદઅલી ગુલામઅલી ચોતરાવાળા**
**મો.હાજીયાણી નરજીસબેન રૂશેદઅલી ચોતરાવાળા**
**મો.આબિદઅલી ગુલામનબી (રોયલવાળા)**
**મો.આબેદાબેન આબિદઅલી (રોયલવાળા)**
**મો.નુરમોહંમદ ગુલામહુસૈન (અલીજી)**
**મો.ઝોહરાબાનુ નુરમોહંમદ (અલીજી)**

જગતભરના મુસલમાનોનું ઈબાદત કેન્દ્ર કા'બા, જગતભરના મોમિનોનું શ્રધ્ધા કેન્દ્ર કરબલા.

જગતભરના મુસલમાનોનું ઈબાદત કેન્દ્ર કા'બા, જગતભરના મોમિનોનું શ્રધ્ધા કેન્દ્ર કરબલા.

હઝરત પીર મશાયખ બાવા(રહે.) કૃત.....

# મશાયખવાણી

## તરીકત યા'ને ધરમ મૂલ

● સત ગુરૂ પીર મશાયખ વાચા ●

**બયાન નં.૯૭**

**પીયાજીકા બિસરન બોત દોહેલા,**
**વે કયું હોવે મનસું સોહેલા.**

(હઝરત પીર મશાયખ (રહેમતુલ્લાહ અલયહા) બાવા ફરમાવે છે કે પીયુજીનો વિયોગ ખૂબ જ કઠીન બાબત છે. તે પ્રેમીના મનની દ્રષ્ટિએ સહેલી બાબત કેવી રીતે હોઈ શકે ?)

**જો પહેલા પીયુ દેખ કર પીછે બસોવે,**
**તો દુઃખ અપારા, કાહે નાં હોવે ?**

(જેણે એક વાર પીયુને જોઈ લીધો હોય અને ત્યાર પછી તેને પોતાનો પીયુ જોવા ન મળે તો તેના દિલને પાર વગરનું દુઃખ કેમ ન થાય ?)

**પીયા સંગ નેહા જેને કો નાં જાંના,**
**બિરહા રે કરવત એ નાં રે પિછાંના.**

(જેણે પીયુજી સાથેના પ્રેમને જાણ્યો જ ન હોય, પ્રેમનો અનુભવ જ ના કર્યો હોય તેવો માણસ વિરહ રૂપી કરવતના દુઃખને શું જાણી શકે ?)

**કે બધુઆ રે ભારી અનું તન નાંહાં,**
**કે પીયાજી નાં જાંના આપ તન માંહાં.**

(પોતાના શરીરમાં પીયુજીનો અનુભવ જ નથી કર્યો એવું સમજીને પીયુજીને વિસરી જવું તેના શરીર માટે કેટલું બધું ભારે કાર્ય છે.)

**જું બાંઝણી નાં જાંને પીડા પુત કેરી,**
**વે હસ બોત બાતાં કરે રે અનેરી.**

(જેવી રીતે વાંઝણી સ્ત્રી પુત્ર જન્મ વખતે કેવી પીડા થાય છે તે જાણતી જ નથી અને એ વાત સાંભળીને હસી હસીને જુદી જુદી વાતો કરે છે તેવું જ જેણે પીયુજી સાથે પ્રીત ન કરી હોય તેવા માણસનું પણ છે.)

**જીસ પર પીયુકા ભાવ નાં આવે,**
**દુહાગણ પીયુ બિના વે રે કે'લાવે.**

(જે સ્ત્રી ઉપર પીયુજીને કોઈ પ્રેમભાવ જ આવતો ન હોય, તેવી પીયુના પ્રેમ વગરની સ્ત્રીને દુહાગણ એટલે કે પતિની અણમાનીતી સ્ત્રી કહેવાય છે.)

**તો કરવત બિરહા ઉનું રે નાં જાંના,**
**કે પહેલા રે પીતસું પીયુ નાં પિછાંના.**

(જેણે પ્રથમ વાર પોતાના પીયુની પ્રીતને જાણી જ નથી તેને વિરહ રૂપી કરવતની વેદના શું છે તેની ખબર નથી હોતી.)

**પણ જિસકું રે પીયાજી આપ દિખાયા,**
**દોનું તન એક કર ખેલ ખેલાયા.**

(પરંતુ જેણે પોતાના પીયુને પોતાની નજરે જોઈ લીધો હોય અને બન્નેનાં શરીર એકાકાર બનીને પ્રેમનો ખેલ ખેલ્યો હોય...)

**તો બધુઆ રે ભારી ઉસ તન લાગા,**
**બેરાગ પીયાકા તબ જાને જાગા.**

(અને ત્યાર પછી બન્ને વચ્ચે જુદાઈ ઉત્પન્ન

**લડ્યા છે ભાઈ, અને બહેને ઘાવ ઝીલ્યા છે,**
**હુસૈન તેગ, તો બખ્તર બની ગયાં ઝયનબ.**

**હુસૈને સરને ઝુકાવી કપાવ્યું સજદામાં,**
**તો દીન માટે ઊંચું સર બની ગયાં ઝયનબ.**

થઈ હોય અને અલગતા પેદા થઈ હોય ત્યારે તેના દિલમાં તેના પીયુનો વિયોગ ઉત્પન્ન થાય છે.)

**કે દેખતે રે પીયાજી અલોપ હોવે,**
**તો વે રે તન અપના કાહે નાં ખોવે.**

(પોતાના પીયુને નજરોની સમક્ષ જોયેલ હોય અને ત્યાર પછી તે પીયુજી અલોપ થઈ જાય, દેખાતો બંધ થઈ જાય તો તેવી વ્યક્તિ પીયુજીના વિરહમાં પોતાના શરીરને શા માટે ખોઈ ન નાખે ?)

**જું દરખત કેરે પાંત જે કહીએ,**
**બોત સુહાગા ઉનું પર લહીએ.**

(જેવી રીતે ઝાડના પાંદડાંની વાત. ઝાડનાં પાંદડાને ઝાડની સાથે રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયેલું હોય છે. અમુક સમયથી તે ઝાડની સાથે જોડાયેલું હોય છે.)

**દરખત પાત જબ એ રે બિછોહે,**
**તબ સુખ ને તન સબ ખો કર રહે.**

(પાંદડાને ઝાડ સાથે પ્રીત હોય છે પરંતુ જયારે પાંદડું ઝાડથી અલગ થાય છે એટલે કે ખરી પડે છે તો તે વિરહને લીધે સુકાઈ જાય છે અને છેવટે તે પોતાના અસ્તિત્વને ખોઈ નાખે છે.)

**બીસરન પીયુકા એસા રે કહીએ,**
**પીત પીયા સું અનું સર લહીએ.**

(હઝરત પીર મશાયખ (રહે.અ.) બાવા ફરમાવે છે કે પીયુજીનો વિયોગ આવો હોય છે કે પ્રિયપાત્રના વિયોગમાં પ્રેમી પોતાનું અસ્તિત્વ મિટાવી દે છે. તો તમે પણ પીયા સાથે આવી પ્રીત કરજો.)

**જીનું પર ભાવા પીયા કેરા નાંહાં,**
**બીછુએ કા દુઃખ નાં ઉસ તન માંહાં.**

(જેને પોતાના પીયુ ઉપર પ્રેમભાવ જ ન હોય તો તેના તનમાં પીયુજીથી વિખૂટા પડવાનું દુઃખ જ નથી હોતું.)

**જું રે નાગરવેલ પાંન કહાવે,**
**બીસરન દુઃખ ઉસે રે નાં આવે.**

(હઝરત પીર મશાયખ (રહે.અ.) બાવા નાગરવેલના પાંદડાનું દ્રષ્ટાંત આપીને સમજાવે છે કે તેને તેના પીયુથી વિખૂટા પડવાનું જરાય દુઃખ થતું નથી.)

**તો બીસરન સું લીલા પાંન રે હુવા,**
**જો ભાવ પીયાકા ઉસ માંહેથી ગયા.**

**-: રે તુહી :-**

(નાગરવેલના પાંદડાને તેના ઝાડથી વિખૂટા પડવાનું જરાય દુઃખ નથી તેથી જ તો તે વિખૂટું પડ્યા પછી (સુકાઈ જવાને બદલે) વધારે લીલા રંગનું થાય છે. કેમકે પીયાનો ભાવ તેનામાંથી જતો રહ્યો હોય છે.)

**બીસરન પીયુકા દોહેલા, જિસ તન નેહસું ભાવ રે,**
**જિસ તન નેહસું ભાવ;**
**સુકે સો પીયું કે ભાવસું, લીલે રહે બિન ચાવ રે,**
**લીલે રહે બિન ચાવ.**

(પીયુનો નેહ જેના તનમાં હોય તેના માટે પીયુનો વિરહ-પીયુથી અલગ રહેવું ખૂબ કઠીન બાબત છે. જો મનમાં પીયુનો ભાવ હોય તો વિરહ થતાંની સાથે જ સુકાઈ જાય છે અને જો પ્રેમભાવ ન હોય તો જુદુ થયા પછી પણ લીલું ને લીલું જ રહે છે.)

**બયાન નં.૯૮**

**ચું તો રે નેહા પીયા સું નાં આવે,**
**તો કાહે તું મુરખ જનમ ગમાવે ?**

(હઝરત પીર મશાયખ (રહેમતુલ્લાહ અલયહા) બાવા ફરમાવે છે કે આવી રીતે કરવાથી એટલે કે પીયુ સાથે પ્રેમ કર્યા વગર અય મૂરખ ! તું

**શહીદ થઈ ગયા બોંતેર સાથીઓ જયારે,**
**રહીને એકલાં, લશ્કર બની ગયાં ઝયનબ.**

**હુસૈની કાફલાને લાવ્યાં એની મંઝિલ પર,**
**હુસૈનની પછી રહેબર બની ગયાં ઝયનબ.**

તારો જન્મારો શા માટે ગુમાવે છે ?)

**એ તો દોહેલા હે પીયા કા મેદાંના,**
**હે વે દુની કે પરદે ભીતર છાંના.**

(પીયુનું મેદાન અર્થાત પીયુની સાથે પ્રેમ કરવાનું કાર્ય ખૂબ જ કઠીન છે. પીયુ દુનિયાની અંદર ગુજ ભેદના પડદાઓની અંદર છુપાયેલો છે.)

**જો દુનીઆં રે ફાંનીયાં તુજકું રે લાગી,**
**તો પીત પીયા કી તુજસું ભાગી.**

(હઝરત પીર મશાયખ (રહે.અ.) બાવા ફરમાવે છે કે (અય મોમિન બંધુ !) જો આ ફાની અને નાશવંત દુનિયા તને વળગી પડી એટલે કે જો એનો મોહ તને લાગી ગયો તો પીયુની પ્રીત તારાથી દૂર ભાગશે.)

**અવલી હે દુનીઆં પીયુ નેહ લગાતે,**
**જે દુનીઆં રે ખોતે વે પીયુજીકું પાતે.**

(પીયુનો પ્રેમ લગાડવાની બાબતમાં દુનિયાની રીત અવળી છે. જો તું દુનિયાને ખોઈ નાખીશ તો તું પીયુજીને મેળવી શકીશ.)

**શરમ દુની કી જેને રાખી યાં ભારી,**
**તો પીત પીયા કી એને રે બિસારી.**

(જે માણસે દુનિયાની શરમ વધારે પ્રમાણમાં રાખી એટલે કે દુનિયાનો મોહ વધારે રાખ્યો તો સમજી લેજો કે તેણે પીયાની પ્રીતને ભૂલાવી દીધી.)

**શરમ રે પરદા જો આપ નાં ગમાવે,**
**તો પીત પીયા કી કાંહથી રે પાવે ?**

(જો માણસ પોતે શરમનો પડદો ગુમાવી ન દે તો પછી તે પીયુની પ્રીતને કેવી રીતે મેળવી શકે ?)

**જાું દેખો રે પલાસ પીયા પીત આવે,**
**તબ પાંત રે અપને પહેલે લુટાવે.**

(હઝરત પીર મશાયખ (રહે.અ.) બાવા પલાસ એટલે કે ખાખરાના ઝાડનું દ્રષ્ટાંત આપીને સમજાવે છે કે ખાખરાનું ઝાડ સૌ પ્રથમ તો પોતાનાં બધાં પાંદડાં લૂંટાવી દે છે ત્યાર પછી જ તેને તેના પીયુની પ્રીત પ્રાપ્ત થાય છે.)

**જો નાગા રે હુવા ને શરમ નાં રાખી,**
**તો પીત પીયાકી તબ જા ને ચાખી.**

(ખાખરો પોતાનાં બધાં પાંદડાં ખેરવી નાખે છે અને બિલકુલ નાગો એટલે કે પાંદડાં વગરનો થઈ જાય છે. નાગા થઈ જવામાં દુનિયાની જરા પણ શરમ રાખતો નથી ત્યારે જ તે પીયુજીની પ્રીતનો સ્વાદ ચાખે છે.)

**ચું શરમ ગમા કર જો નેહ લગાયા,**
**તો કાલા રે મુંહ કર જગ દિખલાયા.**

(દુનિયાની લાજ શરમને તેણે બાજુએ મૂકી દઈને પીયુ સાથે નેહ લગાડ્યો. નાગો થઈને તેણે પોતાનું કાળુ મોઢું દુનિયાને બતાવ્યું.)

**શરમ કી ચિંતા કછુએ નાં આઈ,**
**તબ જા ને પીયું કી લાલી રે પાઈ.**

(ખાખરાના ઝાડને નાગા થઈ જવામાં શરમની ચિંતા જરા પણ લાગી નહીં ત્યારે જ તેણે પીયુની લાલીને - પીયુના લાલ રંગને મેળવી લીધો.)

નોંધ :- ભર ઊનાળામાં ખાખરાના ઝાડ ઉપરથી બધાં પાંદડાં ખરી પડે છે ત્યારે તેના ઉપર કેસરી રંગનાં માત્ર ફૂલો જ બેસે છે જેને આપણે કેસુડાનાં ફૂલ તરીકે ઓળખીએ છીએ. એક પણ પાંદડા વગરનું માત્ર કેસરી ફૂલોવાળુ ખાખરાનું ઝાડ ખૂબ સુંદર લાગે છે.

**તો હુવા મદમાતા, જો સબ રંગ ભરીયા,**
**તો હેત પીયાને ઉસ પર ધરીયા.**

(તો જ્યારે ખાખરાના ઝાડ ઉપર સઘળો રંગ ભરાઈ ગયો તો આ રંગથી તે મદમસ્ત બની ગયો

**કરી બયાન તવારીખ જ્યારે કરબલની,**
**તો જુઠ માટેનું ખંજર બની ગયાં ઝયનબ.**

**મને બચાવી રહ્યાં છે એ હશ્રમાં 'બેફામ',**
**કે મારાં શાફએ મહેશર બની ગયાં ઝયનબ.**

અને આ રીતે પીયુએ તેના ઉપર હેત વરસાવી દીધું.)

**એસા રે મેદાંના પીયાજી રે કેરા,**
**ઉરા મન રંગ હે રે બોતેરા.**

(તો હઝરત પીર મશાયખ (રહે.અ.) બાવા ફરમાવે છે કે પીયુજીનું મેદાન આવું છે તે તમે જુઓ. તેના મનમાં ખૂબ જ રંગ-પ્રેમનો રંગ ભરેલો છે.)

**જો આપ ગમાવે શરમ રે સારી,**
**શરમ દુની કી નાંખી રે બિસારી.**

(પીયુજીના પ્રેમને ખાતર જો માણસ પોતાની સઘળી શરમને ગુમાવી દે અને દુનિયાની શરમને પણ વિસરી જાય...)

**એસા તન અપના જો નિરમલ કીજે,**
**તો પીયુજી અપના કદી રે પતીજે.**

(જો તું તારા શરીરને આવું નિર્મળ બનાવી દે તો કોઈક દિવસ તને તારો પીયુ પ્રાપ્ત થઈ જાય.)

**તો પરદેમેં પીયાજી મેરા રે કહીએ,**
**તો પરદેકે બાર થી કયું દરશન લહીએ.**

**- : રે તુહી :-**

(તો મારો પીયુજી તો આ રીતે પડદામાં રહેતો હોય છે જો તું પડદાના બહારથી જ પીયુજીનાં દર્શન કરવા માગે તો તું તેનાં દર્શન કેવી રીતે કરી શકે ?)

**શરમ ગમાવે તનસું, પીયાજી કે રે કાજ રે,**
**પીયાજી કે રે કાજ;**
**પરદા દુનીઆં દૂર કર, તો હોવે પીયુકા રાજ રે,**
**તો હોવે પીયુ કા રાજ.**

(જો તું પીયુજીને ખાતર તારા શરીરની શરમ ગુમાવી દે અને દુનિયાના પડદાને દૂર કરી દે તો તારા શરીરમાં પીયુજીનું રાજ્ય સ્થપાઈ જાય.)

*


*બીજા વર્ષમાં શુભ પ્રવેશ*

કટલરી સ્ટોર્સ ચલાવતા મોમિન ભાઈઓને જણાવતાં આનંદ અનુભવીએ છીએ કે આપના સાથ અને સહકારથી એક વર્ષ પૂરું કરી બીજા વર્ષમાં સફળ પ્રવેશ કરી રહ્યા છીએ. પ્રત્યક્ષ અથવા પરોક્ષ સાથ-સહકાર આપનાર મોમિન ભાઈઓનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

# યાદગાર હોજીયરી એન્ડ કટલરી સ્ટોર્સ તથા સહયોગ ફુટવેર

**અમદાવાદ (વાઘરોલવાળા)**

ઠેકાણું : બગડીયા માર્કેટ, પહેલો માળ, સન્માન રેસ્ટોરન્ટની બાજુમાં, જુમ્આ મસ્જિદની સામે, ગાંધીરોડ, અમદાવાદ - ૩૮૦ ००૧.

**યાદગાર હોજીયરી એન્ડ કટલરી સ્ટોર્સ**

**આબિદઅલી વી. મુખી – ૯૯૭૯૦૮૮૦૧૮**
**શબ્બીરભાઈ – ૯૪૨૬૪૩૪૩૯૭**
**દુકાન – ૯૦૩૩૧૨૭૪૪૦**

અમારે ત્યાં કિફાયતી ભાવે હોલસેલમાં નાઈટ પેન્ટ, ટી શર્ટ, કેપરી, હાથ રૂમાલ, ટુવાલ, લુંગી, અંડરવેર, બનિયાન, ગમછા તથા 12W, 24W, D.C. પંખા, પાના પક્કડ સેટ, ગાડી બ્રશ, વગેરે મળશે.

**સહયોગ ફુટવેર**

**કાસિમઅલી – ૯૪૨૭૬૭૯૮૬૪**
**મહંમદભાઈ – ૯૯૭૯૪૦૧૯૯૩**

અમારે ત્યાં કિફાયતી ભાવે હોલસેલમાં કાનપુરની ફેન્સી ચપ્પલ, સેન્ડલ અને પાન ગલ્લા પર ચાલતી સસ્તા ભાવની વિવિધ વેરાઈટી મળશે.


**જે વીત્યું કાફલા પર, સુગરાને કેમ કહેશો ?**
**અહેવાલ એ સવિસ્તર, સુગરાને કેમ કહેશો ?**

**ખાલી કરીને ઝૂલો એક નાનકી કબરમાં,**
**પોઢી ગયા અસગર, સુગરાને કેમ કહેશો ?**

## કુરઆને મજીદના સૂરાઓનો પરિચય

**સૂરા નં.૭૦ — સૂરએ મઆરેજ**

(ગતાંકનું ચાલુ)

ત્યાર પછીની આયતોનો અનુવાદ : **માટે પૂર્વ તથા પશ્ચિમોના પરવરદિગારની કસમ ! અમે આ વાત ઉપર જરૂર કાબૂ ધરાવીએ છીએ.(૪૦)**

**કે તેમના બદલામાં તેમના કરતાં ય બેહતર લોકો લઈ આવીને અને (તેમ કરતાં) અમને કોઈ હરાવી શકનાર નથી. (૪૧)**

**માટે તું તેમને છોડી દે કે તેઓ વાતો બનાવતા રહે અને રમતા કૂદતા રહે, એટલે સુધી કે તેઓ તે દિવસનો સામનો કરે કે જેનો વાયદો કરવામાં આવે છે. (૪૨)**

**તે દિવસે તેઓ (પોત-પોતાની) કબરોમાંથી નીકળી એવી ઝડપથી નાસતા હશે કે જાણે એક ઝંડા તરફ દોડતા જતા (ન) હોય !(૪૩)**

**તેમની આંખો શરમથી ઢળેલી હશે અને હિણપત તેમના પર પથરાયેલી હશે; તે દિવસ એ જ હશે કે જેનો તેમને વાયદો કરવામાં આવતો હતો. (૪૪)**

કુદરત કહે કે અય કાફરો ! તમે કહો છો તેમ નથી, પણ અમો પૂર્વ દિશાઓ અને પશ્ચિમ દિશાઓના ખુદાની કસમ ખાઈને કહીએ છીએ કે અમો શક્તિવાળા છીએ. આ સ્થળે અલ્લાહે ખુદ પોતાની જાતની કસમ ખાધી છે અને પૂર્વો તથા પશ્ચિમોનો શબ્દ એટલા માટે વાપરવામાં આવ્યો છે કે પૂરા વરસ દરમિયાન સૂરજ દરેક જુદા સ્થળેથી ફેરફારની સાથે ઉદય અને અસ્ત થતો રહે છે અને તેમાં થોડો થોડો ફરક પડે છે અને જુદા જુદા વખતમાં ઉદય-અસ્તમાં ફરક થતો રહે છે. એ હિસાબે પૂર્વ અને પશ્ચિમ એક નથી પણ ઘણા છે.

અમો એ મુશરિકોને બદલી નાખી તેમના બદલે બીજા તાબેદારોને લાવીએ. અમોને કોઈ હરાવી શકનાર નથી.

માટે તું તેમને છોડી દે કે તેઓ વાતો બનાવતા રહે અને રમતા કૂદતા રહે એટલે સુધી કે તેઓ તે દિવસનો સામનો કરે કે જેનો વાયદો કરવામાં આવ્યો છે, તે દિવસથી મુરાદ કયામત છે અને કેટલાક કહે છે કે તેથી મુરાદ બદરની લડાઈનો દિવસ છે અને જેહાદ વિષેની આયત નાઝિલ થયા પછી આ આયતનો હુકમ રદ થઈ ગયો છે.

તે દિવસે તેઓ કબરમાંથી નીકળી ઈસરાફિલના અવાજની તરફ એવી રીતે જલ્દી-જલ્દી દોડશે જાણે એક ઝંડા તરફ દોડતા જતા ન હોય !

તે વખતે તેઓ બહુ જ ભયથી પોતાની આંખો નીચી નમાવી લેશે અને બેઈઝઝતી તેમને ઘેરી લેશે અને આ એ જ દિવસ છે કે જેનો તેમને વાયદો કરવામાં આવ્યો હતો.

**સૂરા નં.૭૧ — સૂરએ નૂહ**

કુલ ૨૮ આયતો ધરાવતો આ સૂરો મક્કામાં નાઝિલ થયેલો હોવાથી મક્કી સૂરો છે.

આ સૂરાની આયતોનો અનુવાદ.

**બેશક અમોએ નૂહને તેની કોમ તરફ (એવી આજ્ઞા આપી) મોકલ્યો હતો કે તું તારી કોમ ઉપર દુઃખદાયક અઝાબ આવે તે પહેલાં તેને બીવરાવ. (૧)**

**તેણે કહ્યું કે અય મારી કોમ ! નિઃસંદેહ**

**બારછીની ધાર જેના ખૂંચી હતી કલેજે,**
**તડપી રહ્યા'તા અકબર, સુગરાને કેમ કહેશો?**

**શાદીનો સહેરો જેના લોહીથી તર થયો'તો,**
**કાસિમનો એવો અવસર, સુગરાને કેમ કહેશો?**

હું તમારા માટે એક ખુલ્લો ડરાવનારો છું.(૨)

તમે અલ્લાહની ઈબાદત કરો અને તેનાથી ડરતા રહો અને મારું કહેવું માનતા રહો. (૩)

(જો એમ કરશો તો) તે તમારા કેટલાક ગુનાહો માફ કરી દેશે, અને તમને એક ઠરાવેલા સમય સુધીની મોહલત આપશે; બેશક અલ્લાહે ઠરાવેલો વખત જ્યારે આવી જાય છે ત્યારે તેને મુલતવી રાખી શકાતો નથી, અગર તમે જાણતા હો તો. (૪)

(પછી લોકોએ તેનું કહેવું ન માન્યું ત્યારે નૂહે) અરજ કરી કે અય મારા પરવરદિગાર! મેં મારી કોમને રાત તથા દિવસ (તારી તરફ) બોલાવ્યા કરી. (૫)

અમોએ નૂહ(અ.)ને તેની કોમ તરફ એવો હુકમ આપીને મોકલ્યો કે કોમ ઉપર દુઃખદાયક અઝાબ આવે તે પહેલાં તેને ડરાવે.

તેણે કહ્યું કે અય મારી કોમ ! હું તમારા માટે એક ખુલ્લો ડરાવનારો છું. તમો ખુદાની ઈબાદત કરો, તેના અઝાબથી ડરો અને મારું કહેવું માનતા રહો.


જો એ પ્રમાણે તમો વર્તશો તો અલ્લાહ તમારા ગુનાહ માફ કરી દેશે અને તમોને એક ઠરાવેલા સમય સુધીની મોહલત આપશે. જ્યારે નિર્માણ કરેલી મરણની મુદત આવે છે ત્યારે મોહલત આપવામાં આવતી નથી. જો તમો જાણતા હો તો.

જનાબે નૂહ(અ.)એ પોતાની કોમને ૯૫૦ વરસ સુધી હિદાયત કરી પણ તેઓ ઈમાન ન લાવતાં આપને તકલીફ આપતા રહ્યા ત્યારે આપે નિરાશ થઈને કહ્યું કે અય મારા પરવરદિગાર ! મેં મારી કોમને રાત-દિવસ તારી તરફ બોલાવી. (ક્રમશઃ)

**અબ્બાસ જેવા કાકાના હાલ પૂછશે તો, એના ખબર ને અંતર સુગરાને કેમ કહેશો?**


LIC

મોબાઈલ
૯૨૨૮૬૦૧૯૫૪



**સાકિરઅલી વી. સુરપુરા**

**એલ.આઈ.સી. જીવન વિમા એડવાઈઝર**

**::::: ઓફિસ :::::**

લેથવાલા મોલ, ૨ જો માળ,
રેલ્વે ક્રોસીંગ પાસે, ઈડર, જિ.સાબરકાંઠા.
મો.૯૨૨૮૬૦૧૯૫૪

**::::: રહેઠાણ :::::**

મુ.પો. સુરપુર, તા. ઈડર જિ. સાબરકાંઠા.

*પરવરદિગારના કરમથી આ વર્ષથી આપની સેવામાં*

LIC

LIC ના રોકાણ/બચત, જુના તથા નવા વીમાના કામકાજ માટે અમારો સંપર્ક કરો.

**દશાવાડાવાળા** **Mo : 94283 84286**
**99985 72445**
**97147 64194**

**અપના કટલરી સ્ટોર્સ**

**કટલરી, હોજીયેરી, રમકડાની**
**આઈટમોના હોલસેલ વેપારી**


**ઈ-૧૫, મહાવીર કોમ્પલેક્ષ,**
**યસ હોસ્પિટલની પાસે, વાલીયા**
**ચોકડીની બાજુમાં, જી.આઈ.ડી.સી.,**
**અંકલેશ્વર-૩૯૩ ૦૦૨**

અરબ પ્રદેશ બહારના રાજવીઓને ઈસ્લામ સ્વીકાર માટે લખેલ

# હઝરત મોહંમદ મુસ્તફા(સ.)ના પત્રો

## પત્ર નં. ૩

## પર્સિયાના સમ્રાટ ખુશરોને લખેલ પત્ર



'બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ
મોહંમદ રસૂલિલ્લાહ તરફથી પર્સિયાના
બાદશાહ ખુશરો જોગ.

સલામ હોજો એના ઉપર કે જે સાચી હિદાયતને અનુસરે છે, અલ્લાહમાં અને તેના રસૂલમાં ઈમાન ધરાવે છે અને એવી સાક્ષી આપે છે કે અલ્લાહ સિવાય બીજો કોઈ માઅબૂદ નથી, તેનો કોઈ ભાગીદાર (શરીક) નથી અને મોહંમદ તેના બંદા અને રસૂલ છે. હું આપને અલ્લાહના દીનને અપનાવવાની દાવત આપું છું. હું લોકો તરફ મોકલવામાં આવેલ અલ્લાહનો પયગમ્બર છું કે જેથી હું દરેક જીવિત વ્યક્તિમાં અલ્લાહનો ડર પેદા કરી શકું અને જેથી એવા લોકોની વિરૂધ્ધ તોહમતને સાબિત કરી શકાય કે જેઓ હકને ઠુકરાવે છે. ઈસ્લામનો દીન તરીકે સ્વીકાર કરો જેથી કરીને તમે સલામતીમાં રહી શકો નહિતર તમે પારસી લોકોના બધા જ ગુનાઓ માટે જવાબદાર ઠરશો.'

અબ્દુલ્લાહ બિન હુઝૈફા અસ સહમીને આ પત્રને લઈ જવા માટે પસંદ કરવામાં આવ્યા હતા. આ રાજદૂત પત્રને બહરૈનના બાદશાહ તરફ લઈ ગયા પરંતુ અમે હજુ સુધી જાણતા નથી કે તેમણે


તેને પોતાના માણસોમાંથી કોઈના દ્વારા ખુશરોને મોકલાવ્યો કે અબ્દુલ્લાહે જાતે જ જવાનું પસંદ કર્યું.

આ ઘમંડી બાદશાહ પત્ર લખવાની શૈલીથી ગુસ્સે થઈ ગયો કેમકે રસૂલિલ્લાહ(સ.)નું નામ તેના પોતાના નામની ઉપર મૂકવામાં આવ્યું હતું. તેણે પત્રના ટુકડે ટુકડા કરી નાખ્યા અને તાબડતોબ યમનમાં પોતાના વહીવટદાર ઉપર હુકમ લખાવીને મોકલ્યો કે પયગમ્બરની ધરપકડ કરવા માટે અને મારી રૂબરૂમાં તેમને લઈ આવવા બે ઘોડે સવારોની ટુકડીને મોકલો. બાઝાન નામના ગર્વનરે તરત જ આ હેતુ માટે બે માણસોને મદીના મોકલી દીધા. જેવા તે માણસો મદીના પહોંચ્યા કે તરત જ રસૂલિલ્લાહ(સ.)ને વહી દ્વારા જાણ કરવામાં આવી કે પર્સિયાના સમ્રાટ પરવેઝનું તેના દીકરા દ્વારા ખૂન કરવામાં આવ્યું છે. રસૂલિલ્લાહ (સ.)એ તેમની આગળ આ સમાચાર જાહેર કર્યા અને તેઓ સ્તબ્ધ થઈ ગયા. વળી આપે એવો ઉમેરો કર્યો કે જઈને તમારા નવા બાદશાહને કહેજો કે ઈસ્લામનું બધી જગ્યાએ વર્ચસ્વ સ્થપાઈ જશે અને ખુશરોના પોતાના સામ્રાજ્યમાં પણ સારી રીતે સ્થપાઈ જશે. તેઓ ઝડપથી બાઝાન પાછા આવ્યા અને તેમણે જે સાંભળ્યું હતું તેની તેને વાત કરી. એટલામાં તો નવા સમ્રાટ શેરવાંએ બાઝાન તરફ આ પયગામનું સમર્થન કરતો અને બીજી સૂચના ન મળે ત્યાં સુધી પયગમ્બરની બાબતમાં કોઈ કાર્યવાહી કરવા રોકતો પત્ર મોકલ્યો. બાઝાન, યમનમાં રહેતા પારસીઓ સહિત ઈસ્લામ ધર્મમાં દાખલ થઈ ગયો અને રસૂલિલ્લાહ(સ.) તરફના પોતાના સંબંધને દર્શાવી દીધો.

(ફત્હ અલ બારી, ૮/૧૨૭, ૧૨૮)

## પત્ર નં. ૪

## રોમના બાદશાહ સિઝર તરફ રાજદૂત



અબુ બુખારીએ બાયઝેન્ટાઈન્સના બાદશાહ હર્કયુલીસ તરફ રસૂલિલ્લાહ(સ.)એ મોકલેલા પત્રની વિગતોનું લાંબું વર્ણન આપ્યું છે.

**'બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ અલ્લાહના બંદા અને તેના રસૂલ મોહંમદ તરફથી**

**બાયઝેન્ટાઈન્સના બાદશાહ**
**હર્કયુલીસ જોગ.**

**ખુશખસીબ છે એ લોકો કે જેઓ સાચી હિદાયતને અનુસરે છે. હું આપને ઈસ્લામ ધર્મ અપનાવવાની દાવત આપું છું જેથી આપ સલામતીમાં રહી શકો. જો આપ ઈસ્લામના દાયરામાં આવી જશો તો અલ્લાહ તમને બમણો સવાબ આપશે પરંતુ જો કદાચ તમે તેના તરફ તમારી પીઠ ફેરવશો તો પછી તમારી સઘળી પ્રજાના ગુનાઓનો બોજ તમારા ખભાઓ ઉપર આવી પડશે.**

**'(હે મોહંમદ(સ.)) કહે કે હે કિતાબવાળાઓ ! એક એવી વાત તરફ આવી જાઓ કે જે અમારી તથા તમારી વચ્ચે સમાન છે (અને તે એ) કે આપણે અલ્લાહના સિવાય કોઈની બંદગી કરીએ નહીં તથા કોઈને તેનો શરીક બનાવીએ નહીં અને અલ્લાહને મૂકીને આપણામાંથી કોઈએ બીજાઓને ખુદા માનવા નહીં; આ છતાં જો તેઓ મોઢું ફેરવી લે તો કહી દો કે આ(વાત)ના સાક્ષી રહેજો કે અમે તો મુસલમાન છીએ.' (કુરઆને કરીમ, ૩:૬૪)**

મુસ્લિમ રાજદૂત દહિયા બિન ખલીફા અલ કલ્બીને આ પત્ર બુસરાના બાદશાહના હાથમાં આપવાની આજ્ઞા આપવામાં આવી હતી કે જે બુસરા ત્યાર પછી સિઝરને મોકલાવે.

બનવાકાળ અબુ સુફયાન બિન હર્બ કે જેણે એ સમયે ઈસ્લામ ધર્મ અપનાવ્યો નહોતો તેને દરબારમાં હાજર થવા બોલાવવામાં આવ્યો અને હર્કયુલીસે તેને મોહંમદ(સ.) વિષે અને આપ જે ધર્મનો પ્રચાર કરી રહ્યા હતા તેના વિષે ઘણા પ્રશ્નો પૂછ્યા. રસૂલિલ્લાહ(સ.)ના કટ્ટર દુશ્મને રસૂલિલ્લાહ(સ.)ના ચારિત્ર્યની શ્રેષ્ઠતા વિષેનું અને ઈસ્લામ માનવજાતની જે ભલાઈ કરી રહ્યો હતો તેની જે ગવાહી આપી તેનાથી હર્કયુલીસ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો.

અલ બુખારીએ ઈબ્ને અબ્બાસના હવાલાથી રિવાયત કરી છે કે હર્કયુલીસે અબુ સુફયાનને અને તેના સાથીદારોને બોલાવ્યા કે જેઓ બનવાકાળ અશ્શામમાં જેરૂસલેમમાં વેપાર કરી રહ્યા હતા. કુરૈશના મુશરિકો અને રસૂલિલ્લાહ(સ.) વચ્ચે થયેલ કામચલાઉ યુધ્ધબંધી પૂરી થઈ ગઈ હતી તે દરમિયાનનો આ સમય હતો.

પોતાના મુખ્ય અધિકારીગણની વચ્ચે બેઠેલા હર્કયુલીસે પૂછ્યું,

'પયગમ્બર હોવાનો દાવો કરનાર માણસનો સૌથી નજીકનો સગો તમારામાંથી કોણ છે ?'

'હું', અબુ સુફયાને જવાબ આપ્યો, 'અમારા જૂથમાંથી તેમનો સૌથી નજીકનો સગો હું છું.'

તેથી તેમણે મને તેની સામે બેસાડ્યો અને મારા સાથીદારોને મારી પાછળ બેસાડ્યા. ત્યાર પછી તેણે પોતાના દુભાષિયાને બોલાવ્યો અને (તેને) કહ્યું, 'તમને (અર્થાત અબુ સુફયાનના સાથીઓને) કહો કે હું તેને (અબુ સુફયાનને) એ માણસ વિષે પૂછવાનો છું કે જે પયગમ્બર હોવાનો દાવો કરે છે તેથી જો તે જૂઠું બોલે તો તેમણે (તરત જ) તેનો ઈન્કાર કરવો. અબુ સુફયાને પાછળથી એવું કહ્યું હતું, 'અલ્લાહના સોગંદ, જો મારા સાથીદારો મને જૂઠ્ઠો ગણી લેશે એવો ભય ન હોત તો મેં જૂઠાણાં કહ્યાં હોત.'

અબુ સુફયાનની ગવાહી આ મુજબ ચાલુ થઈ : 'મોહંમદ એક ઉમદા ખાનદાનમાંથી ઉતરી

આવેલ છે. તેમના ખાનદાનમાંથી કોઈએ બાદશાહી કરી નથી. તેમના અનુયાયીઓ એવા નબળા વર્ગના છે કે જેમની સંખ્યા દિનપ્રતિદિન વધી રહી છે. અન્યની સાથે જૂઠુ પણ બોલતા નથી કે નથી દગો દેતા. અમે એમની સાથે લડીએ છીએ અને તે અમારી સાથે લડે છે પરંતુ વારાફરતી વિજય સાથે. તેઓ લોકોને ફક્ત એક જ અલ્લાહની અને તેનામાં કોઈને ભાગીદાર બનાવ્યા વગર બંદગી કરવાનું તેમજ અમારા વડવાઓની માન્યતાઓનો ત્યાગ કરવાનું ફરમાન કરે છે. તેઓ અમને બંદગી, ઈમાનદારી, પરહેઝગારીનું પાલન કરવાનું અને કુટુંબો કુટુંબો વચ્ચેના સંબંધો મજબૂત રીતે જાળવી રાખવાનું કહે છે.'

આ ગવાહી સાંભળીને હર્કયુલીસ પોતાના દુભાષિયા તરફ ફર્યો અને પોતાનો નીચે મુજબનો પ્રતિભાવ અમને આપવાનું ફરમાન કર્યું કે જે મોહંમદ(સ.)ની પયગમ્બરીની સચ્ચાઈમાં સંપૂર્ણ ઈમાન પ્રગટ કરતો હતો : 'હું સંપૂર્ણ રીતે માનું છું કે પયગમ્બરો ઉમદા ખાનદાનોમાંથી આવતા હોય છે, પયગમ્બરીના અગાઉના કોઈ ઉદાહરણથી તે પ્રભાવિત થતો નથી. તેમના વડવાઓમાંથી કોઈ બાદશાહ બનેલ નથી તે કારણે આપણે એવો આરોપ મૂકી શકતા નથી કે તે એવો માણસ છે કે જે પોતાના પિતાની બાદશાહીનો દાવો ફરીથી કરવાનો પ્રયત્ન કરી રહ્યો હોય. લોકોની સાથે તે જૂઠું બોલતો નથી તેથી અલ્લાહની બાબતમાં પણ તે જૂઠું બાલતો હોય તેવો ભય રાખવાનું કોઈ કારણ નથી. તેના અનુયાયીઓ નબળા વર્ગના અને દિન પ્રતિદિન વધતા રહેતા હોવાની બાબત જોઈએ તો તે બાબત એવી કંઈક છે કે જે ઈમાનના પ્રશ્નો સાથે સહમતી ધરાવે છે જ્યાં સુધી કે તે ભૌગોલિક રીતે અને સંખ્યાની દૃષ્ટિએ તેમના પૂર્ણ વિસ્તારને આંબી ન લે. હું સમજી ગયો છું કે હજુ સુધી તેના અનુયાયીઓમાં કોઈ શિષ્ય તેનાથી ફરી ગયો હોય તેવો કોઈ દાખલો જોવા મળ્યો નથી અને આ બાબત ઈમાનના સંપૂર્ણ આનંદનો નિર્દેષ કરે છે કે જેણે પોતાનું સ્થાન માનવ દિલમાં જમાવેલું છે. હું જોઉં છું તેમ બેવફાઈ તેનો દુશ્મન છે કારણ કે કોઈ પણ સાચો પયગમ્બર નફરતમાં બેવફાઈ ધરાવતો નથી. કોઈ ભાગીદાર વગર અલ્લાહની બંદગીનું ફરમાન, નમાઝની અદાયગી, ઈમાનદારી, પરહેઝગારી, બુતપરસ્તીની મનાઈ આ બધાં એવાં વિશિષ્ટ લક્ષણો છે કે જે મારી બધી માલ મિલકતને તેના કબજામાં આપી દે તેવાં છે. હું સારી રીતે જાણી ચૂક્યો છું કે એક પયગમ્બર પેદા થશે પરંતુ મારા મનમાં એવો વિચાર કદી આવ્યો ન હતો કે તે તમારામાંનો કોઈ અરબ હશે. જો મને ચોક્કસ ખાત્રી હોત તો હું તેમાં ઈમાન ધરાવતો હોત, હું કદાચ તેને મળવાની આશા રાખત અને જો હું તેની પાસે હોઉં તો તેના પગ ધોઈ નાખું.'

ત્યાર પછી હર્કયુલીસે વિનંતી કરી કે પયગમ્બરનો પત્ર વાંચવામાં આવે. નજ્જાશીનાં અવલકનોએ અને છેવટે ચોક્કસ અને ટૂંકા ને ટચ ઈસ્લામી પયગામે દરબારમાં હાજર રહેલા ખ્રિસ્તી પાદરીઓમાં વાતાવરણને તંગ કરી દેવામાં કંઈ બાકી રાખ્યું નહીં. અમને બહાર જવાનો હુકમ કરવામાં આવ્યો. અબુ સુફ્યાને કહ્યું, 'બહાર આવતી વખતે મેં મારા સાથીદારોને કહ્યું, 'ઈબ્ને અબી કબ્શાહ(અર્થાત મોહંમદ(સ.))ની બાબત એટલી બધી પ્રખ્યાત થઈ ગઈ છે કે બની અલ અસ્ફારનો બાદશાહ (એટલે કે રોમન લોકો) પણ તેનાથી ગભરાય છે.' તેથી હું ફરી ફરીને એવું માનતો થયો છું કે રસૂલિલ્લાહ(સ.) ફતેહમંદ બનશે ત્યાં સુધી કે અલ્લાહ મને ઈસ્લામ કબૂલ કરાવે.' બાદશાહે ઈસ્લામ કબૂલ કર્યો નહીં - કેમકે તે બાબતે જુદુ જ નિર્મિત થયેલું હતું. તેમ છતાં મુસ્લિમ રાજદૂતને સમ્રાટની મુબારકબાદીઓ સહિત મદીના પરત મોકલવામાં આવ્યો. *

# સર્વશ્રેષ્ઠ સ્મરણ

મૌલાના ઓબયદુલ્લાહ
અમૃતસરી દ્વારા સંપાદિત
'અર્જહુલ મતાલિબ'નો અનુવાદ

## જનાબે અમીર(અ.)ના અમલી ફઝાએલનું વર્ણન

### જનાબે સૈયદતુન્નિસા ફાતેમા ઝેહરા(અ.)નાં ગુણગાન

**જનાબે ફાતેમા(અ.)નો ગઝબ અલ્લાહનો ગઝબ છે તેની વિગત :**

જનાબે અલી(અ.)એ ફરમાવ્યું છે કે ખરેખર જનાબે રસૂલિલ્લાહ(સ.) ફાતેમા(અ.)થી ફરમાવતા હતા કે બેશક અલ્લાહ તઆલા તારા ગઝબના કારણે ગઝબમાં આવે છે અને તારી ખુશીથી ખુશ થાય છે.

**જનાબે સૈયદા(અ.)નું હૈઝ અને નિફાસથી પાક હોવું :**

(૧) ઈબ્ને અબ્બાસ(રઝી.અ.)થી રિવાયત છે કે સરવરે દુનિયા વ આખેરત(સ.)એ ફરમાવ્યું છે કે મારી દીકરી ફાતેમા ઈન્સાની હૂર છે કે જે હૈઝ અને તમતથી પાક છે તેથી તેનું નામ ફાતેમા રાખવામાં આવ્યું છે કે અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાએ તેને દોઝખની આગથી અલગ રાખેલ છે.

(૨) જનાબે અલી(અ.)થી રિવાયત છે કે આં હઝરત(સ.)ને પૂછવામાં આવ્યું કે બતૂલ કોને કહેવાય ? કેમકે યા રસૂલિલ્લાહ ! અમે વારંવાર સાંભળ્યું છે કે આપ મરીયમ બતૂલ અને ફાતેમા બતૂલ ફરમાવ્યા કરો છો. હુઝૂર(સ.)એ ઈરશાદ કર્યો કે બતૂલ એને કહેવાય કે જે સુર્ખી (રતાશ/લોહી)ને ન જુએ અર્થાત હૈઝ અને નિફાસથી પાક હોય કેમકે હૈઝ નબીઓની બેટીઓ માટે મકરૂહ છે.

(૩) અસ્મા બિન્તે ઉમૈસ રિવાયત કરે છે કે હસન(અ.)ના જન્મ સમયે હું જનાબે સૈયદા(અ.)ની દાયણ (બની) હતી. મેં તેમનામાં કોઈપણ પ્રકારનું લોહી કે જે સ્ત્રીઓને બાળકના જન્મ સમયે નીકળે છે તેવું જોયું ન હતું. મેં આં હઝરત(સ.)ની ખિદમતમાં જઈને અરજ કરી હતી, યા રસૂલિલ્લાહ ! જનાબે સૈયદા(અ.)ના માટે મેં હૈઝ અને નિફાસનું ખૂન જોયું નથી. આં હઝરત(સ.)એ ઈરશાદ ફરમાવ્યો, શું તને ખબર નથી કે મારી બેટી પાકો પાકીઝા છે એટલા માટે કે તેનામાં લોહી જોવા મળતું નથી.

**આં હઝરત(સ.)ની સાથે જનાબે ફાતેમા(અ.) કરતાં વધારે કોઈ મળતું આવતું નહોતું. :**

(૧) જનાબે ઉમ્મુલ મોમિનીન ઉમ્મે સલમા કહે છે કે જનાબે સૈયદા(અ.) આં હઝરત(સ.)ની સાથે ચહેરા-મહોરાની બાબતમાં ખૂબ જ મળતાં આવતાં હતાં.

(૨) જનાબે ઉમ્મુલ મોમિનીન આઈશા(રઝી.)થી રિવાયત છે કે મેં જનાબે ફાતેમા(અ.) કરતાં વધારે ઉઠવા-બેસવા અને બોલવાની બાબતમાં આં હઝરત(સ.)ની સાથે વધારે મળતાં આવતાં કોઈને જોયાં નથી. જ્યારે

**કરબલામાં ઝાલિમોએ છાતી ઉપર ચઢીને,**
**કાપ્યું હુસૈનનું સર, સુગરાને કેમ કહેશો?**

**એના ય સર ઉપરનો સાયો ઉઠી ગયો છે,**
**લૂંટાઈ ગઈ છે ચાદર, સુગરાને કેમ કહેશો?**

ફાતેમા(અ.) તશરીફ લાવતાં તો આં હઝરત(સ.) પોતાની જગ્યાએથી ઊભા થઈ જતા હતા અને તેમના કપાળ ઉપર ચુંબન કરતા. જ્યારે આં હઝરત(સ.) બીમાર પડ્યા તો જનાબે ફાતેમા(અ.) આં હઝરત(સ.)ની પાસે તશરીફ લાવ્યાં અને હુઝૂર(સ.) પર ઝુકી પડ્યાં અને પવિત્ર ચહેરાને ચૂમવા લાગ્યાં. ફરીથી આં હઝરત(સ.) પર ઝુક્યાં અને માથુ ઉઠાવીને હસવા લાગ્યાં. મેં કહ્યું કે હું તો એવું ગુમાન કરતી હતી કે આ એટલે કે જનાબે ફાતેમા(અ.) સઘળી સ્ત્રીઓ કરતાં વધારે બુધ્ધિશાળી છે. પરંતુ એ તો મામૂલી બુધ્ધિવાળી સ્ત્રીઓમાંથી નીકળ્યાં. જ્યારે સરવરે દો આલમ(સ.) ફોત થઈ ગયા તો મેં તેમને કહ્યું કે મેં તમને જોયાં હતાં કે જ્યારે આપ નબી(સ.) પર ઝુક્યાં તો સર ઉઠાવીને રડવા લાગ્યાં. પછી બીજી વખત આપ તેમના ઉપર ઝુક્યાં અને માથુ ઉઠાવીને હસવા લાગ્યાં. આપને કઈ બાબતે આવું કરવા પ્રેર્યાં? તો આપે ફરમાવ્યું કે એ વખતે તેનું કારણ બયાન કરવું આનંદની વાત બનત. હુઝૂર(સ.)એ મને ખબર આપી હતી કે અમે એ બીમારીમાં ઈન્તેકાલ ફરમાવશું.તેથી હું રડી પડી. પછી ફરીથી મને ખબર આપી કે બધા ઘરવાળાંના પહેલાં હું તેમને પ્રથમ મળીશ. આ કારણે હું હસવા લાગી.✻



**નન્હે રોઝેદાર**

રહમતફાતેમા અસગરઅલી મોમિન
માતા : આબેદાબાનુ (પેટલાદ)
ઉ.વર્ષ : ૭.૮ રોઝા : ૨૮


Print Your Dream

One 10
ફોટો કલર લેબ

ફોટો પ્રિન્ટીંગ કોઈ પણ મિડીયામાંથી ફોટો પ્રિન્ટ (મોબાઈલ, મેમરી કાર્ડ, રોલ) વગેરે

4x6 થી 30x100 સુધીની પ્રિન્ટ કાઢી આપવામાં આવશે.

વિડીયો શુટીંગ તેમજ ફોટોગ્રાફી, આલ્બમ ક્રિએશન તથા દરેક પ્રકારના આલ્બમ બાઈન્ડીંગ કરી આપવામાં આવશે.

હોટલનું મેનું બનાવી આપવામાં આવશે.

ફોટો ફ્રેમ મળશે

ગુલામઅલી એચ. નાંદોલીયા
મો. ૯૭૨૪૨૪૨૧૧૦
હસનઅલી આઈ. ખોરજીયા
મો.૯૯૨૫૬૩૪૨૮૪
ઓફિસ : (૦૨૭૬૬) ૨૨૦૩૮૬

દુકાન : ૨૬ થી ૨૮, ભોયરામાં, સીટી પોઈન્ટ કોમ્પલેક્ષ, સ્ટેશન રોડ, પાટણ - ૩૮૪ ૨૬૫


એ લાડલી સકીના, ખાધેલ એ તમાચા, છીનવાયેલા એ ગૌહર, સુગરાને કેમ કહેશો?

બીમાર ભાઈના એ જંઝીરથી ભર્યા પગ, ખાધી છે એવી ઠોકર, સુગરાને કેમ કહેશો?

મૌલા અલી(અ.)ના જીવન પ્રસંગો પર આધારિત કિતાબ

# અલ ઈર્શાદ

:: લેખક ::
શેખ મુફીદ

## અમીરુલ મોમિનીન(અ.)ની મઝાર મુબારકની જગ્યાએ ઈમામની દફનક્રિયાની વિગતો

*(ઉબાદ બિન યાકૂબ રવાજનીએ હૈયાન બિન અલી અન્ઝીના હવાલાથી રિવાયત કરી છે કે તેમણે બતાવ્યું કે તેમને હઝરત અલી ઈબ્ને અબીતાલિબ(અ.)ના એક ગુલામે બતાવ્યું હતું :)*

'જ્યારે અમીરુલ મોમિનીન(અ.)ના જીવનનો અંતિમ સમય આવ્યો તો આપે ઈમામ હસન(અ.) અને ઈમામ હુસૈન(અ.)ને કહ્યું કે જ્યારે મારો ઈન્તેકાલ થઈ જાય તો મારી લાશને તાબૂતમાં મૂકીને તમે બન્ને જણ તાબૂતને આગળની બાજુએથી ઉઠાવજો અને લાશને ગરીમૈન નામની જગ્યા પર લાવજો. ત્યાં તમને એક મોટો સફેદ પથ્થર નજરે પડશે જેમાંથી નૂર નીકળી રહ્યું હશે. ત્યાં થોડું ખોદકામ કરવાથી એક ઢાલ મળશે, તે જગ્યાએ મારી લાશને દફન કરી દેજો.'

'જ્યારે આપનો ઈન્તેકાલ થઈ ગયો તો લોકો આપની લાશને બહાર લાવ્યા અને તાબૂતની અંદર મૂકી દઈને ચાલવા લાગ્યા. અમે બન્ને જણે તાબૂતને આગળની તરફથી ઉઠાવેલ હતો. જોરથી હવા વાઈ રહી હતી અને એવા અવાજો આવી રહ્યા હતા કે જાણે સીટીઓ વાગી રહી હોય. પછી અમે લોકો ગરીમૈન નામની જગ્યાએ આવી પહોંચ્યા. અમે જોયું કે ત્યાં આવેલા એક મોટા પથ્થરમાંથી રોશની નીકળી રહી છે. ત્યાં ખોદકામ કરવાથી ઢાલ નજરે પડી જેના ઉપર એવું કોતરેલું હતું, 'આ એ વસ્તુ છે કે જેને નૂહ(અ.)એ હઝરત અલી ઈબ્ને અબીતાલિબ(અ.)ના માટે સુરક્ષિત કરેલી છે.'

અમોએ લાશને ત્યાં દફન કરી દીધી અને પાછા આવી ગયા. અમને પુષ્કળ ખુશી હતી કે અલ્લાહ તઆલાએ હઝરત અલી(અ.)ને ઈજ્જત અને સન્માન અર્પણ કર્યું છે. અમારી પાછળ પાછળ શીઆહ લોકોનું એક ટોળું આવી રહ્યું હતું પરંતુ તે જગ્યાએ જે નમાઝે જનાઝા પઢવામાં આવી તે તેનાથી ઓઝલ હતી. અમે તે લોકોને જે પ્રસંગ બન્યો હતો અને ખુદાએ ઈઝઝોજલે જે સન્માન અમીરુલ મોમિનીન(અ.)ને અર્પણ કર્યું હતું તે બતાવ્યું. ત્યારે તે લોકોએ એવો આગ્રહ કર્યો,

'અમે પણ એ બાબત જોવા માગીએ છીએ જે તમે બધાએ જોઈ છે.'

પરંતુ અમે તેમને જવાબ આપ્યો,

'કબરની જગ્યાનું નિશાન આપ(અ.)ની વસિયતથી મિટાવી દીધું છે.'

'તે લોકો ક્યારેક અમારી આગળ ચાલતા હતા તો ક્યારેક પાછળ ચાલતા હતા અને પાછળથી તે લોકોએ અમારી પાસે આવીને બતાવ્યું કે તેમણે કેટલીક જગ્યાએ ખોદયું પરંતુ કબરની જગ્યાની માહિતી ન મળી શકી.'

*(મોહંમદ બિન અમ્મારાએ જાબિર બિન યઝીદ જઅ્ફીના હવાલાથી બતાવ્યું, મેં અબુ જાફર મોહંમદ બિન અલી બાકિર(અ.)થી સવાલ કર્યો કે અમીરુલ મોમિનીન(અ.)ને કઈ જગ્યાએ દફન કરવામાં આવ્યા હતા ?)*

તેમણે જવાબ આપ્યો,

**નીરખે છે વાટ ઘરમાં 'બેફામ' બધાની, બરબાદ થઈ ગયું ઘર, સુગરાને કેમ કહેશો?**

**જલાલ અબ્બાસનો, કાસિમની તાકત એટલે ઝયનબ, તરસ અસગરની, અકબરની શુજાઅત એટલે ઝયનબ.**

'આપ(અ.)ને ગરીમૈન નામની જગ્યાએ દફન કરવામાં આવ્યા હતા. તેમને સૂર્ય ઉગે તે પહેલાં દફન કરવામાં આવ્યા હતા. ઈમામ હસન(અ.) તથા ઈમામ હુસૈન(અ.) અને મોહંમદ હન્ફીયા અર્થાત હઝરત અલી(અ.)ના બેટાઓએ અને અબ્દુલ્લાહ બિન જાફર (રહેમતુલ્લાહ)એ તેમને કબરમાં ઊતાર્યા હતા.

યાકૂબ બિન યઝીદે ઈબ્ને અલી ઉમૈરના હવાલાથી બતાવ્યું કે તેમને તેમના માણસોએ આ મુજબ માહિતી આપી,

હુસૈન(અ.) બિન અલી(અ.)થી પ્રશ્ન કરવામાં આવ્યો કે આપે અમીરુલ મોમિનીન (અ.)ને કઈ જગ્યાએ દફન કર્યા હતા?

તો આપે જવાબ આપ્યો,

'અડધી રાત પછી અમે તેમને મસ્જિદુલ અશઅશ તરફ લઈને ચાલ્યા અને જયારે ગરીમૈનના મેદાનમાં પહોંચ્યા તો ટેકરી જેવી ઊંચી જગ્યાએ અમે તેમને દફન કરી દીધા.'

મોહંમદ બિન ઝકરીયાની રિવાયત છે કે અબ્દુલ્લાહ બિન મોહંમદે અમને ઈબ્ને આઈશાના હવાલાથી બતાવ્યું કે તેમને આ વાત અબ્દુલ્લાહ બિન હાઝિમે બતાવી હતી.

'અમે લોકો એક દિવસ કુફાની બહાર ગયા. અમારી સાથે હારૂન રશીદ હતા. અમે લોકો શિકાર કરવા માટે ગયા હતા. જ્યારે અમે લોકો ગરીમૈન અને સુય્યાના ઈલાકામાં આવી ગયા તો અમને ત્યાં કેટલાંય હરણ જોવા મળ્યાં. અમે શિકારી બાઝ અને કૂતરા તેમની પાછળ મોકલ્યા. પછી બાજ અને કૂતરા તેમનો પીછો એક કલાક સુધી કરતા રહ્યા. પછી હરણોએ એક ટેકરી ઉપર આશરો લીધો. થોડી વાર પછી બાજ અને કૂતરા પાછા આવી ગયા. હારૂન રશીદને આ જોઈને ખૂબ જ નવાઈ લાગી. થોડી વાર પછી હરણ ટેકરી ઉપરથી નીચે આવી ગયાં. બાજ અને કૂતરાઓએ ફરી વાર તેમનો પીછો કર્યો. હરણ પાછાં તે ટેકરી ઉપર ચાલ્યાં ગયાં. જયારે હરણાંએ ટેકરી ઉપર શરણ લઈ લીધું તો બાજ અને કૂતરા પાછા આવી ગયા. આ રીતે ત્રણ વખત બન્યું તો હારૂન રશીદે પૂછ્યું,

'જલ્દીથી એ માણસને મારી પાસે લઈ આવો કે જે આ જગ્યાએ રહેતો હોય.'

અમને એક વૃધ્ધ માણસ જોવા મળ્યો કે જે બની અસદના કલીલાનો હતો. અમે તેને લાવ્યા તો હારૂન રશીદે તેને પૂછ્યું,

'આ ટેકરીની બાબતમાં મને બતાવો.'

વૃધ્ધ માણસે જવાબ આપ્યો,

'જો જાનની અમાન મળતી હોય તો બતાવીશ.'

હારૂન રશીદે કહ્યું,

'ના. અલ્લાહ તઆલાના અહદ ઉપર યકીન રાખવું જોઈએ. અલ્લાહ તઆલા તમને ગેરંટી આપે છે કે હું તમને સજા નહીં કરું, અને ન તો હું તમને કોઈ નુકસાન પહોંચાડીશ.'

ત્યાર પછી પેલા વૃધ્ધ માણસે કહેવાનું શરૂ કર્યું.

'મારા બાપે મને બતાવ્યું અને મારા બાપને તેમના બાપે બતાવ્યું છે કે આ એક વિશ્વાસપાત્ર રિવાયત બતાવવામાં આવી છે કે આ ટેકરી પર અલી ઈબ્ને અબીતાલિબ (અ.)ની કબર આવેલી છે. અને અલ્લાહે તેને 'હરમ'નો દરજ્જો આપ્યો છે. એટલા માટે જે કોઈ અહીં શરણમાં આવી જાય છે તેની સુરક્ષા કરવામાં આવે છે.'

હારૂન રશીદ પોતાના ઘોડા ઉપરથી નીચે

**સકીનાની સબર, ઔનો મોહંમદની ફનાગીરી,**
**ને ઝયનુલ આબેદીનની હામ-હિંમત એટલે ઝયનબ.**

**બૂરાઓની રમત ઉથલાવવા આવી ગયાં ઝયનબ,**
**જૂઠા તાજો તખત ઉથલાવવા આવી ગયાં ઝયનબ.**

ઉતર્યો અને વુઝૂના માટે પાણી માગ્યું. વુઝૂ કરીને તેણે તે તે ટેકરી ઉપર નમાઝ અદા કરી. તે જમીન ઉપર સૂઈ ગયો અને રડવા લાગ્યો, ત્યાર પછી તે પાછો આવી ગયો.

મારા મને આ વાતને કબૂલ ન કરી. કેટલાક દિવસો પછી હજ કરવા માટે હું મક્કા ગયો. ત્યાં યાસિર સાથે મારી મુલાકાત થઈ કે જે હારૂનનો નજીકનો માણસ હતો. મક્કામાં તે ઘણીવાર અમારી પાસે આવીને બેસતો હતો. જ્યારે અમે તવાફથી ફારેગ થયા તો અમે લાંબા સમય સુધી વાતો કરતા રહ્યા. ત્યારે યાસિરે બતાવ્યું,

'એક રાત્રે હારૂન રશીદે મને બતાવ્યું કે જ્યારે અમે મક્કાથી આવી રહ્યા હતા અને અમારે કુફાની નજીક રોકાવું પડ્યું હતું તો મેં ઈસા ઈબ્ને જાફર ને કહ્યું કે તે પણ ઘોડા ઉપર સવાર થઈને મારી સાથે આવે. હું પણ તેની સાથે ચાલવા લાગ્યો. અને જ્યારે અમે લોકો ગરીબૈન પહોંચ્યા તો ઈસાએ પોતાની જાતને જમીન ઉપર નીચે પાડી દીધી અને ત્યાં નિંદમાં ગાફેલ થઈ ગયા. પરંતુ હારૂન રશીદ પોતે ટેકરી ઉપર ચાલ્યો ગયો અને ઈબાદતમાં તલ્લીન થઈ ગયો. બબ્બે બબ્બે રકાત નમાઝ પૂરી કર્યા પછી તે રડતો હતો અને જમીન ઉપર માથું કૂટતો હતો ત્યારે તેણે કહેવાનું ચાલુ કર્યું, મારા ભાઈ! આપના ફઝલથી હું વાકેફ છું અને ઈસ્લામ કબૂલ કરવામાં પણ આપને પ્રાથમિકતા પ્રાપ્ત થયેલી છે. ખુદાની સોગંદ આપ મારી મજલિસ (દરબાર)ની ઝીનત (શણગાર) છો પરંતુ આપની ઓલાદો મને તકલીફ આપે છે અને મારા વિરૂધ્ધ બગાવત કરે છે.'

'આટલું કહ્યા પછી તેણે ફરીથી બે રકાત નમાઝ અદા કરી. ફરીથી પાછું તેણે કહેવાનું ચાલુ કર્યું, તે રડતો જતો હતો અને કહેતો જતો હતો, એટલે સુધી કે દિવસનો સૂર્ય ઉંચે ચઢવા લાગ્યો. ત્યાર પછી તે મોટા અવાજે કહેવા લાગ્યો, યાસિર ઈસાને જગાડો. જ્યારે તે જાગી ગયો તો હારૂને કહ્યું, અય ઈસા! ઉઠો અને નમાઝ પઢો. આ કબર તમારા કાકાના દીકરાની છે.'

ઈસાએ પૂછયું,

'આવું કહેવા પાછળ (આપનો) શું મતલબ છે?'

તેણે જવાબ આપ્યો,

'આ કબર અલી ઈબ્ને અબીતાલિબ(અ.)ની છે.'

ત્યાર પછીઈસાએ પણ વુઝૂ કર્યું અને નમાઝ માટે ઉભા થઈ ગયા. તે આખી રાત નમાઝો પઢતા રહ્યા. સવાર પડ્યું તો અમે લોકો ઘોડાઓ ઉપર સવાર થઈને કુફા પાછા આવી ગયા. *

(અલ ઈર્શાદ-બાબ-૧ ઉર્દૂ પરથી અનુવાદિત)


**ભોરણીયા સાદિકઅલી આર.**
મો.૯૯૨૪૪૧૮૨૪૩

**બાલીસણા ઝાકિરહુસૈન જી.**
મો.૯૪૨૯૫૨૯૪૧૦
૯૪૨૮૮૪૯૪૭૭
(રસુલપુર-ખેરાલુવાળા)

**ન્યુ ચિરાગ ઈલેક્ટ્રીક**
**(સેલ્સ & સર્વિસ)**

અમારે ત્યાં LED મુવીંગ ડીસપ્લે, LED ક્લોક, હોટલ-દુકાનને લગતાં એક્રેલીક & LED બોર્ડ તેમજ હોટલ, ઈમામવાડા, ઝરીહ મુબારક કે દરગાહના માપ પ્રમાણે LED સીરીઝ, LED પટ્ટા, LED બોર્ડ તેમજ LEDને લગતું દરેક પ્રકારનું કામ હોલસેલ તેમજ રીટેઈલ ભાવે કરી આપવામાં આવશે.

**LED સ્પેશ્યાલિસ્ટ**

**બસ સ્ટેન્ડની બાજુમાં, રીંગલ શોપીંગ સેન્ટર, વડનગર.**


**હકીકત કરબલાના વાકેઆની સૌને સમજાવી,**
**યઝીદી સલ્તનત ઉથલાવવા આવી ગયાં ઝયનબ.**

**ખુદાએ આપેલા પયગામની ફાંસી બની જાતે,**
**નબીની જિંદગીના કામની ફાંસી બની જાતે.**

ફારસીના મહાન કવિ શેખ સાઅદીની

# શાયરીનો રસાસ્વાદ

**'ગુલિસ્તાન'માંથી પસંદ કરેલ પંક્તિઓ**

## Monotheism (એકેશ્વરવાદ/વહેદાનિયત)

موحّد چه در پای ریزی زرش
چه شمشیر هندی نهی برسرش
امید و هراسش نباشد ز کس
بر این است بنیاد توحید و بس

**મવહહદ ચે દર પાચી રૈઝી ઝરશ**
**ચે શમશીરે હિન્દી નહી બારસારશ**
**ઉમીદ વ હરાસાશ નબાશદ ઝકસ**
**બર ઐન અસ્ત બનયાદ તૌહીદ વ બસ**

(ભલેને તમે તેને પૈસાની લાંચ રૂશ્વત આપો અથવા તો હિન્દી તલવારથી મારી નાખવાની ધમકી આપો પરંતુ એક જ અલ્લાહમાં માનનારો ન તો એ પૈસાથી આનંદ મેળવવાની આશા રાખશે કે ન તો કોઈ ધમકીથી ગભરાશે. આ જ એક માત્ર તૌહીદની બુનિયાદ છે.)

## Mourning (વિલાપ)

کاش کان روز که در پای تو شد خار اجل
دست گیتی بزدی تیغ هلاکم برسر
تا در این روز جهان بی تو ندیدی چشمم
این منم بر سرِ خاک تو که خاکم بر سر

**કાશ કાન રોઝ કે દર પાચી તૂ શુદ ખાર અજલ,**
**દસ્ત ગૈતી બુઝદી તેગ હલાકુમ બર સર,**
**તા દર ઐન રોઝ જહાન બી તૂ નદીદી ચશ્મમ**
**ઐન મનમ બર સરે ખાક તૂ કે ખાકમ બર સર.**

(એ દિવસે કે જ્યારે મૃત્યુ રૂપી કંટકે તમારા પગને વીંધી નાખ્યો હોય ત્યારે હું તો એવી ઈચ્છા કરુ છું કે મોતની તલવારથી દુનિયા મારું મસ્તક કલમ કરી નાખે જેથી મારે તારાથી વંચિત એવી દુનિયાને જોવી ન પડે. અફસોસ થાય મારા ઉપર કે હું અત્યારે તારી કબરની બાજુમાં (તારા આકસ્મિક મોતથી વિલાપ કરતો) ઊભો રહ્યો છું.)

## Name And Fame (નામના અને કીર્તિ)

دولت جاوید یافت هرکه نکونام زیست
کز عقبش ذکر خیر زنده کُنَد نام را
وصف تو را گرکنند ورنَکُنَند اهل فضل
حاجتِ مشّاطه نیست روی دلارام را

**દૌલતે જાવેદ યાફ્ત હર કે નકૂનામ ઝીસ્ત,**
**કઝ અકબશ ઝિક્રે ખૈર ઝિંદા કુનદ નામ રા,**
**વસ્ફ તૂ રા ગર કુનદ વ રંકોતદ અહલ ફઝલ**
**હાજતે મશ્શાતા નસ્તી રવી દલારામ રા.**

(જે માણસ સારી નામના સાથે જીવે છે તેણે કાયમી ધન પ્રાપ્ત કરી લીધું છે કેમકે પોતાની ભલાઈ ખાતર તેને યાદ કરતા લોકો દ્વારા તે અમરત્વ પ્રાપ્ત કરે છે. વિદ્વાન લોકો તને યાદ કરે કે ન કરે તે બાબત મહત્વની નથી કેમકે સુંદર ચહેરાને બ્યુટી પાર્લરનાં સૌંદર્ય પ્રસાધનોની આવશ્યુકતા હોતી નથી.)

زنده است نام فرّخ نوشیروان به خیر
گرچه بسی گذشت که نوشیروان نماند
خیری کُن ای فُلان وغنیمت شمار عمر
زان پیشتر که بانگ برآید فُلان نماند

**ઝિંદા અસ્ત નામ ફર્રખ નૌશેરવાન બ ખૈર**
**ગર ચે બસી ગુઝિશ્ત કે નૌશેરવાન ન માનદ**
**ખૈરી કુન અય ફુલાન વ ગનીમત શુમાર ઉમ્ર**
**ઝાન પશતર કે બાંગ બર આયદ ફુલાન નમાનદ.**

(નૌશેરવાંના શુભ નામને આજે પણ તેની ભલાઈ માટે લોકો દ્વારા યાદ કરવામાં આવે છે ભલેને

**બંધાયાં એટલે તો દોરડાં ઝયનબના હાથોમાં,**
**ન જો બંધાત તો ઈસ્લામની ફાંસી બની જાતે.**

**કથા કરબલની કહેવાને હુસૈની કાફલો આવ્યો,**
**જગતનાં દર્દ સહેવાને હુસૈની કાફલો આવ્યો.**

તેને મર્યે ઘણાં વર્ષો થઈ ગયાં છે. અય મનુષ્ય ! ભલાઈનાં કાર્યો બજાવી લાવ અને તારી જિંદગીના અસલી મૂલ્યને ઓળખી લે, એ પહેલાં કે એવી જાહેરાત થઈ જાય કે ફલાણો માણસ આ દુનિયામાં રહ્યો નથી.)

**قارون هلاک شد که چهل خانه گنج داشت**

**نوشیروان نمرد که نام نکو گذاشت**

**કારૂન હલાક શુદ કે ચહલનામા ગુંજ દાશ્ત,**

**નૌશેરવાન નમરદ કે નામ નકૂ ગુઝાશ્ત.**

(કારૂન કે જેના ખજાનાઓથી ચાલીસ ઘર ભરેલાં હતાં તે નાશ પામી ગયો જ્યારે નૌશેરવાં અમર છે કેમકે તે પોતાની પાછળ સારી નામના છોડી ગયો છે.)

**این همه هیچ است چون می بگذرد**

**بخت و تخت و امر و نهی و گیر و دار**

**نام نیک رفتگان ضایع مکن**

**تا بماند نام نیکت پایدار**

**ઐન હમા હેચ અસ્ત ચૂંન મી બગુઝરદ**

**બખત વ વખત વ અમ્ર વ નહી વ ગૈરોદાર**

**નામ નેક રફતગાન ઝાયેઅ મકન**

**ના બમાનદ નામ નેકસ્ત પાયદાર.**

(આ બધી (દુન્યવી) વસ્તુઓનું કોઈ મહત્વ નથી કેમકે તે નાશવંત હોય છે જેવી કે સદ્‌ભાગ્ય, રાજગાદી, હુકમ કરવાની અને મનાઈ કરવાની સત્તા, ભવ્યતા અને ભપકો. જે લોકો આ દુનિયા છોડીને ચાલ્યા ગયા છે તેમની સારી નામનાને બરબાદ ન કરો જેથી કરીને તમારું શુભ નામ પણ અમર બની જાય.)

## ‘જાફરી તારીખ દર્શિકા’

### કેલેન્ડર-૨૦૧૨

**‘જાફરી તારીખ દર્શિકા’ કેલેન્ડર-૨૦૧૨** તૈયાર થઈ ગયેલ છે. રૂા.૧૦/- કિંમત રાખેલ છે. **-સહતંત્રી/સહ વ્યવસ્થાપક**

**ખુશી જન્નતની દેવાને હુસૈની કાફલો આવ્યો,**
**ખુદાનું નામ લેવાને હુસૈની કાફલો આવ્યો.**

## મહેફિલે માઅસૂમીન(અ.)

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા દ્વારા તા.૨૪-૧૨-૨૦૧૧ને શનિવારની રાત્રે મકામે એહલેબયત, તેજપુરા મુકામે મજલિસ તથા મોહંમદ વ આલે મોહંમદની ફઝીલતમાં શેર-શાયરીનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તો આ કાર્યક્રમમાં હાજર રહેવા તમામ મોમિન ભાઈ બહેનોને હાર્દિક આમંત્રણ છે. તદુપરાંત શેર - શાયરી પઢવા ઈચ્છતા મોમિન ભાઈ બહેનોએ નીચે દર્શાવેલ મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**કાર્યક્રમની રૂપરેખા**

રાત્રે ૮-૧૫ કલાકે ....... મજલિસ
૯-૦૦ થી ૯-૩૦ કલાકે .. વિરામ
૯-૩૦ ................ શેર-શાયરી

શેરઅલી વિજાપુરા ૯૪૨૭૬૧૮૧૧૦
ઈસ્માઈલહુસૈન ડોડીયા ૯૪૨૭૬૯૬૯૬૦

### Negligence (ઉપેક્ષા/બેદરકારી)

**گرچه بیرون ز رزق نتوان خورد**

**در طلب کاهلی نشاید کرد**

**ગર ચે બેરૂન ગુ રિઝન નતવાન ખુર્દ,**

**દર તલબ કાહલી નશાયદ કુર્દ**

(જોકે આપણા ભાગ્યમાં નિર્મિત થયેલી હોય એટલી રોઝી કરતાં વધારે રોઝી આપણે ખાઈ શકતા નથી તેમ છતાં રોઝી મેળવવામાં આપણે બેદરકારી (કે સુસ્તી) રાખવી જોઈએ નહીં.) ✻

### G. K. Corner Solution 123

(૧) ઈસુ ખ્રિસ્તનું જન્મ સ્થાન (૨) પૂના (૩) હુમાયુ (૪) ૧ લી મે (૫) કારટેનોઈડ એન્ટી ઓકસીડેંટ્સ (૬) ૧૦૦૦ (૭) સી.પી.યુ.

**હુસૈની કાફલો આવ્યો છે મક્કાથી, મદીનાથી,**
**હજી પણ કૂચ ચાલુ છે મોહર્રમના મહિનાથી.**

# તોહીદ

લેખન

**મોલ્વી અકબરઅલી મીચાંજી સુણસરા (ભાંગરોડીયા)**

(ગતાંકનું ચાલુ)

હઝરત અલી(અ.)એ ઈરશાદ ફરમાવ્યો કે અમે પોતાના ફરમાબરદારો માટે ખુદાથી મગફેરત માગીએ છીએ અને તે તેમની નેકીઓમાં વધારો કરે છે. સહાબીઓએ અરજ કરી, હે અમીરૂલ મોમિનીન ! તમારા તાબેદાર કયા લોકો છે ? ફરમાવ્યું, તે લોકો કે જે પોતાના પરવરદિગારને એક જાણે છે અને એ ગુણોથી તેને યાદ કરે છે જે તેના માટે લાયક છે, તેના પયગમ્બર મોહંમદ(સ.) પર ઈમાન રાખે છે તેની ફરજોને અદા કરવામાં અને હરામ વસ્તુઓને છોડવામાં ખુદાની તાબેદારી કરે છે, પોતાના સમયને ખુદાનો ઝિકર કરવામાં અને મોહંમદ વ આલે મોહંમદ પર દુરૂદ મોકલવામાં વાપરે છે, ઈર્ષા અને કંજૂસાઈને પોતાનાથી દૂર રાખે છે.

હઝરત અલી(અ.) કહે છે કે અમને તમે રબ ન કહો, બાકી તમારી કલ્પનામાં જે પણ આવે તે કહો તો પણ અમને જે મળ્યું છે, ત્યાં સુધી તમે પહોંચી શકવાના નથી. એના કરતાં વધારે અલ્લાહે અમને આપ્યું છે. હું અલ્લાહની કુદરત છું, જો તમે નૂરાનિયતની સાથે મને ઓળખશો તો તે અલ્લાહ તઆલાની ઓળખ છે. અલ્લાહની દલીલ અને અલ્લાહની નિશાની હું છું અને જે પણ બંદા ઉપર અલ્લાહ અઝાબ કરશે તો અમારા કારણે, જેમણે અમને સતાવ્યા છે, પરેશાન કર્યા છે, એમના પર અઝાબ થશે. અને જેણે અમારી મદદ કરી છે, અમારાથી મોહબ્બત કરી છે એમને અલ્લાહ તઆલા સવાબ આપશે. અલ્લાહે અમ (મોહંમદ વ આલે મોહંમદ)ને ઈસ્મે આઝમ આપ્યું છે અમે બધું જ જાણીએ છીએ. જ્યારે અલ્લાહ ચાહે છે તો આ જાહેર થાય છે. મોહંમદ વ આલે મોહંમદ છે તે અલ્લાહના અમ્ર છે. હઝરત અલી(અ.)એ પોતાના જમાના કરતાં પણ પહેલાંના જમાનાના પયગમ્બરોને મદદ કરી. અલ્લાહે હઝરત અલીની મદદ કરી છે, મહાન રૂહથી.

હઝરત અલી(અ.)કહે છે તમારા હૃદયમાં કોઈપણ રહસ્ય તમે મારાથી છૂપાવીને રાખી શકતા નથી, હું પણ જાણું છું. અને મારી ઔલાદમાં જે ઈમામ છે એ પણ, જ્યારે પણ ઈચ્છે, જાણી શકે છે. કાઈનાતમાં જે પણ વસ્તુઓ છે, એ બધી જ અમારી તાબેદારી કરે છે. અફસોસ એ માણસ ઉપર કે જે તાબેદારી કરતો નથી, હઝરત અલી(અ.)ના આટલા બધા ફઝાએલ હોવા છતાં ગર્વ નથી કરતા અને કહે છે કે હું એક અલ્લાહનો બંદો છું પેલા ફિરઔનને જરાક દુન્યવી જાહોજલાલી મળી ગઈ એમાં તો તે પોતાને અલ્લાહ કહેતો થઈ ગયો.

મૌલા અલી(અ.) કહે છે અમે અલ્લાહના એ નૂર છીએ કે જેમાં જરાપણ ફેરફાર થતો નથી અમે એવા અલ્લાહના બંદાઓ છીએ કે જે અલ્લાહની એક વાળ જેટલી પણ અવગણના નથી કરતા. અમે અલ્લાહના મોહતાજ છીએ એ પણ બતાવી દીધું કે અલ્લાહે એમને આટલી બધી શક્તિઓ આપી દીધી તેમ છતાં પણ જો અલ્લાહ હિદાયત ન આપત તો, હિદાયત ન મેળવત. અલ્લાહના રસૂલ(સ.) અલ્લાહના નૂરથી છે. નૂર એક હતું પછી અલ્લાહે એ નૂરને હુકમ કર્યો કે અડધા ભાગમાં વહેંચાઈ જા. તો એ વહેંચાઈ ગયું પછી અડધા ભાગને કહ્યું કે તું મોહંમદ બની જા તો એ મોહંમદ થઈ ગયા અને અડધા ભાગને કહ્યું કે તું અલી બની જા તો એ

**હુસૈની કાફલો આવ્યો અધમનો સામનો કરવા,**
**જગતના ને જમાનાના જુલમનો સામનો કરવા.**

**જીવનમાં દુઃખ, હૃદયના રંજ, ગમનો સામનો કરવા,**
**મનુષ્યો પર મનુષ્યોના સિતમનો સામનો કરવા.**

અલી બની ગયા. એટલે એવી રીતે જો તમે અમને માઅરેફતની સાથે ઓળખશો તો તમને અલ્લાહના ભેદો જાણવા મળશે, મોહંમદ વ આલે મોહંમદ અલ્લાહનાં છુપાં રાઝ (ગુપ્ત રહસ્યો) છે. મોહંમદ વ આલે મોહંમદ થકી જ અલ્લાહનાં છુપાં રાઝ જાણવા મળશે.

અલ્લાહ વલી છે, રસૂલ(સ.) વલી છે, રૂકુઅની હાલતમાં ઝકાત આપનાર અલી(અ.) વલી છે. આ ત્રણેય વલી છે. તો જ્યાં અલી(અ.) છે ત્યાં નબી(સ.) છે. જ્યાં નબી(સ.) છે ત્યાં અલ્લાહ છે. તો કયામતના દિવસે પણ જ્યાં ઈમામ હશે, ત્યાં નબી હશે અને જ્યાં નબી હશે, ત્યાં અલ્લાહ છે.

હવે પીર મશાયખ બાવા(રહે.અ.)એ કહ્યું છે તેમ -

**પીરકે ઝંડે નીચે ઠાંમ રે પાઈએ.**

તો પીર શું કામ કરે છે ? તમને અલી(અ.) સુધી પહોંચાડવામાં મદદરૂપ થવાનું કામ. એમના ઝંડા તળે તમે આવશો તો એ તમને અલી(અ.) સુધી લઈ જશે પછી અલી(અ.) તમને રસૂલ(સ.)થી મેળવી દેશે અને પછી રસૂલ(સ.) મળ્યા તો તમને અલ્લાહ મળી જશે. પીર મશાયખ બાવા (રહે.અ.) ફરમાવે છે -

**જીરે, નરંજન અલ્લાહ રે તમો,**
**તમો અલ્લાહ નરંજના,**
**નજર તમારી રે, અમો સર કીજે ;**
**જીરે, કીજે નજર હો રબી,**
**થઈ રહેમાન નામાં,**
**વીનતી હમારી રે, મન ધર લીજે.**

(હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) અલ્લાહના એકત્વપણા વિષે અલ્લાહને સંબોધીને ફરમાવે છે કે અય અલ્લાહ ! તું પ્રકાશમય છે અને તું તારી કૃપા (દ્રષ્ટિ) અમારા માથા પર કરજે, હે રબ ! કૃપાળુ થઈને અમારા પર દ્રષ્ટિ ફેંકજે. અમારી આ વિનંતીને તું ધ્યાનમાં લેજે.)

**જીરે, તેજ તંને તંને રે તમો,**
**તમો તરણ હો ભવાના**
**એક તજલ્લા, સોવ તન માંહાં;**
**જીરે, માંહાં સોવ તને રે તમો,**
**અમો એક કરી જાણાં,**
**ભવાન સાતે રે, ઠામે જે તાંહાં.**

(હઝરત પીર મશાયખ બાવા(રહે.અ.) ફરમાવે છે : ત્રણેય ભવનમાં તારું તેજ ભરેલું છે તું એક નૂરે તજલ્લા હોવા છતાં બધા જ તનોમાં તું વસેલો છે. દરેકમાં તું છે સાતેય ભવનમાં તું છે તેમ છતાં તને અમે એક જ માનીએ છીએ.)

આપણા હાજરપીર પણ અલ્લાહના એકત્વપણા વિષે આપણને હિદાયત કરે છે અને કહે છે કે અલ્લાહ સર્વપ્રથમ છે. અજોડ છે. તેની જ તમે ઈબાદત કરતા રહો. અલ્લાહની યાદ ન ભૂલો, અલ્લાહને હરહંમેશ યાદ રાખો. અલ્લાહનો શુક્ર અદા કરો, અલ્લાહની નાશુક્રી ન કરો. અલ્લાહને બંદાની ગરીબી (એટલે કે) નમ્રતા ખૂબ જ પસંદ છે અને એમાં જ બંદાની મોટાઈ સમાયેલી છે. તમારાં જે કાર્યોમાં અલ્લાહ રાજી રહેતો હોય તેવાં જ કાર્યો કરતા રહો.

આપણા પીરોએ આપણને આપણા શરીરની રૂહ વિષે દ્રષ્ટાંત આપીને હિદાયત કરી છે, સમજાવ્યા છે કે તમને બધાને અનુભવ છે કે રૂહની હાજરીથી જીવન મળે છે, એની ગેરહાજરીમાં મૃત્યુ. રૂહ આપણા શરીરની રક્ષક છે. જે રૂહ છે, જે આત્મા છે, એ શરીર ઉપર મહેરબાન છે. શરીરમાં દુઃખ કદી આવી પડે તો એને મૂકીને જતી રહેતી નથી, જે શરીર સાથે રૂહને

**બૂરાઈને મિટાવે એ, ભલાઈ લઈને આવ્યો છે,**
**એ માણસ જાત માટે માણસાઈ લઈને આવ્યો છે.**

**હુસૈની કાફલામાં સર્વ રાતોની સવારો છે,**
**હુસૈની કાફલામાં સૌ ખિઝાંઓની બહારો છે.**

રાખી છે, રૂહ મહેરબાન છે. દયાળુ છે. કોઈ વ્યક્તિ એમ કહે કે હું રૂહનો ઈન્કાર કરૂં છું, આત્માનો ઈન્કાર કરું છું કારણ કે તે દેખાતો નથી. તો એનો ઈન્કાર કરવાથી, રૂહનો ઈન્કાર કરવાથી એનું અસ્તિત્વ મટી જતું નથી. કારણ કે લોકો એમ કહે કે તું પોતે જ હમણાં બોલી રહ્યો છે એ બાબત સાબિત કરી રહી છે કે તારા શરીરમાં રૂહ છે. રૂહ ન હોત તો તું બોલી જ ન શકત.

હવે આપણે એમ કહીએ કે માણસ આંખથી જુએ છે, પગોથી ચાલે છે, હાથથી કામ કરે છે પરંતુ તે આ બધું કરે છે રૂહની હાજરીમાં. રૂહની ગેરહાજરીમાં આંખ હોય તો પણ બેકાર, પગ હોય તો પણ બેકાર, હાથ હોય તો પણ બેકાર. જો શરીર રૂહથી અલગ થઈ તો તે બધું નિરર્થક છે. શરીર રૂહની હાજરીમાં જ બધું કામ કરે છે તો જુઓ, આ રૂહ આપણા શરીરમાં એક છે તેમ છતાં દરેક અવયવોમાં સમાયેલી છે. આ રૂહ શું છે ? અલ્લાહની ફૂંક છે. અલ્લાહની દલીલ છે. તો આપણી જે રૂહ છે એનો ઈન્કાર કરવા છતાં પણ રૂહનું અસ્તિત્વ રહેશે. રૂહ નષ્ટ થતીનથી. એનામાં રૂહ છે એવું માનવામાં આવે તો પણ છે અને ન માનવામાં આવે તો પણ છે. જે રૂહ હોય છે એને માનવામાં આવે તો પણ હોય છે અને માનવામાં નથી આવતી તો પણ હોય છે.

તો હવે આ રૂહને પેદા કરનારો અલ્લાહ. કોઈ એમ કહે કે અલ્લાહ નથી તો આસમાન, જમીન, સિતારાઓ, ચાંદ, સૂરજ, વહેતી નદી, તોફાની દરિયો બધાં કહે છે કે અલ્લાહ છે. અલ્લાહ છે તો આ હલનચલન છે. ન હોત તો આ હલનચલન ન હોત. પછી અલ્લાહ દરેક જગ્યાએ છે. આપણા શરીરમાં, આપણો આત્મા માથાથી પગ સુધી, જે પણ અવયવો હલનચલન કરે છે તે એની હાજરીથી કરે છે. આસમાન અને જમીનમાં દરેક જગ્યાએ અલ્લાહ હાજર છે. શરીરમાં રૂહ એક છે બધાજ અવયવોની, બધાજ અવયવોનો આત્મા જુદો નથી કે આ માથાનો આત્મા છે, આ પગનો આત્મા, આ આંખનો આત્મા, એવું જુદું જુદું નથી રૂહ એક જ છે.

એવી જ રીતે પૂરી કાએનાતનો અલ્લાહ કે પરમાત્મા એક છે. કંઈ જુદા જુદા નથી. આસમાનનો ખુદા જુદો, જમીનનો જુદો, દરિયાનો જુદો, એવું નથી. બધાનો ખુદા એક છે. તો અલ્લાહ છે એ ઈમાનદારોનો વલી છે. અને શયતાન પણ વલી છે પણ રકોનો ? જેણે ઈન્કાર કર્યો તેમનો. તો આમ જોવા જઈએ તો ન તો આપણને અલ્લાહ દેખાય છે ન તો શયતાન દેખાય છે. આપણને શી ખબર પડે કે આજે આપણો માલિક કોણ છે, શયતાન છે કે અલ્લાહ ? કંઈ આસમાન તરફ જોઈને તો ખબર પડવાની નથી.

તો જુઓ. અલ્લાહ કહે છે કે જે ઈમાનદાર છે એનો વલી હું છું. તો આપણે ઈમાનદાર ક્યારે કહેવાયા ? જ્યારે પીર પર ઈમાન લાવ્યા ત્યારે. તો આપણામાંથી જે લોકો પીર પરનું ઈમાન સાચવી રાખે છે એમનો માલિક અલ્લાહ છે. જે તેમને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જશે. અંધકાર એટલે મુંઝવણ. મુંઝવણમાંથી ઉકેલ તરફ લઈ જશે, મુશ્કેલીમાંથી હલ તરફ લઈ જશે. એટલે કે આપણે બીજું કંઈ કરવાનું નથી. પોતાનું ઈમાન સાચવીને બેસી રહેવાનું છે. બાકીનું બધું જ કામ અલ્લાહ સરળ બનાવી દેશે.

અને જો ઈન્કાર કર્યો તો શું થશે ? શયતાન આપણો માલિક બની જશે અને આપણને પ્રકાશમાંથી અંધકાર તરફ લઈ જશે, અડચણો તરફ લઈ જશે, મુશ્કેલીઓ તરફ લઈ જશે અને તેનાથી બચવા કઈ રીતે બહાર નીકળવું એ પણ સમજણ પડશે નહીં. (તૌહિદ સમાપ્ત)

**હુસૈની કાફલામાં તુફાનોનો કિનારો છે,**
**હુસૈની કાફલામાં માનવીનો ભાઈચારો છે.**

**હુસૈની કાફલાની પાસ માનવાતાની મંઝિલ છે,**
**હુસૈની કાફલાની પાસ મંગલતાની મંઝિલ છે.**

# જ્ઞાન ગોષ્ઠિ

: સંપાદક :

'મોમિન રત્ન'

## ઈસ્લામી શિષ્ટાચાર

### માફી આપવી

- માફી આપવાનો અર્થ થાય કોઈ વ્યક્તિને કોઈ અપરાધના બંધનમાંથી મુક્ત કરવો. તેનો અર્થ થાય કોઈએ તમારા સંદર્ભમાં કોઈ ભૂલ કરી હોય તો તેને માફ કરી દેવો.
- માફ કરી દેવાની ક્રિયા ખૂબ મોટું નેક કાર્ય છે અને તે બાબત બતાવે છે કે તમે કેવું દરિયા જેવું વિશાળ દિલ ધરાવો છો.
- કુરાન શરીફમાં અલ્લાહ તઆલા સૂરા નં.૬૪, આયત-૧૪ માં ફરમાવે છે : (ભાષાંતર)

**'...અને જો તમે માફ કરી દેશો અને દરગુઝર કરશો અને (બીજાઓના અયબોને) છુપાવશો તો પછી ખચિત જ અલ્લાહ મહાન માફ કરવાવાળો અને મહા દયાવાન છે.'**

ઉપરની આયત બતાવે છે કે જો કોઈએ તમારા વિરૂધ્ધ કંઈક (ખરાબ) કર્યું હોય અને જો તમે તેને માફ કરી દેવા જેટલા દયાળુ હો તો અલ્લાહ કે જે સૌથી વધારે દયાવાન છે તે તમારા અપરાધોને પણ માફ કરી દેશે.

- પયગમ્બર ઈસા(અ.)એ ફરમાવ્યું છે કે તમારે લોકો સાથે એવો વ્યવહાર કરવો જોઈએ જેવો વ્યવહાર તમે તમારા માટે તેમની પાસેથી ઈચ્છતા હો. આનો અર્થ એ થયો કે જો આપણે લોકો તરફના આપણા ગુના માફ કરાવવાની ઈચ્છા રાખતા હોઈએ તો પહેલાં આપણે તેમના ગુના માફ કરી દેવા જોઈએ.
- મૌલા અલી(અ.)એ ફરમાવ્યું છે :

'જે માણસે અલ્લાહ તઆલા સમક્ષ પોતાના ગુનાઓની માફી માગી લીધી હોય તે માણસ નવા જન્મેલા (માસૂમ) બાળક જેવો બની જાય છે.'

જ્યારે કોઈ બાળક જન્મતું હોય છે તો તે નિખાલસ અને મા'સૂમ હોય છે. દરેક જણ તેની સાથે પ્યાર કરે છે કારણ કે તેણે કોઈ ખોટું કાર્ય કર્યું હોતું નથી, તેણે કોઈને કંઈ નુકસાન પહોંચાડ્યું નથી હોતું.

- જ્યારે અલ્લાહ તઆલા કોઈ વ્યક્તિને માફ કરી દે છે તો પછી તે વ્યક્તિ નિખાલસ પણ બની જતી હોય છે. અલ્લાહ તઆલા તેવી વ્યક્તિના દિલને અને તેના નફસને નવા જન્મેલા બાળકની જેમ સ્વચ્છ અને નિર્મળ બનાવી દે છે.
- આપણા સાતમા ઈમામ મૂસા કાઝિમ(અ.)એ ફરમાવ્યું છે :

**'તમારી બધી પ્રવૃત્તિઓ અલ્લાહ સાથે કરેલા વેપાર જેવી છે. જો કોઈ માણસ કોઈ કાર્ય આચર્યા પછી સાત કલાક પહેલાં માફી માગી લે તો તે બાબત તેના માટે વધારે સારી છે.'**

- જો આપણે આપણાં કાર્યોને એવી રીતે જોઈએ કે જેવી રીતે અલ્લાહ તેમને ગણત્રીમાં લે છે તો પછી આપણે ઝીણામાં ઝીણો ગુનો કરીએ તો દિવસ પૂરો થાય તે પહેલાં તેના માટે આપણે માફી માગી લેવી જોઈએ.

આ રીતે જો આપણે કરીએ તો જ્યારે આપણે રાત્રે સૂઈ જઈએ ત્યારે આપણે અલ્લાહ સાથેનો

**જગતના સૌ પયગમ્બરના પયામો એની સાથે છે, ઈમામત એની સાથે છે, ઈમામો એની સાથે છે.**

**ખુદાને પામવાના સૌ મકામો એની સાથે છે, ભટકતા વિશ્વ આખાનો વિસામો એની સાથે છે.**

હિસાબ ચૂક્તે કરી દીધો હશે અને આપણે ખૂબ જ શાંતિથી અને આનંદથી ઊંઘી શકીએ.

વળી અલ્લાહતઆલા કુરાને મજીદમાં આવું પણ ફરમાવે છે : (ભાષાંતર)

**'... અલ્લાહની રહેમતથી નિરાશ થશો નહીં, ખચીત જ અલ્લાહ બધા ગુના માફ કરી દે છે. ખરેખર તે મહાન માફી આપનાર (અને) મહા દયાવાન છે.'**

ઉપરોક્ત આયતમાં આપણને કદી પણ આશા છોડી ન દેવાનું કહેવામાં આવ્યું છે કેમકે અલ્લાહ આપણને માફ કરી દેશે કારણ કે તે સૌથી મોટો માફ કરનારો અને સૌથી મોટો દયાવાન છે.

- આનો અર્થ એવો થતો નથી કે આપણે ગુના આચર્યે જ જવાના અને પછી માફી માગી લેવાની. વળી પાછા એવા જ ગુના વારંવાર આચરવાના અને દરેક વખતે એવી આશાએ તેની માફી માગી લેવાની કે અલ્લાહ તેને માફ કરી દેશે.
- **અલ્લાહતઆલા આપણને ત્યારે જ માફ કરશે જો આપણે સાચા દિલથી પસ્તાવો કરીએ અને તે ગુનાનું ફરીથી પુનરાવર્તન ન કરીએ.**

આપણા પાંચમા ઈમામ મોહંમદ બાકિર (અ.)એ ફરમાવ્યું છે કે એ માણસ કે જે ગુનાહ કરવાનું સંપૂર્ણપણે ત્યજી દે અને માફી માટે દુઆ માગે તે એવા માણસ જેવો છે કે જેણે એક પણ ગુનો આચર્યો જ નથી. પરંતુ એવો માણસ કે જે ગુનાહ આચરવાનું ચાલુ જ રાખે અને સાથે સાથે તેને માફ કરવાની દુઆ પણ માગે તો તે એવા માણસ જેવો છે કે જે મશ્કરી કરતો હોય છે.

- તેથી જ તો આપણને ગુનાની તૌબા કરવાનું કહેવામાં આવ્યું છે.
- તૌબાનો અર્થ થાય છે પાછા ફરવું. ભૂતકાળના ગુનાઓથી પાછા ફરવું અને ભવિષ્યમાં સચ્ચાઈના રસ્તાને અનુસરવો.
- તૌબા એટલે પોતે આચરેલ ગુનાઓનો સદક દિલથી પસ્તાવો કરવો અને તેવો ગુનો ફરીથી ન આચરવાનો નિર્ણય કરવો.

**તૌબા કરતી વખતે શું કરવું ? :**

- તૌબા કરતી વખતે આપણે :
- ગુનાહની સાચા અર્થમાં દિલગીરી વ્યક્ત કરવી જોઈએ.
- ઈમાનદારીપૂર્વક માફી માગવી જોઈએ અને આપણે જે ગુનો આચર્યો હોય તેના માટે શરમની લાગણી અનુભવવી જોઈએ.
- એવું કાર્ય ફરીથી કદી ન કરવાનું વચન આપવું અને અલ્લાહ તઆલાનાં બધાં ફરમાનોનું પાલન કરવું જોઈએ.
- અલ્લાહની રહેમતની માગણી કરવી જોઈએ કેમકે તે સૌથી મોટો દયાવાન છે.

આપણ બધાને એવું કહેવામાં આવ્યું છે કે

**દર તવક્કુલ કસ્બો જુહદ ઔલાતરસ્ત,**
**તા જૈબે હક શવી ઈં બેહતરસ્ત. -મૌલાના રૂમ**
(કમાવું અને કોશિશ કરવી તે તવક્કુલ(વિશ્વાસ)ના મામલામાં ખૂબ બહેતર છે.
જેથી તું અલ્લાહનો સહારો બની જાય તે બાબત સારી છે.)

**બધાયે માનવીના રાહબરનો કાફલો છે એ,**
**મોહંમદ ને અલીના નેક ઘરનો કાફલો છે એ.**

**ઝમીને કરબલા પર સર કપાવીને એ આવ્યો છે,**
**અંધારી રાતમાં ખયમા જલાવીને એ આવ્યો છે.**

આપણે અલ્લાહ તઆલા સમક્ષ હંમેશાં એવી દુઆ માગવી જોઈએ કે કયામતના દિવસે તે પોતાના અદ્દલથી નહીં પણ પોતાની રહેમતથી આપણો ઈન્સાફ કરે.

- એક માણસ હતો કે જે ખૂબ જ પવિત્ર હતો અને તેને એટલી બધી ખાતરી હતી કે તેણે ભલાઈપૂર્વકનું જીવન પસાર કર્યું છે તેથી તે હંમેશાં અલ્લાહ સમક્ષ એવી દુઆ માગતો હતો કે યા અલ્લાહ ! તું મને તારી રહેમતથી નહીં પરંતુ તારા અદ્દલથી ઈન્સાફ આપજે.

એક રાત્રે તે માણસને એવું સ્વપ્ન આવ્યું કે કયામતનો દિવસ છે અને ન્યાયનું ત્રાજવું લટકાવેલું છે. એક પલ્લામાં તેનાં બધાં જ સારાં કાર્યો મૂકેલાં છે અને બીજા પલ્લામાં માત્ર એક સફરજન જ મૂકેલું છે.

પેલા માણસને એ જોઈને ખૂબ જ નવાઈ લાગી કે તેનાં બધાં જ નેક કાર્યોવાળા પલ્લા કરતાં સફરજનવાળુ પલ્લુ વધારે વજનદાર છે.

પેલા માણસે પૂછયું કે આ પલ્લામાં સફરજન શા માટે મૂકવામાં આવ્યું છે ? તો તેને જવાબ આપવામાં આવ્યો કે એક વખત તે એક દુકાનમાં ગયો હતો અને એક સફરજન ખરીદવાના ઈરાદાથી તેણે તેને ચાખી જોયું હતું કે તે તેને ભાવે તેવું છે કે નહીં. પરંતુ તેણે એવું કરવામાં દુકાન માલિકની પરવાનગી લીધી ન હતી.

એ માણસે અલ્લાહને અદ્દલના આધારે ઈન્સાફ કરવાની દુઆ માગી હતી તેથી એક નાનકડું સફરજન તેનાં બધાં જ નેક કાર્યોની સરખામણીમાં વધારે વજનદાર બની ગયું.

આપણે બધા હંમેશાં એ બાબત યાદ રાખીએ કે અલ્લાહ સૌથી મોટો દયાવાન અને સૌથી મોટો

**પગે સાંકળ ગળે રસ્સી લગાવીને એ આવ્યો છે,**
**ફક્ત એથી ભર્યા ઘરને લૂંટાવીને એ આવ્યો છે.**

# શબ્દ પરિચય

## ગરીબ

**ગરીબ** (غریب) : અરબી શબ્દ (૧) વતનથી દૂર રહેનાર, વિદેશી, પરદેશી (૨) મુસાફર (૩) અજાણ (માણસ) (૪) વિરલ (વસ્તુ), અસામાન્ય (વસ્તુ) (૫) ઘરબાર વિનાનું, નિર્ધન, કંગાળ, દીન, દુઃખી, બાપડું, (૬) શંક, નમ્ર, સાલસ. **ગરીબ**નું બહુવચન : **ગરાઈબ, ગુરબા** થાય. **ગરીબ આઝાર** - દુઃખીઓને રંજાડનાર **ગરીબખાના** - (૧) ગરીબનું ઘર (૨) પોતાનું ઘર (નમ્રતા દર્શાવવા માટે વપરાય છે.) (૩) ઝુંપડુ **ગરીબ ગુરબા** - કંગાળઅને દરિદ્ર લોકો **ગરીબ ઝાદા** - ગરીબનો પુત્ર, વેશ્યાનો પુત્ર **ગરીબ નવાઝ** - (૧) અજાણ્યાઓને આવકાર આપનાર (૨) ગરીબ લોકોને આશ્રય આપનાર (૩) દીન દુઃખી લોકો પ્રત્યે ઉદાર અને માયાળુ (૪) અજમેરના ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તી(રહે.અ.)ની ઉપાધિ. **ગરીબનવાઝી** - દીન દુઃખીઓ અને નિઃસહાય વ્યક્તિઓ પર કૃપાદ્રષ્ટિ કરવી **ગરીબપર્વર** - જુઓ ગરીબનવાઝ **ગરીબુલ વતન, ગરીબુદ્દયાર** - (૧) પ્રવાસી, મુસાફર (૨) પરદેશી (૩) દેશવટો પામેલ (૪) ઘરવિહોણું **ગરીબે શહર** - જેને શહેરમાં કોઈ ઓળખતું ન હોય અને જે મુસાફરની જેમ પડયો રહે તેવો અલિપ્ત (માણસ) **ગરીબાના** - ગરીબાઈવાળુ, દરિદ્રતાપૂર્ણ **ગરીબી** - (૧) મુસાફર કે અજાણ્યા માણસનું) એકલાપણું, અજાણ્યાપણું (૨) નમ્રતા (૩) દરિદ્રતા, દીનતા, કંગાલિયત (૪) એક ખૂબ જ સુંદર કાપડ **શામે ગરીબાં** - ગરીબો (પરદેશીઓ)ની સાંજ.

**હુસૈની કાફલાને સૌનાં ઘર આબાદ કરવાં છે,**
**જગતભરના બધા ઈન્સાનને આઝાદ કરવાં છે.**

માફ કરનાર છે તેથી આપણે હંમેશાં તેને કહેવું જોઈએ કે તું અમને માફ કરી દે. અને આપણે પણ ઈમાનદાર બનવું જોઈએ.

તો ચાલો આપણે આવી દુઆ માગીએ :

'યા અલ્લાહ ! મહેરબાની કરીને અમારા બધાય ગુનાહ માફ કરી દે અને અમે તને એવાં કાર્યો કરવાનું વચન આપીએ છીએ કે જેનાથી તું હંમેશાં રાજી રહે. ! આમીન.' (ક્રમશઃ)

## નુસ્ખા

### ગળુ

* દ્રાક્ષને સારી પેઠે લસોટી ઘી, મધ મેળવી ચાટણ બનાવી જીભ ઉપર ચોપડવાથી જીભ ઉપર કાતરા પડી ગયા હોય તો મટશે.
* લવીંગને જરા શેકી મોંમાં રાખી ચૂસવાથી ગળાનો સોજો મટે છે.
* ભોજન કર્યા પછી મરીનું ચૂર્ણ ઘી સાથે ચાટવાથી અવાજ બેસી ગયો હોય તો ખુલશે.
* સાકરની ગાંગડી મોંમાં રાખી ચૂસવાથી અવાજ બેસી ગયો હોય તો ખુલશે.
* લસણને ખૂબ લસોટી મલમ જેવું કરી કપડા પર લગાડી પટ્ટી બનાવી કંઠમાળ જેવી ગળાની ગાંઠ પર લગાડવાથી ગળાની ગાંઠ મટે છે.
* કંઠમાળ પર જવના લોટમાં લીલી કોથમીરનો રસ મેળવીને રોજ લગાડવાથી કંઠમાળ મટે છે.
* કાંદાનું કચુંબર, જીરૂ અને સિંધવ નાખી ખાવાથી ગળુ સાફ રહે છે. કફની ખરેટી બાઝતી નથી.
* તાજી મોળી છાશ પીવાથી મોંનાં ચાંદાં મટે છે.
* તુલસીનાં પાન ચાવવાથી તથા તુલસીના પાનના ઉકાળાથી કોગળા કરવાથી મોંની દુર્ગંધ મટે છે.

## General Knowledge Corner 123

**(૧) 'બેથલહેમ' એ શું છે ?**

(A) ખ્રિસ્તીઓનું ધાર્મિક સ્થળ

(B) પોપનું નિવાસસ્થાન

(C) ઈસુ ખ્રિસ્તનું જન્મ સ્થાન

**(૨) ગાંધીજી માટેનું કારાગૃહ ગણાતો 'અઝાખાન મહેલ' મહારાષ્ટ્રના કયા સ્થળે આવેલો છે.'**

(A) મુંબઈ (B) પૂના (C) નાગપુર

**(૩) મોગલ સમ્રાટ બાબર પછી દિલ્હીના તખ્ત પર કોણ મોગલ સમ્રાટ બન્યો હતો?**

(A) હુમાયુ (B) ઔરંગઝેબ

(C) બહેરામખાન

**(૪) મહારાષ્ટ્ર રાજ્યનો સ્થાપના દિન કયો છે ?**

(A) ૧ લી જુન (B) ૧ લી ડિસેમ્બર

(C) ૧ લી મે

**(૫) 'લાયકોપેન' એ કયા પ્રકારનું પોષક તત્વ છે ?**

(A) માયક્રોમિનેરલ્સ

(B) બી-કોમ્પ્લેક્ષ

(C) કારટેનોઈડ એન્ટી ઓકસીડેંટ્સ

**(૬) રોમન લિપિમાં અંગ્રેજી વ્યંજન 'M' એટલે કેટલી સંખ્યા થાય ?**

(A) ૧૦૦ (B) ૧૦૦૦

(C) ૫૦૦

**(૭) કમ્પ્યૂટરના બધા જ વિભાગોનું નિયંત્રણ કયા વિભાગ દ્વારા થાય છે ?**

(A) સી.પી.યુ.

(B) મોનીટર

(C) કી-બોર્ડ

# આપણા ઘરની વાતો

● **કિશોરગઢ મુકામે ચિંતન શિબિર અને મુશાયરો :**

શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા દ્વારા કિશોરગઢ મુકામે સામાજિક અને શૈક્ષણિક ચિંતન શિબિર અને મુશાયરાનું તા.૧૨-૧૧-૨૦૧૧ને શનિવારના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. સદર ચિંતન શિબિરમાં આમંત્રિત મહેમાનો તરીકે પ્રખ્યાત ગુજરાતી ગઝલકાર જનાબ મુસાફિર પાલનપુરી, શિક્ષણવિદ્શ્રી ભરતસિંહ ચૌહાણ, એ.વી.એમ.ના પ્રમુખ જનાબ એ.ડી.મોમિન, પ્રોફેસર જનાબ એ.ટી.સિંધી, સામાજિક કાર્યકર શ્રી કનુભાઈ રાવલ, મુખી આગેવાનો, મંડળના સભ્યો તથા મોમિન ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

સદર ચિંતન શિબિરની શરૂઆત તિલાવતે કલામે પાક અને દુરૂદ શરીફથી કરવામાં આવી હતી. ત્યાર બાદ શ્રી ભરતસિંહ ચૌહાણે પોતાની આગવી શૈલીમાં પ્રસંગને અનુરૂપ સુંદર વકતવ્ય આપ્યું હતું. અને જનાબ મુસાફિર પાલનપુરીએ શાયરીના રસાસ્વાદ સાથે સમાજની ઉન્નતિ પર પ્રકાશ પાડયો હતો. ત્યાર પછી જનાબ એ.ટી.સિંધીએ ઈસ્લામના દાયરામાં રહી શિક્ષણ મેળવવા અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને જનાબ એ.ડી. મોમિને રૂહાની રહેબરની હિદાયતને લક્ષમાં રાખી સામાજિક અને શૈક્ષણિક વિકાસ સાધવા અંગે ચિંતન સભર વકતવ્ય આપ્યું હતું.

આ ચિંતન શિબિરમાં અંતે ઉપસ્થિત મોમિનોના પ્રતિભાવ મેળવ્યા બાદ ફાતેહાખ્વાની સાથે કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.


અત્રે ઉલ્લેખનીય છે કે કાર્યક્રમને સફળ બનાવવા માટે કિશોરગઢ ગામ જમાતે ખૂબ જ ઉમદા સહકાર આપ્યો હતો અને મહેમાનો માટે ચા-નાસ્તાની સુંદર વ્યવસ્થા પૂરી પાડી હતી. જે બદલ શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા કિશોરગઢ ગામ જમાતનો અંતઃકરણ પૂર્વક આભાર વ્યકત કરે છે.

● **સુરપુર મુકામે મહેર લાયબ્રેરી દ્વારા યોજાયેલ કવીઝ કોમ્પિટીશન સ્પર્ધા :**

**ટુ ફેઈથ વિલેજ એજયુકેશન કમિટી** દ્વારા દર વર્ષે ક્વીઝ કોમ્પિટીશનનું આયોજન કરવામાં આવે છે. આ સ્પર્ધાના એક ભાગ સ્વરૂપે આ વર્ષે લેખિત પરીક્ષાનું એક કેન્દ્ર **ઈલોલ નવયુગ પ્રાથમિક શાળા**માં રાખવામાં આવ્યું હતું. આ લેખિત પરીક્ષા દરમિયાન સુરપુર ગામના ઉત્સાહી ભાઈઓ પણ ઉપસ્થિત હતા. પરીક્ષાનો માહોલ તથા પરીક્ષાર્થીઓનો અતિ ઉત્સાહ તથા થનગનાટથી પ્રભાવિત થઈને સુરપુર ગામના ઉપસ્થિત આ ઉત્સાહી ભાઈઓએ **શીઆહ જાફરી મશાયખી વિકાસ મંડળ, સાબરકાંઠા દ્વારા મહેફિલે ઈલ્મીયા કવીઝ કોમ્પિટીશન**નું આયોજન કરતા ભાઈઓનો સંપર્ક કરી **મુ.તા. ૧૮, ઝિલહજ**ની રાત્રે ક્વીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. **તા. ૧૧-૧૧-૨૦૧૧, શુક્રવાર**ની રાત્રે લેખિત પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં એક ટીમમાં ૩ સભ્યો હતા અને આવી **કુલ ૬૦** ટીમોએ ભાગ લીધો હતો. આ લેખિત પરીક્ષામાં પરીક્ષાર્થીઓએ પૂરી નિખાલસતાથી પેપર લખ્યા હતા. આવી નિખાલસતા જોઈ આયોજકો પ્રભાવિત થઈ ગયા હતા. ઈદે ગદીરની મજલિસ બાદ રાત્રે ૮:૩૦ કલાકે આ કવીઝની શરૂઆત થઈ હતી. જેમા પાંચ વિજેતા ટીમોની જાહેરાત સાંભળવા માટે મોમિન ભાઈ બહેનોના ચહેરા પર તાલાવેલી જોવા મળી હતી. ૬૦ ટીમોમાંથી પ્રથમ પાંચ ટીમો આ મુજબ હતી.

**પંજેતની ટીમ :** (૧) ભોવણીયા મંજુરઅલી એસ. (૨) ખણુશિયા ફતેઅલી એસ. (૩) સુરપુરા મકબુલઅલી એમ. **મોહંમદી ટીમ :** (૧) ભોવણીયા મહેંદીઅલી જી. (૨) મસી આબીદઅલી વી. (૩) ભોવણીયા મોહસિનઅલી એમ. **હૈદરી ટીમ :** (૧) ખણુશિયા અકબરઅલી એ. (૨) ભોવણીયા અહેમદઅબ્બાસ આઈ. (૩) ભોવણીયા હસનઅલી કે. **હુસૈની ટીમ :** (૧) પરબડીયા સાકેરાબેન એચ. (૨) પરબડીયા કનીઝઝહેરા એમ. (૩) પરબડીયા કનીઝફાતમા એચ. **જાફરી ટીમ :** (૧) ખણુશિયા ફિઝઝાબેન એ. (૨) સુરપુરા સાકેરાબેન કે. (૩) ખણુશિયા અકબરઅલી બી.

આ સ્પર્ધામાં કુલ છ રાઉન્ડ હતા દરેક રાઉન્ડમાં સતત વધુને વધુ નવીનતા જોવા મળતી હતી. વાતાવરણમાં રહેલો સન્નાટો દર્શાવતો હતો કે મોમિનો ભારે રસપૂર્વક આ સ્પર્ધાનો લ્હાવો માણી રહ્યા છે. છેલ્લા ત્રણ રાઉન્ડમાં પ્રોજેક્ટર દ્વારા વીડીઓ ક્લીપ જોઈને સમય મર્યાદામાં નેગેટીવ ગુણના જોખમે જવાબ આપવાના હતાં. આ ક્લીપમાં આધુનિકતાની ઝલક જોવા મળતી હતી. લગભગ અઢી કલાકના આ કાર્યક્રમ દરિમયાન પ્રેક્ષક મિત્રોએ શિસ્ત અને સંયમપૂર્વક રીતે જોવાનો ભરપૂર આનંદ માણ્યો હતો. સ્પર્ધાના અંતે સૌથી વધુ સ્કોર કરનાર **હૈદરી ટીમ** વિજેતા થઈ હતી. આ સ્પર્ધામાં મુખ્ય વિશેષતા એ હતી કે **મો.ફિઝઝાબેન ખણુશિયા** કે જેમની ઉંમર આશરે ૫૫ વર્ષની હતી તેમ છતાં તેઓ ખૂબજ સરસ રીતે જવાબ આપતા જોઈને સૌ મોમિનો ખુશ થઈ ગયા હતા. આ સ્પર્ધાના અંતમાં **મહેર લાઈબ્રેરી** દ્વારા દરેક ભાગ લેનાર સ્પર્ધકોને ઈનામ આપવામાં આવ્યાં હતાં.



● **ઈન્નાલિલ્લાહે... :**


સુરપુર નિવાસી **મર્હુમ મો.ઈસ્માઈલભાઈ વલીભાઈ પરબડીયા** મુ.તા.૨૦, ઝિલકાદ-૧૪૩૨, તા.૧૯-૧૦-૨૦૧૧ને બુધવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે માયાળુ, અને પીરો મુરશિદના ચાહક હતા. તેઓ પાંચ ટાઈમની નમાઝના પાબંદ અને આશિકે હુસૈન(અ.) હતા. ---➔



←--- શેરપુરા નિવાસી **મર્હૂમા મો.મરીયમબેન યુસૂફભાઈ અઘારીયા** મુ.તા.૨, શવ્વાલ-૧૪૩૨, તા.૧-૯-૨૦૧૧ને ગુરૂવારના રોજ ૭૨ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે નિખાલસ, નેક દિલ, ઈમાનદાર તથા એહલેબયત(અ.)નાં ચાહક હતાં.



ગણેશપુરા નિવાસી **મર્હૂમ મો.સાજીદઅલી આબિદઅલી ખણુશીયા** મુ.તા.૧૮, શવ્વાલ-૧૪૩૨, તા.૧૭-૯-૨૦૧૧ને શનિવારના રોજ ૨૦ વર્ષની યુવાન વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે નિખાલસ, નેક દિલ અને આશિકે હુસૈન(અ.) તથા એહલેબયત(અ.)ના ચાહક હતા. ---➔



←--- શેખપુર નિવાસી **મર્હૂમ મો.મોલ્વી ઈસ્માઈલભાઈ ઈબ્રાહીમભાઈ** મુ.તા.૨૭, ઝિલકાદ-૧૪૩૨, તા.૨૬-૧૦-૨૦૧૧ને બુધવારના રોજ ૬૪ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ મોહંમદ વ આલે મોહંમદ(સ.) તથા પીરો મુરશિદના ચાહક હતા. તેઓ સ્વભાવે પ્રેમાળ, મિલનસાર અને મહેમાન નવાઝ હતા. તેઓ ધાર્મિક કામમાં અગ્રેસર રહેતા હતા. ગામમાં કોઈ પણ મોમિનની

મૈયત થઈ હોય તો તેઓ ગુસલ અને કબરના કામકાજમાં અગ્રેસર રહેતા હતા. તેમણે શેખપુર ગામમાં ૫-૬ વર્ષ સુધી મોલ્વી તરીકે ફરજ બજાવેલ હતી.



ઈલોલ તલાવ નિવાસી **મર્હૂમ મો.અબ્બાસઅલી વજીરઅલી હજુર** મુ.તા.૧૫, ઝિલકાદ-૧૪૩૨, તા.૧૪-૧૦-૨૦૧૧ને શુક્રવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. ---➜




🡐--- હરિપુરા ઉર્ફે ઝહીરગઢ નિવાસી **મર્હૂમા મો.હાજીયાણી રસુલબેન અબ્દુલભાઈ ખણુશિયા** મુ.તા.૧૫, ઝિલકાદ-૧૪૩૨, તા.૧૪-૧૦-૨૦૧૧ને શુક્રવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા નેક દિલ, સખી અને ઈબાદતગુઝાર હતાં. તેઓ એહલેબયત(અ.)ને પડેલી મુસીબતોને ધ્યાનમાં રાખી સમગ્ર જીવન સાદગીભર્યું જીવ્યાં હતાં.



મહેરપુરા-મજાદર નિવાસી **મર્હૂમ મો.ઈસ્માઈલભાઈ રહીમભાઈ મહેતા** મુ.તા.૧૧, ઝિલકાદ-૧૪૩૨, તા.૧૦-૧૦-૨૦૧૧ને સોમવારના રોજ અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. ---➜



🡐--- બાદરપુર નિવાસી **મર્હૂમ મો.સાવદીભાઈ રસુલભાઈ ધરખડ** મુ.તા.૨૯, શવ્વાલ-૧૪૩૨, તા.૨૮-૯-૨૦૧૧ને બુધવારના રોજ ૮૧ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ મોહંમદ વ આલે મોહંમદ(સ.) તથા પીરો મુરશિદના ચાહક હતા. તેઓ સ્વભાવે નમ્ર, મિલનસાર, નેક, ઈમાનદાર, શાંત, હસમુખા અને વિવેકી હતા.



મેતા નિવાસી **મર્હૂમ મો.રહીમભાઈ શરીફભાઈ સુણસરા** મુ.તા.૨૩, ઝિલકાદ-૧૪૩૨, તા.૨૨-૧૦-૨૦૧૧ને શનિવારના રોજ ૭૮ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે નેક, ઈમાનદાર, દયાળુ, સહનશીલ તથા પીરો મુરશિદના ચાહક હતા. ---➜



🡐--- બાદરગઢ નિવાસી **મર્હૂમ મો.જલાલભાઈ ડોસનભાઈ નાંદોલીયા** મુ.તા.૧૪, ઝિલહજ-૧૪૩૨, તા.૧૧-૧૧-૨૦૧૧ને શુક્રવારના રોજ ૮૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યા છે. મર્હૂમ સ્વભાવે હસમુખા તથા માયાળુ હતા. તેઓ સમાજમાં તેમજ ઈતરકોમમાં 'બાપુ'ના હુલામણા નામથી ઓળખાતા હતા. તેઓ મોહંમદ વ આલે મોહંમદ અને પીરો મુરશિદના ચાહક હતા.



મેતા નિવાસી **મર્હૂમા મરીયમબેન નશીરભાઈ સુણસરા** મુ.તા.૨૫, રમઝાન-૧૪૩૨, તા.૨૬-૮-૨૦૧૧ને શુક્રવારના રોજ આશરે ૮૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે. મર્હૂમા સ્વભાવે શાંત, ભોળાં, માયાળુ, નેક દિલ, દયાળુ અને પીરો મુરશિદનાં તેમજ એહલેબયત(અ.)નાં ચાહક હતાં. મર્હૂમા હજ-ઝિયારતથી પણ મુશર્રફ થયેલાં હતાં. ---➜

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહેમત કરે અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૧/- મો.ફિરોઝહુસૈન કાસિમભાઈ (કઠોર) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા મર્હૂમ કાસિમભાઈની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.મર્હૂમ ઈસ્માઈલભાઈ વલીભાઈ પરબડીયા(સુરપુર)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી

**રૂા.૫૩૦/- મો.મર્હૂમા મરીયમબેન યુસુફભાઈ અધારીયા(શેરપુરા)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી**

રૂા.૫૦/- મો. મર્હૂમ અબ્બાસઅલી વજીરઅલી હજુર(ઈલોલ તલાવ)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી

**મર્હૂમ મો. મોલ્વી ઈસ્માઈલભાઈ ઈબ્રાહીમભાઈ(શેખપુર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૨૫૧/- મો. મહંમદહુસૈન ઈસ્માઈલભાઈ મોલ્વીના પરિવારજનો તરફથી
રૂા.૧૦૧/- મો. મહંમદઅલી હબીબભાઈ
રૂા.૫૧/- મો. અબ્બાસભાઈ હબીબભાઈ
રૂા.૫૧/- મો.કમરઅલી હબીબભાઈ
રૂા.૫૦/- મો.મર્હૂમ નસીરભાઈ અલાદભાઈ
રૂા.૫૧/- મો.તાહેરઅલી ગુલામભાઈ માણસીયા
રૂા.૫૧/- મો.રસુલબેન તાહેરઅલી માણસીયા
રૂા.૫૧/- મો.હસનઅલી રહીમભાઈ મોલ્વી
રૂા.૫૧/- મો.હુસૈનાબાનું હસનઅલી મોલ્વી
રૂા.૫૧/- મો.ઈમદાદઅલી વજીરભાઈ
રૂા.૫૧/- મો.આબેદાબેન ઈમદાદઅલી
રૂા.૫૧/- મો.મંજુરહુસૈન હબીબભાઈ
રૂા.૫૧/- મો.હસનઅબ્બાસ હબીબભાઈ
રૂા.૫૧/- મો.આબીદઅલી હબીબભાઈ
રૂા.૫૦/- મો.રહીમભાઈ અલાદભાઈ મોલ્વી
રૂા.૫૦/- મો.સુગરાબેન રહીમભાઈ મોલ્વી

રૂા.૧૦૦/- મો.મર્હૂમ જલાલભાઈ ડોસનભાઈ નાંદોલીયા(બાદરગઢ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

**મર્હૂમ મો. સાવદીભાઈ રસુલભાઈ ઘરખડ(બાદરપુર)ની રૂહના સવાબ અર્થે તેમના કુટુંબીજનો તરફથી મળેલ ડોનેશન**

રૂા.૨૫૧/- મો. અમીનાબેન સાવદીભાઈ ઘરખડ
રૂા.૧૦૧/- મો.ગુલામમહંમદ સાવદીભાઈ ઘરખડ
રૂા.૧૦૧/- મો.હુસૈનાબેન ગુલામમહંમદ ઘરખડ
રૂા.૫૧/- મો.આબેદાફાતમા ગુલામમહંમદ ઘરખડ
રૂા.૫૧/- મો. આબિદહુસૈન ગુલામમહંમદ ધરખડ
રૂા.૫૧/- મો.રૂકૈયાફાતમા ગુલામમહંમદ ધરખડ
રૂા.૫૧/- મો.હુરીબેન દાઉદભાઈ ઘરખડ
રૂા.૧૦૧/- મો.ઈબ્રાહીમભાઈ દાઉદભાઈ ઘરખડ
રૂા.૧૦૧/- મો.અમીનાબેન ઈબ્રાહીમભાઈ ઘરખડ
રૂા.૫૧/- મો.શબ્બીરઅલી ઈબ્રાહીમભાઈ ઘરખડ
રૂા.૧૦૧/- મો.અબ્બાસઅલી ગુલામભાઈ ઘરખડ
રૂા.૫૧/- મો.અમીનાબેન દાઉદભાઈ મસી
રૂા.૫૧/- મો.અવલીબેન હબીબભાઈ ઢાબરા
રૂા.૧૦૧/- મો.કમ્મરભાઈ કરીમભાઈ ઢાબરા
રૂા.૧૦૧/- મો. કુલસુમબેન કમ્મરભાઈ ઢાબરા
રૂા.૫૧/- મો.હૈદરઅલી કમ્મરભાઈ ઢાબરા
રૂા.૧૦૧/- મો.નજરભાઈ રસુલભાઈ કલુસીયા
રૂા.૧૦૧/- મો.સુગરાબેન નજરભાઈ કલુસીયા
રૂા.૫૧/- મો.મહેંદીઅલી નજરભાઈ કલુસીયા
રૂા.૫૧/- મો.વારીસઅલી નજરભાઈ કલુસીયા
રૂા.૫૧/- મો.સાકેરાબેન મહેંદીભાઈ કલુસીયા
રૂા.૫૧/- મો.મોહંમદસાકીર સુલેમાનભાઈ કલુસીયા
રૂા.૫૧/- મો.આબિદઅલી સુલેમાનભાઈ બટ્ટી
રૂા.૫૧/- મો.સમીમબેન આબિદઅલી બટ્ટી
રૂા.૧૦૧/- મો.હૈદરભાઈ નશીરભાઈ કરમુલા
રૂા.૧૦૧/- મો.સકીનાબેન હૈદરભાઈ કરમુલા
રૂા.૫૧/- મો.સાબિરહુસૈન હૈદરભાઈ કરમુલા
રૂા.૧૦૧/- મો.આબિદભાઈ રસુલભાઈ શાહુ
રૂા.૧૦૧/- મો. શીરીનબેન રસુલભાઈ શાહુ

રૂા.૫૧/- મો.મહેંદીહુસૈન આબિદભાઈ શાહુ
રૂા.૫૧/- મો.કનીઝફાતમા આબિદભાઈ શાહુ
રૂા.૫૧/- મો.અઝમતફાતમા આબિદભાઈ શાહુ
રૂા.૧૦૧/- મો.અનવરભાઈ ઈસ્માઈલભાઈ ગોરા
રૂા.૧૦૧/- મો.હુસૈનાબેન અનવરભાઈ ગોરા
રૂા.૫૧/- મો.સજ્જાદહુસૈન અનવરભાઈ ગોરા
રૂા.૧૦૧/- મો.આબિદભાઈ ગુલામભાઈ ભગત
રૂા.૧૦૧/- મો.તાહેરાબેન આબિદભાઈ ભગત
રૂા.૫૧/- મો.મોહંમદહુસૈન આબિદભાઈ ભગત
રૂા.૫૧/- મો.સાબેરાફાતમા આબિદભાઈ ભગત
રૂા.૫૧/- મો.ફઝલફાતમા આબિદભાઈ ભગત
રૂા.૧૦૧/- મો.આબિદભાઈ ઈસુબભાઈ રાબડી
રૂા.૫૧/- મો.મુખ્તારઅલી આબિદભાઈ રાબડી

રૂા.૫૦/- મો.કનીઝફાતમા શબ્બીરઅલી સુણસરા (મજાદર) તરફથી પી.જી. ડીપ્લોમા ઈન. કોમ્પ્યુ. સાયન્સ એન્ડ એપ્લીકેશનમાં ૭૮ % મેળવી પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૧/- મો.હુસૈનમોહંમદ ગુલામઅબ્બાસ મોમિન (વસો) તરફથી તેમની દીકરી ઝાકેરાફાતમાના જન્મની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૧/- મો. મંજૂરઅલી વલીભાઈ રાબડી (બાદરપુર) તરફથી તેમના પુત્ર કાસમઅલી અને પુત્રી બશારતફાતમાએ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૧/- મો.મર્હૂમ હાજી ગુલામઅલી ફતેભાઈની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૧/- મો.હુસૈનમોહંમદ (કઠોર) તરફથી માહે રમઝાનનો રોઝો રાખ્યો તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૫૧/- મો.મહંમદઅલી (સાથળ) તરફથી તેમના પુત્ર મંજૂરઅલીના જન્મની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦/- મો.અબ્બાસઅલી ઈસ્માઈલભાઈ પલસાણીયા તરફથી તેઓ એસ.એસ.સી.માં પાસ થયા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.ઈસ્માઈલભાઈ ખાંનજીભાઈ બલોસપુરા(ઈલોલ પહાડીયા) તરફથી તેમના ભાણા અકબરઅહેમદના જન્મની ખુશાલી પ્રસંગે.

**મર્હૂમા મો.મરીયમબેન નશીરભાઈ સુણસરા (મેતા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન**

રૂા.૨૦૦/- મો.ફાતમાબેન નશીરભાઈ સુણસરા
રૂા.૧૦૦/- મો.કુલસુમબેન યુસુફભાઈ બાળવા
રૂા.૧૦૦/- મો.સકીનાબેન ઈસ્માઈલભાઈ મોકણોજીયા
રૂા.૧૦૦/- મો.રૂકૈયાબેન ગુલામહુસૈન શેલીયા
રૂા.૧૦૦/- મો.હુસૈનાબેન ગુલામમોહંમદ પટેલ
રૂા.૫૦/- મો.મકબુલફાતેમા ગુલામમોહંમદ પટેલ
રૂા.૫૦/- મો.સિરાજમોહંમદ ગુલામમોહંમદ પટેલ
રૂા.૫૦/- મો.હુસૈનાબેન ઈસ્માઈલભાઈ મોકણોજીયા
રૂા.૫૦/- મો.મહેમૂદાબેન ઈસ્માઈલભાઈ મોકણોજીયા
રૂા.૫૦/- મો.સાબેરાબેન ઈસ્માઈલભાઈ મોકણોજીયા
રૂા.૫૦/- મો.નજમાબેન ઈસ્માઈલભાઈ મોકણોજીયા
રૂા.૫૦/- મો.તાહેરાબેન ઈસ્માઈલભાઈ મોકણોજીયા
રૂા.૫૦/- મો.મોહંમદહુસૈન ઈસ્માઈલભાઈ મોકણોજીયા
રૂા.૫૦/- મો.નજમાબેન ગુલામમોહંમદ શેલીયા
રૂા.૫૦/- મો.અખ્લાકએહમદ ગુલામમોહંમદ શેલીયા
રૂા.૫૦/- મો.આબિદઅલી શબ્બીરઅલી સુણસરા
રૂા.૫૦/- મો.હસનઅબ્બાસ ભાણેજ
રૂા.૫૦/- મો.અકબરહુસૈન ભાણેજ
રૂા.૫૦/- મો.શબ્બીરહસન ભાણેજ

**મર્હૂમ મો.રહીમભાઈ શરીફભાઈ સુણસરા (મેતા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦/- મો.નૂરઅલી રહીમભાઈ સુણસરા
રૂા.૫૦/- મો.સુગરાબેન નૂરઅલી સુણસરા
રૂા.૧૦૦/- મો.તાહેરઅલી રહીમભાઈ સુણસરા
રૂા.૫૦/- મો.ઝેહરાબેન તાહેરઅલી સુણસરા
રૂા.૧૦૦/- મો.અકબરઅલી રહીમભાઈ સુણસરા
રૂા.૫૦/- મો.હુસૈનાબેન અકબરઅલી સુણસરા
રૂા.૧૦૦/- મો.કુલસુમબેન રહીમભાઈ કડીવાલ
રૂા.૧૦૦/- મો.અમીનાબેન ગુલામહૈદર જગરાળા
રૂા.૧૦૦/- મો.સુગરાબેન માસૂમ મોળપીયા
રૂા.૧૦૦/- મો.નજમાબેન આબિદહુસૈન કડીવાલ
રૂા.૫૦/- મો.મરૂબેન અલીજી માંકણોજીયા
રૂા.૫૦/- મો.જનુબેન શરીફભાઈ આંબલીયાસણા
રૂા.૫૦/- મો.સુગરાબેન હૈદરઅલી શેલીયા
રૂા.૫૦/- મો.તાહેરાબેન મોહંમદ આંબલીયાસણા

રૂા.૧૫૦/- મો.મર્હૂમ સુલેમાન શરીફભાઈ સુણસરાના પરિવાર તરફથી

**મો.મર્હૂમ ઈસ્માઈલભાઈ રહીમભાઈ મહેતા (મહેરપુરા-મજાદર)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૦/- મો.શબ્બીરઅલી ગુલામહુસૈન સુણસરા મુખી
રૂા.૨૫૦/- મો.જેતુનબેન ઈસ્માઈલભાઈ મહેતા
રૂા.૧૦૦/- મો.અકબરઅલી ઈસ્માઈલભાઈ મહેતા
રૂા.૧૦૦/- મો.મહેંદીહસન ઈસ્માઈલભાઈ મહેતા
રૂા.૧૦૦/- મો.હસીનાબાનુ મહેંદીહસન મહેતા
રૂા.૧૦૦/- મો.શબ્બીરહસન અકબરઅલી મહેતા
રૂા.૫૦/- મો.અસગરઅલી રહીમભાઈ સુણસરા
રૂા.૫૦/- મો.ફાતેમાબેન અસગરઅલી સુણસરા
રૂા.૨૫/- મો.મંજુરહુસૈન અસગરઅલી સુણસરા
રૂા.૨૫/- મો.કનીજફાતેમા અસગરઅલી સુણસરા

**રૂા.૫૦૦/- મો.હાજી રૂશેદઅલી હાજી ગુલામઅલી ચોતરાવાલા(વસો-લંડન) તરફથી પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન બાવા(રહે.) તથા જનાબા સૈયદા ઈતરતફાતેમા બેગમ સાહેબાની રૂહના સવાબ અર્થે.**

**રૂા.૫૦૦/- મો.હાજી રૂશેદઅલી હાજી ગુલામઅલી ચોતરાવાલા(વસો-લંડન) તરફથી મર્હૂમ હાજી ગુલામઅલી હાજી રસૂલભાઈ ચોતરાવાલા, મર્હૂમા હાજીયાણી અલારખીબેન હાજી ગુલામઅલી, મર્હૂમ હાજી મૈસમઅલી હાજી ગુલામઅલી ચોતરાવાલા, મર્હૂમ હાજી ગુલામહુસૈન ફતેભાઈ અલીજી તથા મર્હૂમા મરીયમબેન ગુલામહુસૈન ગાંધીની રૂહના સવાબ અર્થે.**

રૂા.૧૦૦/- મો.હાજી રૂશેદઅલી હાજી ગુલામઅલી ચોતરાવાલા(વસો-લંડન) તરફથી જાફરી આવાઝ(માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૧૦૦/- મો.રહેમતફાતેમા અસગરઅલી મોમિન(પેટલાદ) તરફથી તેમણે માહે રમઝાનુલ મુબારકના રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.


## રહેમત સેલ્સ

અમદાવાદ સીટી, રીંગ રોડ, સાણંદ, રાજસ્થાન એરીયા તેમજ સમી, હારીજ, શંખેશ્વર, મહેસાણા જિલ્લાના ગામોમાં જમીન લે-વેચ માટે મળો.

**નોંધ :** હોટલ માટે જમીન તથા ચાલુ હાલતમાં હોટલ આપવા-લેવા માટે મળો.

**અબ્બાસઅલી એન. હીરા(બાદરપુરવાળા)**
મોબાઈલ : ૯૯૦૪૧૫૧૧૪૭



**પ્રો. જી. કે. સુણસરા (સેવાણીવાળા)**

## બેસ્ટ રેડીમેડ ક્લોથ એન્ડ ટેલર્સ

**● રેડીમેડ ●**
*** જીન્સ * ટી.શર્ટ * શોર્ટ શર્ટ * સ્લીમ શર્ટ * કારગો * ઝભ્ભા-લેંઘા * ટ્રાઉઝર્સ * નાઈટ ડ્રેસ વિગેરે.**

**● કલોથ ●**
**શુટીંગ તથા શર્ટીંગ**

**● ટેલર્સ ●**
**પેન્ટ, શર્ટ, શુટ, સફારી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.**

**૧૨, આશિષ શોપીંગ સેન્ટર, જાફરીબાગ, સિધ્ધપુર.**
**ફોન : (૦૨૭૬૭) (દુ.) ૨૨૨૪૪૦ (ઘર) ૨૮૪૪૪૦**